# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 205 ■ વિક્રમ સંવત ૨૦૮૨

શ્રાવણ વદ -૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 August 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૯ ઑગસ્ટ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



વીકઍન્ડ પૂર્તિ ૫ ૬ ૭



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# નેપાળમાં ૩૦૦થી વધુ ભારતીયોની ભાળ નથી મળતી


the ultimate OLD GOLD UPGRADE

TODAY'S GOLD RATE ₹ 14,598/- PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY

DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


**વીતી રહેલા સમયની સાથે ગુમ લોકોની બચવાની સંભાવના ઘટતી જાય છેઃ ફરી પૂરના ખતરાથી લોકોમાં ભારે ફફડાટ**

કાઠમંડુઃ મધ્ય નેપાળમાં મહાવિનાશી પૂરથી મૃત્યુઆંક શુક્રવારે ૫૮૭ પર પહોંચી ગયો છે બચાવ અને રાહત કામગીરી થોડો સમય માટે શુક્રવારે બીજા પૂરનાં ખતરાને લીધે અટકાવી દેવાઈ હતી. જોકે નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીઆરઆરએમએ) એ જણાવ્યું હતું કે વિનાશક પૂરનાં ઉગમસ્થળે પાણીનાં સ્તરમાં વધારો થવાથી વિસ્તારમાં બીજા પૂરનું જોખમ વધ્યું છે. જોકે પછીથી બચાવ અને રાહત કામગીરી ફરી શરૂ કરાઈ હતી. હજી પણ ૩૦૦થી વધુ ભારતીયો સહિત ૧,૦૦ જેટલા લોકો ગુમ છે અને તેમના પરિવારજનોની ચિંતા સતત વધી રહી છે કારણ કે વીતતા સમયની સાથે પૂરના પ્રકોપથી કોઈના બચવાની સંભાવના ઓછી થતી જાય છે.

આ ચેતવણી બુધવારે રસુવા અને મધ્ય નેપાળના અન્ય ભાગોમાં બુધવારે આવેલા અચાનક પૂર બાદ જાહેર કરવામાં આવી છે. આ પૂરમાં સેંકડો લોકો માર્યા ગયા હતા અને ઘરો, રસ્તાઓ, પુલો અને હાઇડ્રોપાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન થયું હતું. એનડીઆરઆરએમએએ એ શોધ અને બચાવ કામગીરીમાં સામેલ લોકોને તેમજ વિવિધ કારણોસર ભોટેકોશી અને ત્રિશુલી વિસ્તારોમાં રહેતા લોકોને ખૂબ જ સતર્ક રહેવા અને જો તેઓને કોઈ જોખમનો સામનો


(જુઓ પાનું ૨) ▶▶


# સોનિયાની આત્મકથા ફસાઈ મોટા વિવાદમાં

**કૉંગ્રેસી નેતાએ પુસ્તકમાં ફેરફાર કરવાની ના પાડતા પ્રકાશકે પીછેહઠ કર્યાના આક્ષેપોઃ જોકે પોતે પ્રકાશક ન હોવાની પેંગ્વિન ઇન્ડિયાની સ્પષ્ટતાઃ અભિવ્યક્તિ સ્વતંત્રતાની હત્યાના આરોપ સાથે કૉંગ્રેસે ટીકા કરી**

નવી દિલ્હીઃ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ શુક્રવારે આરોપ લગાવ્યો હતો કે સોનિયા ગાંધીની આત્મકથા ''બિલોન્ગિંગઃ અ જર્ની ઓફ લવ ગાંધી'ના ભારતમાં પ્રકાશનને રોકવા માટે પ્રકાશક પર અયોગ્ય દબાણ લાવવામાં આવ્યું છે. પાર્ટીના નેતાઓનો દાવો કર્યો હતો કે પુસ્તકમાંથી સંવેદનશીલ રાજકીય જાણકારીને હટાવવાનો ઇનકાર કર્યા બાદ પ્રકાશકે પીછેહઠ કરી હતી જે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સીધો હુમલો છે. બીજી તરફ, પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયાએ શુક્રવારે એવી સ્પષ્ટતા કરી હતી કે, કોંગ્રેસ સંસદીય દળનાં વડાં સોનિયા ગાંધીની આત્મકથા 'બિલોન્ગિંગઃ અ જર્ની ઓફ લવ'નું ભારતમાં પ્રકાશન કંપની દ્વારા નથી કરવામાં આવ્યું.

પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાનું આ નિવેદન અમેરિકાના પ્રકાશક આલ્ફ્રેડ અ. નોફ દ્વારા એ જાહેરાત કર્યાના કેટલાક સપ્તાહ બાદ આપ્યું હતું કે પુસ્તક ૧૦ નવેમ્બરના રોજ પ્રકાશિત થશે. આલ્ફ્રેડ અ. નોફ, પેંગ્વિન રેન્ડમ હાઉસની


(જુઓ પાનું ૨) ▶▶


# અમેરિકા પાસેથી જેવલિન ઍન્ટિ-ટૅન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ ભારત ખરીદશે

નવી દિલ્હીઃ ભારતે ભારતીય લશ્કરની લડાયક શક્તિને મજબૂત બનાવવા માટે જેવલિન ઍન્ટિ-ટૅન્ક ગાઇડેડ મિસાઇલ સિસ્ટમ ખરીદવા માટે અમેરિકા સાથે કરાર કર્યો છે.

અમેરિકાના એમ્બેસેડર સર્જિયો ગોરે જણાવ્યું હતું કે આ કરાર દ્વિપક્ષી સંરક્ષણ ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે જે વધુ સક્ષમ અને વધુ પરિણામલક્ષી બની રહી છે.

ભારત કેટલી જેવલિન ઍન્ટિ-ટૅન્ક ગાઇડેડ મિસાઇલ સિસ્ટમ ખરીદી રહ્યું છે અથવા ખરીદીનો કુલ ખર્ચ કેટલો છે તે તાત્કાલિક જાણી શકાયું નથી. અમેરિકા ફોરેન મિલિટરી સેલ્સ પ્રક્રિયા દ્વારા જેવલિન ઍન્ટિ-ટૅન્ક ગાઇડેડ મિસાઇલ સિસ્ટમ ખરીદવા માટે ભારતીય સેના દ્વારા લેટર ઓફ ઓફર એન્ડ એક્સેપ્ટન્સ પર હસ્તાક્ષરનું અમેરિકા સ્વાગત કરે છે, તેવું એક અમેરિકન નિવેદનમાં જણાવાયુ હતું.

તેણે કહ્યું કે આ માઇલસ્ટોન અમેરિકા અને ભારતીય સશસ્ત્ર દળો વચ્ચેની સ્થાયી ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે અને અમેરિકા અને ભારતીય


(જુઓ પાનું ૨) ▶▶


# રાખડી બાંધતી વખતે બોરવેલમાં પડી જવાથી બહેનનો જીવ ગયો

કાનપુરઃ ઉત્તર પ્રદેશમાં શુક્રવારે સવારે પોતાના ભાઇને રાખડી બાંધતી વખતે ૧૬ વર્ષની કિશોરીનું મોત થયું હતું. તેણી તેના ઘરમાં બંધ પડેલા આશરે ૨૦ ફૂટ ઊંડા બોરવેલમાં જમીન ધસી પડવાથી પડી ગઇ હતી. રક્ષાબંધનની સવારે ચુટકી શર્મા તેના આંગણામાં માટીથી ઢંકેલા જૂના બોરવેલ પર ઊભા રહીને તેના ભાઇને રાખડી બાંધી રહી હતી. તેણીએ રાખડી બાંધવા માટે હાથ લંબાવ્યો એ સાથે તેના પગ નીચેની જમીન અચાનક ખસી ગઇ અને તે ખાડામાં પડી ગઇ હતી.

પોલીસ કમિખનર રઘુબીર લાલે જણાવ્યું કે કિશોરી બોરવેલમાં લગભગ ૨૦ ફૂટ નીચે પડી ગઇ હતી. જેના પગલે એનડીઆરએફ, એસડીઆરએફ અને ફાયર વિભાગની ટીમોએ


(જુઓ પાનું ૨) ▶▶


# કર્ણાટકમાં પ્રધાન બનાવાયાના મહિનામાં જ નાગેન્દ્રનું રાજીનામું

**ભાજપના 'મનુવાદી' રાજકારણનો ભોગ બન્યો એમ કહી રડી પડ્યા નાગેન્દ્ર**


બેંગલૂરુઃ મહર્ષિ વાલ્મીકી શિડ્યુલ ટ્રાઈબ ડેવલપમેન્ટ કોર્પોરોશનમાં આચરવામાં આવેલી નાણાંકીય ગેરરીતિમાં સંડોવણી હોવાનાં આક્ષેપોને પગલે મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમારના વડપણ હેઠળના પ્રધાનમંડળમાંથી તેમ જ વિધાનસભાની બેઠક પરથી પોતે રાજીનામું આપી દીધું હોવાની કર્ણાટકના પ્રધાન બી. નાગેન્દ્રએ શુક્રવારે જાહેરાત કરી હતી.

અશ્રુભીની આંખે પત્રકાર પરિષદને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે પક્ષ મૂંઝવણમાં ન મૂકાય તે માટે મેં સ્વૈચ્છિક રીતે હોદ્દા પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો. વિપક્ષ દ્વારા મારા પર કરવામાં આવી


(જુઓ પાનું ૨) ▶▶








LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુભાષચંદ્ર કોની મહેરબાનીથી છટકી ગયા?

**ભારતમાં** જેની પાસે પૈસો અને પાવર છે તેને ખુલ્લેઆમ દેશની તિજોરીને લૂંટવાનો પરવાનો મળી જાય છે અને આ વાત એસ્સેલ ગ્રુપના સ્થાપક સુભાષચંદ્રના કેસમાં સાવ સાચી પડી છે. ઝી ન્યૂઝ, ઝી એન્ટરટેઈનમેન્ટ, ડિશ ટીવી સહિતની સંખ્યાબંધ કંપનીઓના બનેલા એસ્સેલ ગ્રુપે અનેક બેંકો અને નાણાંકીય સંસ્થાઓ પાસેથી લોનો લીધી છે. આ લોન કેટલી છે તેનો ચોક્કસ આંકડો મોટો હશે પણ તેમાંથી ૨૨ હજાર કરોડ રૂપિયાની લોનમાં એસ્સેલ ગ્રુપના કર્તાહર્તા સુભાષચંદ્ર 'પર્સનલ ગેરંટર' હતા. મતલબ કે, સુભાષચંદ્રે બેંકો અને નાણાંકીય સંસ્થાઓને બાંહેધરી આપેલી કે, પોતાની કંપનીઓ લોન ના ચૂકવી શકે તો પોતે વ્યક્તિગત રીતે લોન ચૂકવી દેવા બંધાયેલા છે.

સુભાષચંદ્રની કંપનીઓ ડચકાં ખાય છે એટલે લોન પાછી ભરી શકતી નથી એટલે બેંકો સુભાષ ચંદ્ર પાસે ઉઘરાણી કરવા માંડી પણ સુભાષચંદ્રે પોતે લોન નહીં ચૂકવી શકે એણ કહીને હાથ અધ્ધર કરી દીધેલા તેથી મામલો નેશનલ કંપની લો ટ્રિબ્યૂનલ (એનસીએલટી)માં ગયેલો. એનસીએલટીએ સુભાષચંદ્રની તરફેણમાં ચુકાદો આપ્યો છે કે, 'પર્સનલ ગેરંટર' તરીકે તમામ રકમ ચૂકવવાની જવાબદારી સુભાષચંદ્રની નથી. એનસીએલટીએ લેણદારોના ૨૨ હજાર કરોડ રૂપિયાથી વધારેના દાવા સામે સુભાષચંદ્રે માત્ર ૬.૫ કરોડ રૂપિયા જ ચૂકવાના થશે. મતલબ કે, દેવાની રકમમાંથી માત્ર ૦.૦૩ ટકા રકમ ભરીને સુભાષચંદ્ર પોતાની જવાબદારીમાંથી છટકી જશે અને બાકીની ૯૯.૯૭ ટકા રકમ ચૂકવવાની તેમની કોઈ જવાબદારી નહીં રહે. હવે સુભાષચંદ્ર પોતાની સંપત્તિનો ઉપયોગ પોતાની રીતે કરી શકશે. આ પૈકી મોટા ભાગની સંપત્તિ લોનમાંથી વસાવેલી હોય તો પણ કોઈ કશું નહીં કરી શકે.

એનસીએલટીએ મંજૂર કરેલી રીપેમેન્ટ યોજનાનું એવું અર્થઘટન કરાઈ રહ્યું છે કે, એસ્સેલ ગ્રુપે ૨૨ હજાર કરોડ રૂપિયાના દેવા સામે માત્ર ૬.૫ કરોડ રૂપિયા જ ભરવાના રહેશે અને બાકીની રકમનું બેંકો અને નાણાકીય સંસ્થાઓએ નાહી નાંખવું પડશે. આ અર્થઘટન ખોટું છે કેમ કે એનસીએલટીએ એસ્સેલ ગ્રુપનું દેવું માફ કર્યું નથી પણ સુભાષચંદ્રની પર્સનલ રીપેમેન્ટ યોજનાને મંજૂરી આપી છે. જે મૂળ કંપનીઓએ લોન લીધી હતી એ પણ હજુ દેવાદાર જ છે. નાણાં સંસ્થાઓ અને બેંકો એસ્સેલ ગ્રુપની કંપનીઓ, તેમની સંપત્તિઓ અને અન્ય ગિરવે મૂકેલા શેર સહિતના કોલેટરલમાંથી આ રકમની વસૂલાત ચાલુ રાખી શકે છે પણ સુભાષચંદ્રનો કાંઠલો ઝાલી નહીં શકે.

આ તો એનસીએલટીના ચુકાદાનું કાનૂની અર્થઘટન કર્યું પણ તેના કારણે એનસીએલટીનો ચુકાદો યોગ્ય નથી થઈ જતો. આ ચુકાદો આઘાતજનક છે જ કેમ કે તેના કારણે બેંકો-સંસ્થાઓ પાસેથી કરોડોની લોન લઈને કરી નાખવાની મેલી મુરાદ ધરાવતા ચોરોને કાનૂની છટકબારી મળી ગઈ છે. ભવિષ્યમાં આ રીતે બીજા ચોરો પણ એનસીએલટી પાસેથી આવા ચુકાદા લઈ આવીને હાથ ખંખેરી નાખશે તો બેંકો-સંસ્થાઓ તેમનાં નાણાં વસૂલી કઈ રીતે કરી શકશે ?

બીજું એ કે, એનસીએલટીએ પોતાની જરાય બુદ્ધિ વાપર્યા વિના સુભાષચંદ્રે રજૂ કરેલો પ્લાન સીધો મંજૂર કરી નાખ્યા છે. આ રીપેમેન્ટ પ્લાન એટલો હાસ્યાસ્પદ છે કે, કોઈના હાથમાં કશું આવવાનું જ નથી. દાખલા તરીકે એલઆઈસી હાઉસિંગ ફાઇનાન્સે ૧૩૨૩ કરોડ રૂપિયાનો દાવો કરેલો તેની સામે ૩૮.૦૯ લાખ રૂપિયા જ મળશે. એલઆઈસીએ તેના કરતાં વધારે રકમ તો વકીલો ને બીજી કાનૂની કાર્યવાહી પાછળ ખર્ચી નાખી હશે એ જોતાં આ રીપેમેન્ટ સાવ બકવાસ છે.

ચંદ્રે હાથ અધ્ધર કરી નાંખતાં સાવ વાહિયાત બચાવ કર્યો છે કે, પોતે બેંકો કે નાણાકીય સંસ્થાઓ પાસેથી કોઈ લોન લીધી નહોતી પણ પોતે માત્ર 'વ્યક્તિગત ગેરંટર' હતા. એનસીએલટીએ સવાલ કરવો જોઈએ કે, સુભાષ ચંદ્ર કોના માટે 'પર્સનલ ગેરંટર' બનેલા ? પોતાના ગ્રુપની કંપનીઓ માટે જ કે બીજા કોઈના માટે ? પોતાની કંપનીઓના જ 'પર્સનલ ગેરંટર' તરીકે લોન ભરવાની જવાબદારી સુભાષ ચંદ્રની છે કેમ કે 'પર્સનલ ગેરંટી'નો મતલબ જ એ છે કે, બેંક અથવા નાણાં સંસ્થા કોઈ કંપની કે કોઈને પણ લોન આપે ત્યારે કંપની કે વ્યક્તિ લોન ના ચૂકવી શકે તો 'પર્સનલ ગેરંટર' ચૂકવી દેશે. મતલબ કે, 'પર્સનલ ગેરંટર' કાનૂની રીતે બાંહેધરી આપે છે કે, પોતે જેના માટે 'પર્સનલ ગેરંટી' આપી છે તેની લોન ચૂકવવાની જવાબદારી તેની પોતાની છે.

'પર્સનલ ગેરંટી' આપનારની આર્થિક સધ્ધરતાના પુરાવાના આધારે બેંકો તેની કંપની કે બીજાને લોન આપે છે એ જોતાં નૈતિક રીતે પણ 'પર્સનલ ગેરંટર' લોન ભરી દેવા બંધાયેલો છે. આ નયા ભારતમાં હવે નૈતિકતાની અપેક્ષા કોઈની પાસેથી રખાય એમ નથી પણ કાનૂની રીતે સુભાષચંદ્ર લોન ચૂકવવા બંધાયેલા જ છે. હવે સુભાષ ચંદ્ર 'પર્સનલ ગેરંટી' આપીને ફરી ગયા એ જોતાં તેમની સામે ખરેખર તો કાનૂની કાર્યવાહી કરવાની હોય પણ તેના બદલે અહીં તો ખેરાત કરી દેવાઈ અને દેશના ઈતિહાસમાં એક કલંકિત પ્રકરણ લખાઈ ગયું.

એનસીએલટીના આ નિર્ણય સામે 'નેશનલ કંપની લો એપિલેટ ટ્રિબ્યુનલ'માં અપીલ કરી શકાય છે. બેંકો અને નાણાકીય સંસ્થાઓને મળનારી રકમમાંથી વકીલોનો ખર્ચ પણ ના નીકળે એ જોતાં બેંકો-સંસ્થાઓ ટ્રિબ્યુનલમાં અપીલ કરશે જ. ટ્રિબ્યુનલના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં પણ અપીલ કરી શકાય છે એ જોતાં એનસીએલટી વરસી પડી એટલે સુભાષચંદ્ર સાવ ચિલ્લર આપીને છટકી ના જાય એવી શક્યતા છે ખરી. ભારતમાં સુપ્રીમ કોર્ટ હજુ સાબૂત છે એ જોતાં આ નિર્ણય માન્ય નહીં ઠરે એવો ભરોસો રાખી શકાય પણ સવાલ ન્યાયતંત્રનો નહીં પણ સરકારનો છે. સુભાષચંદ્ર પર વરસી પડનારી એનસીએલટીના સભ્યોને નિમણૂક અને તેમને દૂર કરવાની સત્તા કેન્દ્ર સરકાર પાસે છે. કેન્દ્ર સરકારે આ સત્તાનો ઉપયોગ કરીને સુભાષચંદ્રના મદદગારોને લાત મારીને તગેડી મૂકવા જોઈએ.

કેન્દ્ર સરકારે બીજી એક સ્પષ્ટતા પણ કરવાની જરૂર છે. એનસીએલટીએ સુભાષચંદ્રના રીપેમેન્ટ પ્લાનને એટલે મંજૂરી આપી કે, ૮૦ ટકા લેણદારોને આ પ્લાન મંજૂર હતો જ્યારે ૨૦ ટકાએ જ તેનો વિરોધ કરેલો. એલઆઈસી હાઉસિંગ ફાઇનાન્સે વિરોધ કર્યો છે ને એચડીએફસીએ તો સુપ્રીમ કોર્ટમાં જવાની જાહેરાત કરી છે તો પછી કોને આ રીપેમેન્ટ પ્લાન સામે વાંધો નથી ? જેમને વાંધો નથી તેમાં સરકારી બેંકો અને સંસ્થાઓ છે ? આ સ્પષ્ટતા જરૂરી છે કેમ કે, સુભાષચંદ્રને મદદ કરવા બદલ ભાજપની નેતાગીરી સામે આંગળી ચીંધાઈ રહી છે. ભાજપની મહેરબાનીથી રાજ્યસભાના સભ્ય બનેલા સુભાષચંદ્રને ભાજપના કહેવાથી એનસીએલટીએ છટકવા દીધા એવું કહેવાય છે. ભાજપ સરકારે પોતે દૂધે ધોયેલી હોવાનું સાબિત કરવા આ સ્પષ્ટતાઓ કરવી જરૂરી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શનિવાર, તા. ૨૯-૮-૨૦૨૬, ગાયત્રી પુનઃશ્ચરણ પ્રારંભ, મારુતિ પૂજન, હિંડોળા સમાપ્ત

- ભારતીય દિનાંક ૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ વદ -૧
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૧ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૧-૩૭ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૪૨, મધ્યરાત્રે ક. ૦૦-૫૬
- ઓટઃ સાંજે ક. ૧૮-૪૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - પ્રતિપદા. મારુતિ પૂજન, હિંડોળા સમાપ્ત, ગાયત્રી પુનઃશ્ચરણ પ્રારંભ, પંચક, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- શ્રાવણ મહિમાઃ જન્મકુંડળીમાં ચંદ્રના તથા અન્ય ગ્રહોના રાહુ સાથેના યોગો, પ્રતિયુતિ યોગ હોય તેમણે નિયમિત શિવઅભિષેક લાભદાયી પુરવાર થશે. તથા સ્વ નિર્ણયો લેવા માટે આત્મવિશ્વાસ દૃઢ બનશે. શિવપૂજા નિત્ય છે. શિવપૂજા માટે મુહૂર્તની આવશ્યકતા નથી. પીપળાનું પૂજન તથા શનિ દેવતાના પૂજનનો મહિમા છે.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અજૈક્યપાદ દેવતાનું પૂજન, આંબો વાવવો, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, ખેતીવાડી, પશુ લે-વેંચ. હનુમાનચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન.
- આચમનઃ સૂર્ય-હર્ષલ ચતુષ્કોણ જાહેર પ્રસંગોમાં સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# બિહારમાં પૂરનું જોખમ

પટણાઃ નેપાળમાં અચાનક આવેલા વિનાશક પૂર અને ભારે વરસાદ બાદ ગંગા, ગંડક, કોશી અને બુઢી ગંડક જેવી નદીઓમાં જળસ્તર સતત વધી રહ્યું હોવાને કારણે બિહારના કેટલાક વિસ્તારોમાં ભારે પૂર આવવાનું જોખમ ઊભું થયું છે.

અચાનક આવેલા પૂરને કારણે વધારાનું પાણી ગંડક નદીમાં આવ્યું હોવાને કારણે જળસ્તરમાં વધારો થયો હોવાનું જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાલ્મીકિ નગર ખાતે ગંડક નદી પર આવેલા બેરેજના તમામ ૩૬ દરવાજા ખોલી નાખવામાં આવ્યા છે. શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ગંડક બેરેજમાંથી અંદાજે ૧.૦૨ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

ગંડક બેરેજ ખાતે જળ સંસાધન વિભાગની ટુકડીઓ અલર્ટ પર હોવાનું તેમણે કહ્યું હતું. નદીના કિનારા વિસ્તારમાં આવેલા બંધો પર નિયમિત તપાસ કરવા અને ૨૪ કલાક ચાંપતી નજર રાખવા તેમ જ સંભવિત કટોકટીને પહોંચી વળવા તમામ તૈયારી રાખવાની સૂચના આપી દેવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. નેપાળની ચીન સાથેની સરહદ નજીક બરફ-ખડકના ભૂસ્ખલનથી એક નદીનો માર્ગ બંધ થઈ ગયો હતો જેના કારણે નેપાળમાં વિનાશક પૂર આવ્યું હતું. આ પૂરમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૫૪૭ લોકોનાં મોત થયાં હોવાનાં અહેવાલ છે. આ ઘટનાની સાથે સાથે જ સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે ઉત્તર પ્રદેશ અને બિહારના વહીવટીતંત્રોએ નેપાળમાંથી નીચે તરફ વહેતી નદીઓની દેખરેખ વધારી દીધી છે. (એજન્સી)

# આઈએસઆઈ માટે જાસૂસી કરતું દંપતી દિલ્હીમાંથી પકડાયું

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસે પાકિસ્તાનસ્થિત જાસૂસી સંસ્થાનું સમર્થન ધરાવતા જાસૂસી એકમનો પર્દાફાશ કર્યો હતો અને વર્ષ ૨૦૨૪થી પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા માટે કામ કરતા આરોપી દંપતીની ધરપકડ કરી તેમની પાસેથી ભારતીય સિમ કાર્ડ જપ્ત કર્યા હતા.

આ સિમકાર્ડ તેઓ દુબઈ મારફતે પાકિસ્તાન મોકલતા હોવાનું અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી દંપતીને મોહંમદ સાહિલ (ઉં.વ.૨૫) અને સમિરા (ઉં.વ.૨૧) તરીકે ઓળખી કાઢવામાં આવ્યું હતું. આ બંને પાકિસ્તાનસ્થિત હેન્ડલરોને જરૂરી સામાન, પરિવહન સાધનો અને અન્ય સહાય પૂરી પાડતા હતા અને ભારતના જુદા જુદા વિસ્તારોમાં છાવણી વિસ્તારની રેકી કરવા સહિત જાસૂસી પ્રવૃત્તિઓ માટે લોકોની ભરતી કરતા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર દંપતી સોશ્યલ મીડિયા મારફતે ૨૦૨૪માં પાકિસ્તાની એજન્ટના સંપર્કમાં આવ્યું હતું અને આર્થિક લાભ મેળવવા જાસૂસી નૅટવર્ક માટે કામ કરવા તૈયાર થયું હતું.

પાકિસ્તાની હેન્ડલરો પ્રત્યેક સિમકાર્ડ માટે દંપતીને રૂ. ૩૦,૦૦૦ આપતા હતા, એમ પોલીસે કહ્યું હતું.

દિલ્હી-એનસીઆર વિસ્તારમાં કથિત જાસૂસી નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું હોવાની પોલીસના સ્પેશ્યલ સેલને માહિતી મળી હતી અને તેનાં સ્થાનિક સભ્યોને ઓળખી કાઢતાં અગાઉ તેમણે જાસૂસી માળખું વિકસાવ્યું હતું.

પહેલા સાહિલની ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવતાં પોલીસે કહ્યું હતું કે તેનાં મોબાઈલના ફોરેન્સિક રિપોર્ટમાં પાકિસ્તાનના ગુપ્તચરો સાથેના વાંધાજનક સંવાદ જોવા મળ્યા હતા. પૂછપરછ દરમિયાન સાહિલે કબૂલ્યું હતું કે વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫માં મેં અને સમિરાએ દુબઈ મારફતે આઠ સિમકાર્ડ પાકિસ્તાન મોકલ્યા હતા. આ સિમકાર્ડ પાકિસ્તાનની ઑનલાઈન મેસેજિંગ એપ્લિકેસન પર એક્ટિવેટ કરવામાં આવ્યા હતા અને હેન્ડલરોએ તેનો ઉપયોગ ભારતના વૉટ્સએપ ગ્રૂપમાં પ્રવેશી સંવેદનશીલ માહિતી એકઠી કરવા માટે કર્યો હતો.

સાહિલને પગલે સમિરાની પણ ધરપકડ કરવામાં આવી હતી. સમિરા ભારતીય સિમકાર્ડ અને પાકિસ્તાનસ્થિત હેન્ડલરોને તે પહોંચાડવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવતી હતી. (એજન્સી)

# જુલાઈમાં આઈઆઈપીના વૃદ્ધિદર ઘટીને ૬.૭ ટકા

નવી દિલ્હીઃ ખાણકામ ક્ષેત્રમાં સંકોચનને કારણે જુલાઇમાં ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર ૬.૭ ટકા નોંધાયો હતો, જે અગાઉના મહિનામાં ૮.૮ ટકા હતો. આ નવી શ્રેણી હેઠળનો ચોથો માસિક ઇન્ડેક્સ ઑફ ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઇઆઇપી) ડેટા છે.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસે શુક્રવારે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે, જુલાઈ ૨૦૨૬માં, આઇઆઇપીમાં વાર્ષિક ધોરણે ૬.૭ ટકાનો વધારો નોંધાયો હતો, જેને ઉત્પાદન ક્ષેત્રમાં ૭.૩ ટકા વૃદ્ધિ અને વીજળી અને ગેસ પુરવઠા ક્ષેત્રમાં ૮.૭ ટકાની મજબૂત વૃદ્ધિ દ્વારા ટેકો મળ્યો હતો.

આ ડેટા દર્શાવે છે કે ખાણકામ અને ખાણકામમાં જુલાઈમાં ૦.૯ ટકાનો ઘટાડો થયો હતો જે એક વર્ષ પહેલા ૧૦.૭ ટકાનો હતો. જુલાઇ, ૨૦૨૫માં આઇઆઇપીનો વૃદ્ધિદર ૫.૪ ટકા હતો.જુલાઇ, ૨૦૨૬ માટે ઔદ્યોગિક વિકાસ દર ૬.૭ ટકા છે જે એક વર્ષ પહેલાના મહિનામાં ૮.૮ ટકા હતો, એમ પ્રકાશનમાં જણાવાયું છે. જૂન માટે આઇઆઇપીનો સુધારેલો અંદાજ ૮.૮ ટકા હતો.જુલાઇ, ૨૦૨૬ માટે ખાણકામ અને ખાણકામ, ઉત્પાદન, વીજળી અને ગેસ પુરવઠો અને પાણી પુરવઠો, ગટર અને કચરો વ્યવસ્થાપન ક્ષેત્રોનો વિકાસ દર અનુક્રમે માઇનસ ૦.૯ ટકા, ૭.૩ ટકા, ૮.૭ ટકા અને ૭.૪ ટકા હતો. ઉત્પાદન ક્ષેત્રમાં જુલાઇ, ૨૦૨૬માં ૨૩માંથી ૧૯ ઉદ્યોગ જૂથોએ વાર્ષિક ધોરણે સકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. (એજન્સી)

# ત્રિશૂલી હાઈડ્રોપાવરની ટનલમાંથી ૩૫૦ને લોકોને બચાવાયાં, આમાં અનેક ભારતીય

કાઠમંડુઃ નેપાળમાં આવેલા પૂર વચ્ચે અત્યારે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે, જ્યાં સૌથી મોટો હાઇડ્રોપાવર ટનલમાંથી સેંકડો લોકોને બચાવવામાં આવ્યા છે. રાસુવામાં નેપાળી સેના દ્વારા અપર ત્રિશૂલી હાઇઈડ્રોપાવરની ટનલમાં ફસાયેલા ૩૫૦થી પણ વધુ મજૂરો અને સ્થાનિક લોકોને બચાવી લીધા હોવાનું જાણવા મળ્યું છે. મહત્વની વાત એ છે કે, આ ૩૫૦ લોકોમાં ભારતીય નાગરિકો પણ સામેલ છે. ખરાબ મોસમ અને પૂર વચ્ચે પણ નેપાળી સેના દ્વારા બચાવકાર્ય કરવામાં આવી રહ્યું છે.

નેપાળી સેનાના જણાવ્યાં પ્રમાણે આ ટનલમાં ફસાયેલા ૩૫૦ લોકોને તો બચાવી લેવામાં આવ્યાં છે, જ્યારે હજી પણ ૧૦૦થી વધુ લોકો અંદર ફસાયેલા છે.

આ લોકોને પણ સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી ચાલી રહી છે. ત્રિશુલીસ્થિત નંબર એક સેકન્ડ મૂવમેન્ટ ટેક્ટિકલ હેડક્વાર્ટરના વોરન્ટ ઓફિસર ભક્તજન બસનેટ આ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા છે, વિકટ સ્થિતિમાં પણ બચાવકાર્ય ચાલી રહ્યું હોવાથી લોકોમાં ચિંતા ઘટી છે.

આ સાથે અન્ય જગ્યાએ પણ બચાવકાર્ય ચાલી રહ્યું છે. સ્યાફ્રુબેસી, તૈમુર, મેઈલંગ, થુલો હકુ અને હકુબેસી જેવા અતિસંવેદનશીલ વિસ્તારોમાંથી પણ નેપાળી સેનાએ ૫૩૩ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા છે. એટલે કુલ મળીને નેપાળી સેનાએ ૮૮૩ લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડી દીધા છે. હજી પણ અનેક લોકો ભસાયેલા હોવાથી રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

# અમરનાથ યાત્રા સંપન્નઃ ૪.૮ લાખ શ્રદ્ધાળુઓએ કર્યા બાબા બર્ફાનીના દર્શન

જમ્મુઃ પારંપારિક છડી મુબારક પવિત્ર ગુફાએ પહોંચતા જ ૫૭ દિવસની અમરનાથ યાત્રા શુક્રવારે રક્ષાબંધન અને શ્રાવણી પૂર્ણિમાના દિવસે સંપન્ન થઈ હતી. ત્રણ જુલાઈએ પહલગામ અને બાલતાલ બંને માર્ગે ત્રણ જુલાઈથી શરૂ થયેલા આ વર્ષની અમરનાથ યાત્રામાં ૪.૮ લાખ કરતાં પણ વધુ શ્રદ્ધાળુઓએ બર્ફાની બાબાનાં દર્શન કર્યા હતાં. મહંત દીપેન્દ્ર ગિરિની આગેવાનીમાં છડી મુબારકની પવિત્ર ગુફામાં પૂજા-અર્ચના સાથે યાત્રાનું સમાપન થયું હતું.

અંદાજે ૩,૮૮૮ મીટરની ઊંચાઈએ આવેલી અમરનાથ ગુફાનાં દર્શન કરવા દેશભરના શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. પ્રારંભિક દિવસોથી જ યાત્રાએ તેજ ગતિ પકડી હતી. યાત્રા શરૂ થયાનાં પહેલા ત્રણ દિવસમાં ૫૬,૦૦૦ તો પાંચમા દિવસ સુધીમાં ૧,૦૬,૩૧૬ શ્રદ્ધાળુઓએ બર્ફાની બાબાનાં દર્શન કરી લીધાં હતાં.

જોકે આ વરસે યાત્રા સામે મોસમી પડકારો પણ ઊભા થયા હતા. જુલાઈના બીજા પખવાડિયામાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે પહલગામ માર્ગ પર અસર પડી હતી. ત્યાર બાદ ખરાબ હવામાનને કારણે યાત્રાને છ દિવસ માટે સ્થગિત કરવી પડી હતી અને પચીસ જુલાઈએ બંને માર્ગે અમરનાથ યાત્રા ફરી શરૂ કરવામાં આવી હતી.

ત્યાર બાદ સતત વરસાદને કારણે રેલવે ટ્રેકના સંવેદનશીલ હિસ્સાને નુકસાન થતાં તેમ જ પ્રતિકુળ હવામાનની ચેતવણીને કારણે નવ ઑગસ્ટે બંને માર્ગે યાત્રા રોકી દેવામાં આવી હતી અને સીમા સડક સંગઠને ક્ષતિગ્રસ્ત હિસ્સાનું સમારકામ કર્યું હતું.

ત્યાર બાદ પણ અમરનાથ યાત્રા ચાલુ રહી હતી અને છડી મુબારકને બાવીસ ઑગસ્ટે શ્રીનગરથી પહલગામ રવાના કરવામાં આવી હતી.

# સંઘની રૅલીમાં ભાગ લેનાર શિક્ષકોને કેમ સસ્પેન્ડ કર્યા?: કર્ણાટક સરકારને ભાજપનો સવાલ

હુબલીઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની રેલીમાં ભાગ લેવા બદલ સરકારી શાળાનાં બે શિક્ષકને સસ્પેન્ડ કરવાના નિર્ણયને વખોડી કાઢી કેન્દ્રીય પ્રધાન પ્રહ્લાદ જોશીએ શુક્રવારે કર્ણાટક સરકાર પર ધિક્કારપૂર્ણ રીતે વર્તવાનો આરોપ મૂક્યો હતો અને આ નિર્ણય પાછો ખેંચી લેવાની માગણી કરી હતી.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને સમર્થન આપતાં રાજ્યના ગૃહ પ્રધાન પ્રિયાંક ખડગેએ એ જાણવા માગ્યું હતું કે શા માટે શિક્ષકોએ નોંધણી ન થયેલી હોય તેવી સંસ્થાનાં કાર્યક્રમમાં ભાગ લીધો હતો. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### નેપાળમાં

કરવો પડે તો તાત્કાલિક સુરક્ષિત સ્થળોએ જવા વિનંતી કરી છે. નેપાળ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે હિમાલયના આઠ જિલ્લાઓમાંથી ૫૮૭ મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે હજારો લોકો હજુ પણ ગુમ છે. પોલીસના જણાવ્યા અનુસાર, નવલપરાસી પૂર્વમાંથી ૧૩૪, ચિતવનમાંથી ૨૨૧, ગોરખામાંથી ૪૪ અને નુવાકોટમાંથી ૩૮ મૃતદેહો મળી આવ્યા છે. ધાડિંગમાંથી ૪૦, તનુમાંથી ૨૯, નવલપરાસી પશ્ચિમમાંથી ૨૮ અને રસુવામાંથી ૧૩ મૃતદેહો મળી આવ્યા છે. નેપાળના રસુવા અને નજીકના જિલ્લાઓમાં અચાનક આવેલા પૂર બાદ બુધવારે સવારથી ૮૬ સુરક્ષા કર્મચારીઓ, ૫૧૭ વિદેશી પ્રવાસીઓ અને ૧૨૭ નેપાળી પ્રવાસીઓ સહિત ઓછામાં ઓછા ૯૭૭ લોકો ગુમ થયા છે. અત્યાર સુધીમાં વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ૧,૫૪૫ ઘાયલ અને ફસાયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમાંથી ૮૪ લોકો હાલમાં કાઠમંડુની વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. શુક્રવાર બપોર સુધીમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૮૫ ભારતીયો, ૯ દક્ષિણ કોરિયન અને ૧૬ ચીની નાગરિકો સહિત ૧૨૧ વિદેશી પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. (એજન્સી)

### સોનિયાની

એક પ્રકાશન સંસ્થા છે.

કંપનીએ કહ્યું હતું કે, પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા ભારતમાં 'બિલોન્ગિંગ...'ના પ્રકાશક નથી.લેખિકા (સોનિયા) એ સંપાદકીય ફેરફારો સ્વીકારવાનો ઇનકાર કરતાં પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાએ પુસ્તકને પ્રકાશિત ન કરવાનો નિર્ણય લીધો છે એમ કહેવું ખોટું ગણાશે. આ નિવેદન અંગ્રેજી દૈનિક 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના એ રિપોર્ટ બાદ આવ્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સોનિયા ગાંધી દ્વારા 'સંપાદકીય ફેરફારો' કરવાનો ઇનકાર કર્યા પછી પ્રકાશકે પીછેહઠ કરી હતી.

દરમ્યાન ભારતમાં પુસ્તકના વિતરકની સ્થિતિ હજુ સ્પષ્ટ નથી. જો કે, ઇ-કોમર્સ વેબસાઇટ એમેઝોનના એક પેજ પર 'બિલોન્ગિંગઃ અ જર્ની ઓફ લવ'નું ઇ-બુક વર્ઝન ૨,૬૧૫ રૂપિયામાં પ્રી-ઓર્ડર માટે ઉપલબ્ધ દર્શાવવામાં આવ્યું હતું. ઇ-કોમર્સ વેબસાઇટ અનુસાર, ઇ-બુકના પ્રકાશક વિલિયમ કોલિન્સ છે, જે યુકેના હાર્પરકોલિન્સ સ્થિત પ્રકાશન સંસ્થા છે.

કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓએ શુક્રવારે આરોપ લગાવ્યો હતો કે ભારતમાં પાર્ટીના સંસદીય દળનાં વડાં સોનિયા ગાંધીની આત્મકથાના પ્રકાશન અંગે પ્રકાશક પર દબાણ લાવવામાં આવી રહ્યું છે અને તે 'અભિવ્યક્તિ સ્વતંત્રતાની હત્યા' સમાન છે.

નેતાઓએ એમ પણ કહ્યું કે પ્રકાશક દ્વારા આત્મકથા પ્રકાશિત કરવાનો 'ઇનકાર' કરવો એ અભિવ્યક્તિની આઝાદીની હત્યા છે અને આ ખૂબ જ ચિંતાનો વિષય છે. પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા દ્વારા સોનિયા ગાંધીની આત્મકથા છાપવાનો ઇનકાર કર્યા બાદ આ નિવેદન આપ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં પેંગ્વિન રેન્ડમ હાઉસના એક વિભાગ અમેરિકન પ્રકાશક આલ્ફ્રેડ અ. નોફે જાહેરાત કરી હતી કે આ પુસ્તક ૧૦ નવેમ્બરના રોજ પ્રકાશિત થશે.

### અમેરિકા પાસેથી

સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે ભવિષ્યના સહયોગ માટેના દરવાજા ખોલે છે.

જેવલિન કરાર ભારતીય સેના માટે યુએસના સમર્થનની ઊંડાઈ દર્શાવે છે અને આપણા સંરક્ષણ ઉદ્યોગો માટે સાથે મળીને કામ કરવાની નવી તકો ઉભી કરે છે, તેવું ગોરે કહ્યું હતું.

અમે ભવિષ્યમાં સહયોગ માટે પ્રચંડ સંભાવનાઓ જોઈએ છીએ જે બંને દેશના સંરક્ષણ ઔદ્યોગિક પાયાને મજબૂત બનાવે છે, તેવું તેમણે કહ્યું હતું.

જેવેલિન સિસ્ટમ એક અદ્યતન, મધ્યમ-અંતરની, ફાયર-એન્ડ-ફર્ગેટ ઍન્ટિ-ટૅન્ક ગાઇડેડ મિસાઇલ છે. તેનો ઉપયોગ યુએસ આર્મી, યુએસ મરીન કોર્પ્સ અને અસંખ્ય આંતરરાષ્ટ્રીય ગ્રાહકો દ્વારા કરવામાં આવે છે અને તેને બખ્તરબંધ વાહનો અને ફોર્ટિફાઇડ પોઝિશન્સ સહિત વિવિધ લક્ષ્યો સામે ઉપયોગ માટે ડિઝાઇન કરવામાં આવી છે.

જેવલિન સિસ્ટમનું ઉત્પાદન જેવેલિન જોઈન્ટ વેન્ચર દ્વારા કરવામાં આવે છે, જે આરટીએક્સ અને લોકહીડ માર્ટિન વચ્ચેની ભાગીદારી છે.

### રાખડી બાંધતી

મોટા પાયે બચાવ કામગીરી હાથ ધરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે આખરે કિશોરીને બોરવેલમાંથી બહાર કાઢવામાં આવી હતી અને સરસૌલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લઇ જવામાં આવી હતી. જ્યાં તબીબોએ તેણીને મૃત જાહેર કરી હતી.

આ ઘટના કાનપુર જિલ્લા મુખ્યાલયથી લગભગ ૩૫ કિ.મી. દૂર મહારાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારના પૂર્વામીર ગામમાં સવારે ૬-૪૦ વાગ્યે બની હતી. પોલીસના જણાવ્યા મુજબ બચાવ કામગીરીમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(એનડીઆરએફ), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(એસડીઆરએફ) અને ફાયર વિભાગના લગભગ ૬૦ કર્મચારીઓ સામેલ થયા હતા.

ચીફ ફાયર ઓફિસર દીપક શર્માએ જણાવ્યું કે બચાવ કામગીરી દરમિયાન ઇમારતની સ્થિતિ પર નજર રાખવામાં આવી હતી. પરિવારના જણાવ્યા મુજબ લગભગ ત્રણ વર્ષ પહેલા ઘરના આંગણામાં એક બોરવેલ બનાવવામાં આવ્યો હતો. પરંતુ કામ પૂર્ણ ન થવાથી તેને અધૂરો મૂકી દેવામાં આવ્યો હતો. પછીથી બીજી જગ્યાએ બીજો બોરવેલ ખોદવામાં આવ્યો હતો.

પરિવારને બંધ પડેલા બોરવેલના લીધે જમીન નબળી પડી ગઇ હોવાની શંકા છે. જે તાજેતરના વરસાદ પછી ધસી પડી હતી. અધિકારીઓએ જણાવ્યું કે પોલીસ અને સ્થાનિક બચાવ ટીમોએ એનડીઆરએફ કર્મચારીઓ સાથે મળીને બચાવ કામગીરી હાથ ધરી હતી.

### કર્ણાટકમાં

રહેલા બિનજરૂરી રીતે આક્ષેપોને કારણે પક્ષે મૂંઝવણમાં મુકાવું ન પડે કિંમત ચુકવવી ન પડે તે માટે હું સ્વૈચ્છિક રીતે હોદ્દા પરથી રાજીનામું આપી રહ્યો છું, એમ તેમણે કહ્યું હતું.

હું ભાજપના 'મનુવાદી' રાજકારણનો ભોગ બન્યો છું, એમ તેમણે કહ્યું હતું.

કથિત વાલ્મિકી કોર્પોરેશન કૌભાંડને મામલે પોતાના પર તેમ જ કોંગ્રેસ સરકાર પર રાજકીય દબાણ વધી રહ્યું હોવા વચ્ચે નાગેન્દ્રએ રાજીનામું આપી દીધું હતું.

ત્રણ ઑગસ્ટે કૅબિનેટમાં તેમનો ફરી સમાવેશ કરવામાં આવ્યો ત્યારથી ભાજપ અને જનતા દળ (એસ) નાગેન્દ્રના રાજીનામાંની માગણી કરી રહ્યા હતા.

વિધાનસભાના ચોમાસુસત્ર દરમિયાન વિપક્ષે આ મામલે સદનની અંદર તેમ જ બહાર અનેકવાર ધરણાં કર્યા હતા. (એજન્સી)

# આશ્રમશાળામાં ૨૨ છોકરીઓનો વિનયભંગ

## આરોપી રસોઈયાને અગાઉ પોક્સો એક્ટ હેઠળ જેલભેગો કરાયો હતો

થાણેઃ થાણે જિલ્લામાં સરકારી આશ્રમશાળામાં ૨૨ સગીર વિદ્યાર્થિનીનો વિનયભંગ કરવા બદલ આ સપ્તાહની શરૂઆતમાં ધરપકડ કરાયેલો રસોઇયો ગુનાહિત ભૂતકાળ ધરાવતો હોઇ અગાઉ તેને પોક્સો એક્ટ હેઠળ જેલભેગો કરવામાં આવ્યો હતો.

શહાપુરમાં ટેમ્બા ખાતેની આશ્રમશાળામાં કામ કરતો ગણપત ગવળી રેકોર્ડ પરનો આરોપી છે અને અઘાઇ ખાતેની આશ્રમશાળામાં પણ આવો જ ગુનો આચર્યો હોવાનો તેના પર આરોપ હતો, એમ ઇન્ટિગ્રેટેડ ટ્રાઇબલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (આઇટીડીપી)નાં પ્રોજેક્ટ ઓફિસર તેજસ્વિની ગલાંડેએ જણાવ્યું હતું.

ગણપત ગવળીની આ સપ્તાહની શરૂઆતમાં ધરપકડ કરવામાં આવ્યા બાદ તેને સસ્પેન્ડ કરાયો હતો. ગવળી ૧૦ મહિના બાદ નિવૃત્ત થવાનો હતો. અઘાઇની આશ્રમશાળામાં આચરેલા કૃત્ય બદલ તેની વિરુદ્ધ અગાઉ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. એ સમયે પણ તેને સસ્પેન્ડ કરાયો હતો. હાલ એ જાણી શકાયું નથી કે તેને કેવી રીતે અને કોના દ્વારા ટેમ્બાની આશ્રમશાળામાં નોકરી પર રાખવામાં આવ્યો હતો, એમ ગલાંડેએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# હવે મેડ ઈન મહારાષ્ટ્ર વંદે ભારત ટ્રેનો દોડશે!

## લાતુરની રેલ કોચ ફેક્ટરીમાં નિર્માણ થયેલી ટ્રેનો વધારશે ભારતીય રેલવેની ગતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દુનિયામાં ભારતીય રેલવે સૌથી મોટા જાહેર પરિવહન તરીકે ગણતરી કરવામાં આવે છે, તેમાંય વળી મુંબઈ-કોલકાતા લોકલ ટ્રેનનું વિશેષ મહત્ત્વ છે, ત્યારે આગામી વર્ષોમાં મહારાષ્ટ્રનું યોગદાન સમગ્ર દેશમાં વધશે. મહારાષ્ટ્રએ રેલવે ક્ષેત્રે મોટી ઉપલબ્ધિ હાંસલ કરી છે. હવે મહારાષ્ટ્રમાં જ તૈયાર થતી 'મેડ ઈન મહારાષ્ટ્ર' વંદે ભારત સ્લીપર ટ્રેનો દેશના રેલવે નેટવર્કમાં દોડતી જોવા મળશે. લાતુરની મરાઠવાડા રેલ કોચ ફેક્ટરીમાં કુલ ૧૨૦ વંદે ભારત સ્લીપર ટ્રેનસેટનું નિર્માણ થવાનું છે. આ પ્રોજેક્ટથી મહારાષ્ટ્ર દેશના આધુનિક રેલવે કોચ નિર્માણના મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઊભરી શકે છે.

લાતુર સ્થિત અપગ્રેડેડ મરાઠવાડા રેલ કોચ ફેક્ટરીમાંથી વંદે ભારત સ્લીપર ટ્રેનનો પહેલો પ્રોટોટાઈપ (ઢિંઝિંઝિંયિ-સૌથી પહેલું પ્રાયોગિક મોડલ) ૩૧ માર્ચ ૨૦૨૭ સુધીમાં બહાર આવવાની અપેક્ષા છે. અગાઉ આ પ્રોટોટાઇપ જૂન ૨૦૨૬ સુધીમાં તૈયાર કરવાનો લક્ષ્યાંક હતો. રેલ વિકાસ નિગમ લિમિટેડ (આરવીએનએલ)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સલીમ અહમદે જણાવ્યું છે કે ફેક્ટરીમાં ટ્રેનના નિર્માણનું કામ આગળ વધી રહ્યું છે.

આ પ્રોજેક્ટ માટે આરવીએનએલ અને રશિયાની ટ્રાન્સમાશ હોલ્ડિંગની સંયુક્ત કંપની કાઇનેટ રેલવે સોલ્યુશન્સ લિમિટેડને જવાબદારી સોંપવામાં આવી છે. અહીં વંદે ભારતના કુલ ૧૨૦ ટ્રેનસેટ તૈયાર કરવામાં આવશે અને દરેક ટ્રેનસેટમાં ૧૬ કોચ હશે. એટલે લાતુરની ફેક્ટરીમાં કુલ ૧,૯૨૦ કોચનું નિર્માણ થવાનું છે. આ ટ્રેનો ભારતીય રેલવેના આધુનિકીકરણ અને ઝડપી તથા આરામદાયક મુસાફરીના વિસ્તરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

મહારાષ્ટ્રમાં તૈયાર થનારી આ વંદે ભારત સ્લીપર ટ્રેનો માત્ર લાતુર માટે જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યના ઔદ્યોગિક અને રેલવે ક્ષેત્રના વિકાસ માટે પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ■

# ક્રાઇમ બ્રાન્ચના અધિકારીના સ્વાંગમાં કંપનીની જીપમાંથી ૬૧.૫ લાખ લૂંટી લીધા

થાણેઃ થાણે જિલ્લામાં ક્રાઇમ બ્રાન્ચના અધિકારીના સ્વાંગમાં લૂંટારુઓએ કુરિયર કંપનીની જીપને આંતર્યા બાદ ડ્રાઇવરની મારપીટ કરીને ૬૧.૫ લાખ રૂપિયા લૂંટી લીધા હતા.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ૨૪ ઑગસ્ટે વહેલી સવારે આ ઘટના બની હતી. કુરિયર કંપનીમાં ડ્રાઇવર તરીકે કામ કરતો ફરિયાદી ઘટનાને દિવસે બીજા ડ્રાઇવર સાથે જીપમાં એક કરોડ રૂપિયા લઇને ગ્વાલિયરથી મુંબઈ આવી રહ્યો હતો. બંને જણ જીપમાં આરામ કરી રહ્યા હતા ત્યારે ત્રણ અજાણ્યા શખસો ત્યાં આવ્યા હતા અને તેમણે જીપની બારી પર ટકોરા માર્યા હતા. ત્રણેય જણ બાદમાં બળજબરીથી જીપમાં ઘૂસ્યા હતા અને બંને ડ્રાઇવરના મોબાઇલ આંચકી લીધા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# કારકિર્દીની મધ્યમાં હોય એવા દરેક વ્યાવસાયિકે ૪૫ વર્ષની વય અગાઉ આ પાંચ નાણાકીય નિર્ણયો લેવા જોઈએ

અનેક ભારતીયો માટે ૪૫ વર્ષની ઉંમર સુધીનો સમય જીવનનો મહત્ત્વપૂર્ણ તબક્કો હોય છે. કારકિર્દીમાં પ્રગતિ થાય છે, આવક વધે છે અને આશા-અપેક્ષાઓમાં પણ વધારો થાય છે, પરંતુ તેની સાથે આર્થિક જવાબદારીઓ પણ વધતી જાય છે- જેમ કે, બાળકોનાં શિક્ષણનો ખર્ચ, ઘરની ખરીદી, નિવૃત્તિની યોજના અને વયોવૃદ્ધ માતાપિતાની સારસંભાળ. એટલે સંપત્તિનું સર્જન કરવાથી આગળ વધીને સંપૂર્ણ નાણાકીય આયોજન જરૂરી છે, જે વૃદ્ધિ અને સુનિશ્ચિતતા વચ્ચે સંતુલન સ્થાપિત કરી શકે. આ પ્રકારનું એક સમાધાન SBI લાઇફ -સ્માર્ટ પ્લેટિના એડવાન્ટેજ છે, જે ઇન્ડિવિડ્યુઅલ, નોન-લિન્ક્ડ, ગેરેન્ટેડ વળતર સાથે નોન-પાર્ટિસિપેટિંગ જીવન વીમા બચત યોજના છે. એને લોકોને શિસ્તબદ્ધ રીતે બચત કરવા અને જીવન વીમાની સુરક્ષા આપવા ડિઝાઇન કરેલો છે.

**▸ ૧. તમારા લક્ષ્યાંકો સાથે શરૂઆત કરો, નહીં કે નાણાકીય પ્રોડક્ટ સાથેઃ** દરેક નાણાકીય સફરની શરૂઆત સ્પષ્ટ લક્ષ્યાંક સાથે થાય છે. બાળકનું શિક્ષણ હોય. ઘર, નિવૃત્તિ કે વારસાનું સર્જન હોય. સૌપ્રથમ તમારા લક્ષ્યાંકો નિર્ધારિત કરવાથી તમને નાણાકીય સમાધાનો પસંદ કરવામાં મદદ મળશે.

**▸ ૨. પોતાના પોર્ટફોલિયોમાં નિશ્ચિતતાને ઉચિત સ્થાન આપોઃ** એક સારો વિવિધતાસભર પોર્ટફોલિયો નાણાકીય સલામતી સાથે વૃદ્ધિનું સંતુલન સ્થાપિત કરે છે. ગેરેન્ટેડ સેવિંગ્સ પ્લાન શિસ્તબદ્ધ રીતે બચત કરીને એક વિશ્વસનિય ફંડ બનાવવામાં મદદ કરે છે, જેથી ભવિષ્યના નાણાકીય લક્ષ્યાંકો પૂર્ણ કરવાનો વિશ્વાસ વધે છે.

**▸ ૩. સુરક્ષા સાથે સંપત્તિનું સર્જન કરતી જીવન વીમા યોજના પસંદ કરોઃ** પોતાની આવકના સૌથી શ્રેષ્ઠ ગાળામાં વ્યાવસાયિકો માટે શિસ્તબદ્ધ બચત અને જીવન વીમાકવચનો આ સમન્વય વધારે ભરોસાપાત્ર લાંબા ગાળાના આર્થિક લક્ષ્યાંકો મેળવવા એક મજબૂત આધાર આપે છે.

**▸ ૪. જીવનની સાથે પોતાની નાણાકીય યોજનાની સમીક્ષા કરોઃ** તમારી નાણાકીય યોજના તમારાં જીવનની સાથે બદલાવી જોઈએ. પોતાની યોજનાની નિયમિત સમીક્ષા કરવાથી ખાતરી થાય છે કે, તે તમારા લક્ષ્યાંકોને અનુરૂપ રહે, આર્થિક તૈયારી મજબૂત હોય અને જીવનનાં મહત્વપૂર્ણ તબક્કાઓમાં નિશ્ચિતતા વધે.

**▸ ૫. આત્મવિશ્વાસ સાથે યોજના બનાવવામાં મદદરૂપ સમાધાનોની પસંદગી કરોઃ** નાણાકીય આત્મવિશ્વાસ શિસ્ત, કવચ અને નિશ્ચિતતામાંથી મળે છે. SBI લાઇફ - સ્માર્ટ પ્લેટિના એડવાન્ટેજ ગેરન્ટેડ વળતર, જીવન વીમાકવચ, પ્રીમિયમ ચુકવણીના ફ્લેક્સિબલ વિકલ્પ આપે છે. આ લોકોને બાળકોના અભ્યાસ, નિવૃત્તિ અને અન્ય લાંબા ગાળાની જરૂરિયાતો માટે વધારે ભરોસા સાથે ફંડ બનાવવામાં મદદ કરે છે.

# દિલ્હીએ કાન આમળ્યો એટલે ફડણવીસને મરાઠીની મુદત વધારવાની ફરજ પડીઃ રાઉત

મુંબઈઃ દિલ્હીના દબાણને કારણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઇવરોને મરાઠી ભાષા શીખવા માટે એક વર્ષનો સમયગાળો લંબાવ્યો હતો એવો આરોપ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે કર્યો હતો. આ બાબતને તેમણે ભાજપના સાથી પક્ષ શિવસેના માટે કડક ભાષાનો સંદેશ ગણાવ્યો હતો.

એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના પર કટાક્ષ કરતાં તેમણે કહ્યું કે આ જાહેરાત મહાયુતિના સાથી પક્ષોને યાદ અપાવવા અને સંદેશ આપવા માટે હતી કે તેમણે (વર્તમાન) મુખ્ય પ્રધાનના સ્થાને આવનારી વ્યક્તિની વાત કાને ધરવી પડશે. (પીટીઆઈ)■









# થાણેમાં બસમાં મહિલાઓના દાગીના ચોરનારા રેકોર્ડ પરના ત્રણ આરોપી પોલીસના સકંજામાં

થાણેઃ થાણેમાં બસમાં પ્રવાસ દરમિયાન મહિલાઓના સોનાના દાગીના ચોરનારા રેકોર્ડ પરના ત્રણ આરોપીને પોલીસે ઝડપી પાડી લોકઅપભેગા કરી દીધા હતા. આરોપીઓ પાસેથી ચોરીના ૨૦.૫૩ લાખ રૂપિયાના દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા.

આરોપીઓની ધરપકડ કરીને પોલીસે ચોરીના છ કેસ ઉકેલી કાઢ્યા હતા, જે છેલ્લા બે મહિનામાં બન્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે ગુનામાં સંડોવાયેલા આરોપી કપિલ સુરેશ તિદાંગે (૩૮) અને પૂર્ણિમા તિદાંગે ઉર્ફે કલ્લુ કલ્પના (૩૨)ની ૩ ઑગસ્ટે, જ્યારે દીપક અભંગ (૪૮)ની ૨૧ ઑગસ્ટે ધરપકડ કરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. આરોપી ચોરીના છ ગુનામાં સામેલ હતા. આરોપીઓ પાસેથી ચોરીની છ બંગડી હસ્તગત કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

# નાગપુર એમ્યુઝમેન્ટ પાર્કને ૪.૭૫ લાખનો દંડ

મુંબઈઃ સમયસીમા સમાપ્ત થઈ ગયેલી ખાદ્ય સામગ્રી અને પીણું આપવા એ ફક્ત સેવામાં ખામી નથી પરંતુ એક બેજવાબદાર કૃત્ય છે એવું અવલોકન કરી નાગપુરમાં એક ગ્રાહક કમિશને એમ્યુઝમેન્ટ પાર્કને રૂ. ૪.૭૫ લાખ વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. પાર્કમાં સગાઈ સમારોહ વખતે મહેમાનોને એક્સપાયરી ડેટ પછીનું બોટલ બંધ પાણી અને માખીઓથી દૂષિત થયેલી મીઠાઈઓ પીરસવામાં આવી હતી. કમિશને ફન એન ફૂડ વિલેજના સંચાલકોને તબીબી ખર્ચ, માનસિક ત્રાસ અને કૌટુંબિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા નુકસાન ભરપાઈ અને સિક્યોરિટી ડિપોઝિટ પરત કરવા જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# લાતુરમાં હાઈવે નજીક વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો

લાતુરઃ લાતુર જિલ્લામાં નેશનલ હાઇવે નજીક રસ્તાને કિનારે ગુરુવારે ૭૫ વર્ષના વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ગુરુવારે બપોરે રસ્તા પરથી પસાર થનારા લોકોની નજર રસ્તાને કિનારે પડેલા મૃતદેહ પર પડી હતી અને તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગ્રામીણ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. તપાસમાં મૃતકની ઓળખ સૈયદ હકામી તંજપાશા તરીકે થઇ હતી, જે જિલ્લાના ચાકુર ખાતેના રેહમતનગરનો રહેવાસી હતો. (પીટીઆઇ)■

# ઑનલાઈન પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલી ૧૭.૬૫ લાખની છેતરપિંડીઃ બે પકડાયા

મુંબઈઃ બોરીવલીના વેપારી પાસેથી ખરીદવામાં આવેલા કેમિકલના ઑનલાઈન પેમેન્ટનો બનાવટી સ્ક્રીનશૉટ મોકલી ૧૭.૬૫ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવાના કેસમાં બે આરોપીને રાજસ્થાનમાં પકડી પાડવામાં આવ્યા હતા.

એમએચબી કોલોની પોલીસે ધરપકડ કરેલા મુખ્ય આરોપીની ઓળખ લલિતકુમાર ભગવાનરામ બિશ્નોઈ (૩૬) અને તેના સાથી વિકાસ બિશ્નોઈ (૧૯) તરીકે થઈ હતી. બોરીવલી પશ્ચિમમાં ચીકુવાડી ખાતે રહેતા નિર્મિત અજમેરા (૩૨)એ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. ફરિયાદ અનુસાર આરોપી લલિતકુમારે વૉટ્સઍપના માધ્યમથી ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. કેમિકલનો ઑર્ડર આપી આરોપીએ રામદેવ ઈન્ડસ્ટ્રીઝ નામનું વિઝિટિંગ કાર્ડ અને લેટરહેડ વૉટ્સઍપથી ફરિયાદીને મોકલાવ્યા હતા. દસ્તાવેજો જોઈ ફરિયાદીને વિશ્વાસ બેસી ગયો હતો.

આરોપીએ ટ્રાન્સપોર્ટ કંપની મારફત માલ મોકલાવી દેવાની સૂચના આપી હતી. આ માટે ૧૭.૬૫ લાખ રૂપિયાના ઑનલાઈન પેમેન્ટનો ફોન પેનો સ્ક્રીનશૉટ પણ મોકલાવ્યો હતો. ■

# મરાઠી શીખવા મુદત વધારાથી આજીવિકાનું સંકટ ટળ્યું

મુંબઈઃ ઓટોરિક્ષા અને ટેક્સી યુનિયનોએ શુક્રવારે મહારાષ્ટ્ર સરકારના મરાઠી ભાષાનું સામાન્ય વાતચીતનું જ્ઞાન મેળવવા માટે એક વર્ષનો સમય આપવાના નિર્ણયને આવકારી જણાવ્યું હતું કે આ મુદત વધારાથી આજીવિકા પરનું જોખમ તાત્કાલિક ટળી ગયું છે.

ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સમયમર્યાદા લંબાવવાની જાહેરાત કરી બિન-મરાઠી ડ્રાઇવરો સામે તાત્કાલિક કાર્યવાહી બંધ કરવામાં આવી અને તેમને ભાષા શીખવા માટે વધુ સમય આપવામાં આવ્યો.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુંબઈમાં ભાષા શીખનારા આશરે ૨૦ હજાર ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઇવરોને સર્ટિફિકેટ આપ્યાના એક દિવસ પછી આ જાહેરાત કરવામાં આવી છે.

ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકારે એપ્રિલમાં જાહેરાત કરી હતી કે બિન-મરાઠી ડ્રાઇવરોએ મૂળભૂત મરાઠી શીખવી આવશ્યક છે, અને તેમના માટે મરાઠી વર્ગોનું આયોજન કરતી વખતે ૧૫ ઓગસ્ટની સમયમર્યાદા નક્કી કરી હતી.

મુંબઈ ટેક્સીમેન એસોસિએશનના નેતા પ્રેમ સિંહે જણાવ્યું હતું કે એક વર્ષનો સમયગાળો વધારવાથી ટેક્સી ડ્રાઈવરોને મરાઠી ભાષાનું ખપ પૂરતું જ્ઞાન મેળવવા પૂરતો સમય મળશે. (પીટીઆઈ)■







## છેલ્લા પાનાનું ચાલુ

### પશ્ચિમ રેલવેની

અને તેમને ૧૩૦ કિમી. પ્રતિ કલાકની મહત્તમ મંજૂર ઝડપે દોડવાની પરવાનગી આપવામાં આવી છે.

આ યાદીમાં દાદર-એકતા નગર એક્સપ્રેસ, બાંદ્રા-ભાવનગર, બાંદ્રા-ભુજ, બાંદ્રા-ઓખા, દાદર-ભગત કી કોઠી, દાદર-શ્રીગંગાનગર, વેરાવળ-બાંદ્રા, ઈન્દોર-હિસાર અને ઓખા-જયપુર સહિતની ટ્રેનોનો સમાવેશ થાય છે. લાંબા અંતરના રૂટ પર મેલ-એક્સપ્રેસ ટ્રેનોની સ્પીડ વધારવાથી મુસાફરોને મુસાફરીના કુલ સમયમાં નોંધપાત્ર રાહત મળવાની અપેક્ષા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે, આ ટ્રેનો સમગ્ર મુસાફરી દરમિયાન સતત ૧૩૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે નહીં દોડે. ટ્રેકની સ્થિતિ, સિગ્નલિંગ, સ્ટેશન પરના સ્ટોપ, કાયમી અને અસ્થાયી સ્પીડ પ્રતિબંધો સહિતના ઓપરેશનલ કારણોસર ટ્રેનની વાસ્તવિક ઝડપ સમય અને પરિસ્થિતિ પ્રમાણે બદલાશે. તેથી ૪૫થી ૬૦ મિનિટનો સમય બચવાનો અંદાજ છે અને ચોક્કસ કેટલો સમય બચશે તે પશ્ચિમ રેલવે દ્વારા સુધારિત સમયપત્રક જાહેર થયા બાદ જ સ્પષ્ટ થશે.

આ ઉપરાંત અમદાવાદ-પટના એક્સપ્રેસ (૧૯૪૨૧/૨૨)ને પણ ૧૩૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે દોડવાની મંજૂરી આપવામાં આવી છે. આ ટ્રેનના કોચની સંખ્યા પણ ૨૦થી વધારીને ૨૨ કરવામાં આવી છે. ■

### ફોન પર

ચાલવાનો હોવાથી મોહમ્મદ ઇકબાલ ઇબ્રાહિમ ખાનને જામીન પર મુક્ત કરવો જોઈએ.

ગયા અઠવાડિયે આપેલા એક આદેશમાં અદાલતે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ દ્વારા ખાનની કથિત ગુનાઓમાં સંડોવણી તરફ નિર્દેશ કરતી ભાગ્યે જ કોઈ રજૂઆત કરવામાં આવી છે. પોલીસ સમક્ષ ખાન વિરુદ્ધ કરવામાં આવેલા સાક્ષીઓનાં નિવેદનોને નિર્દોષ ગણાવી અદાલતે નોંધ્યું હતું કે આરોપી પીએફઆઈનો સભ્ય હતો એટલું જ પુરવાર થાય છે, પરંતુ તેની સામે ઘડવામાં આવેલા કોઈ ગુના સાબિત નથી થતા.

આરોપમાં ખાનના ફોન પર પેટ્રોલ બૉમ્બ ટ્યુટોરિયલ વીડિયોનો ઉલ્લેખ કરી નિર્દેશ કરવામાં આવ્યો હતો કે તેણે આ ક્લિપ બીજા કોઈને ફોરવર્ડ કરી નથી કે કોઈને એ ટેકનિકનો ઉપયોગ કરવા માટે ઉશ્કેર્યા નથી.

મહારાષ્ટ્ર એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)એ સપ્ટેમ્બર ૨૦૨૨માં ખાનની ધરપકડ કરી હતી અને તે હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. તેની સામે ભારતીય દંડ સંહિતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ). ■

### અભિનેતા સૈફ અલી

રાખી હતી. આ મહિલાની શરૂઆતમાં એડિશનલ સેશન્સ જજ જી.પી. દેશમુખે આરોપી શરીફુલ ઇસ્લામ સામે આરોપ ઘડ્યા હતા, જેથી ટ્રાયલનો માર્ગ મોકળો થાય. આરોપી શરીફુલ ઇસ્લામ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ફોરેન્સ એક્ટ અને પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ) નિયમોની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે બાંદ્રા વિસ્તારમાં ઇમારતના ૧૨મા માળે આવેલા ફ્લેટમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સૈફ અલી ખાન પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ઘવાયેલા સૈફને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ઇમર્જન્સી સર્જરી કર્યાના પાંચ દિવસ બાદ તેને ડિસ્ચાર્જ કરાયો હતો. (પીટીઆઇ) ■

### મતદાર યાદીમા

વેરિફિકેશનને નામે ફરિયાદીને એપીકે ફાઈલ ડાઉનલૉડ કરવાની ફરજ પાડી હતી. પછી ફરિયાદીના બૅન્ક ખાતામાંથી ૮.૮૯ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. આ જ રીતની છેતરપિંડી ૧૯ ઑગસ્ટે ૭૫ વર્ષના ફરિયાદી સાથે થઈ હતી. આ કેસમાં ફરિયાદીને ઑફિશિયલ રેકોર્ડમાં પિતાના નામમાં સુધારો કરવા નેટ બૅન્કિંગથી પાંચ રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું. પછી ફરિયાદીના ખાતામાંથી ૬.૮૪ લાખ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી બન્ને કેસની તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

### મહારાષ્ટ્ર એફડીએની

જણાવ્યું હતું કે યુનિટના નિરીક્ષણ દરમિયાન દવાઓ સીધી ફ્લોર પર રાખવામાં આવેલી મળી હતી અને એક્સપાયર્ડ દવાઓને હેન્ડલ કરવાની પ્રક્રિયાઓમાં પણ ખામીઓ જોવા મળી હતી.

આ વર્ષે જૂનની આસપાસ હાથ ધરવામાં આવેલા નિરીક્ષણ દરમિયાન અધિકારીઓને જાણવા મળ્યું કે પ્રિસ્ક્રિપ્શન પર વેચાનારી દવા ''રીએક્ટિન પ્લસ ટેબ્લેટ્સ'' ના પેકેજિંગ પર તેને અનધિકૃત રીતે ''એનાલ્જેસિક અને એન્ટિપ્રાયરેટિક'' તરીકે લેબલ લગાવવામાં આવ્યું હતું. એફડીએ એ આ દવાનો ૧૧.૧૯ લાખ રૂપિયાનો સ્ટોક જપ્ત કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું કે આ પ્રકારનો પ્રચાર ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ અને ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ની જોગવાઈઓ વિરુદ્ધ છે.

આ પછી એફડીએ એ કંપનીને બજારમાંથી ખોટી રીતે લેબલવાળી રિએક્ટિન પ્લસ ટેબ્લેટ્સ પાછી ખેંચવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે, નિયમનકારના જણાવ્યા મુજબ, કંપનીએ આ સૂચનાઓનું સંપૂર્ણપણે પાલન કર્યું નથી. ત્યારબાદ કરવામાં આવેલા નિરીક્ષણમાં સીએન્ડએફ યુનિટની દવા વેચાણ અને વિતરણ પ્રણાલીમાં સ્ટોરેજ ખામીઓ, ખરીદી અને વેચાણ રેકોર્ડ અને વાસ્તવિક કોમ્પ્યુટરાઇઝ્ડ સ્ટોક ડેટા વચ્ચે વિસંગતતાઓ અને દવાઓ પરત લેવાની સૂચનાઓનું પાલન ન થયું હોવાનું બહાર આવ્યું. આ પછી એફડીએ એ લાઇસન્સધારકને કારણ બતાવો નોટિસ જાહેર કરી હતી. ■

### સુપ્રિયા સુળેના

સભ્ય ચિત્રા તાઈ વાઘ દ્વારા મને પહોંચાડવામાં આવી હતી. હું તેમના અસીમ પ્રેમ અને આશીર્વાદનો હૃદયપૂર્વક સ્વીકાર કરું છું. તમારા આશીર્વાદ મને જાહેર સેવાના કાર્યને પરિપૂર્ણ કરવા માટે વધુ શક્તિ અને પ્રેરણા આપતા રહેશે. હું દ્રઢપણે માનું છું કે ભાઈએ ફક્ત તેની બહેનોનું રક્ષણ જ નહીં પણ તેમને સશક્ત બનાવવાનો પણ સંકલ્પ લેવો જોઈએ. મહારાષ્ટ્રની લાખો બહેનોના પ્રેમના ઋણી રહીને, મારો સંકલ્પ છે કે હું દરેક બહેનને આત્મનિર્ભર અને સશક્ત બનાવવા માટે કામ કરતો રહીશ.'

રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવતા સુપ્રિયાએ અજિત પવારને યાદ કરીને એક ભાવનાત્મક પોસ્ટમાં જણાવ્યું કે 'આજે રક્ષાબંધન છે... પણ આ વખતે, તમે અમારી સાથે નથી. આ વાત મને હૃદયમાં કોરી ખાય છે. ખૂબ બેચેની અનુભવી રહી છું. સાત મહિના પહેલાની તે ભયાનક સવાર અને તમારી અચાનક વિદાય... આજે પણ મને વિશ્વાસ નથી બેસતો.'

સુપ્રિયાએ ભાઈ-બહેનના પ્રેમ, સાથે થયેલો ઉછેર, ઝઘડા અને પ્રેમની બાળપણની યાદો શેર કરી જણાવ્યું હતું કે 'તમે અચાનક ટપકી પડશો એવા ભણકારા વાગે છે. રાખડી બાંધવાની, બહેનો સાથે અલકમલકની વાતો કરવાની અને તમે ફરી પરિવારમાં ભળી જાઓ એવી લાગણી થાય છે.' (પીટીઆઈ) ■

### પ્રાથમિક મતદાર

સપ્ટેમ્બર સુધીમાં વાંધા-વિરોધ સંબંધિત વિધાનસભા મતદાર સંઘ કાર્યાલયમાં સ્વીકારવામાં આવશે. વિધાનસભા મતદાર સંઘ ઑફિસોની માહિતી મુંબઈ મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે. પાલિકા અનુસાર બીએલઓ સંપર્ક કરી શક્યા ન હોય એવા મતદારો, જેમના રેકોર્ડમાં તફાવત જણાયો છે એવા મતદારો અને જેમણે વાંધા-વિરોધ નોંધાવ્યા છે એવા મતદારોને ૩૧ ઑગસ્ટથી ૨૯ ઑક્ટોબર, ૨૦૨૬ દરમિયાન મતદાર નોંધણી અધિકારી કાર્યાલય દ્વારા નોટિસ મોકલવામાં આવશે. સુનાવણી કરીને આવા મતદારોના વાંધા-વિરોધનું સમાધાન કરવામાં આવશે.

એ સિવાય પહેલી ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ જેમની વય ૧૮ વર્ષ પૂરી થઈ હશે એવા મતદારો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં નવા મતદારો માટેનું ફૉર્મ જરૂરી દસ્તાવેજો સાથે ભરીને મતદાર યાદીમાં પોતાનાં નામ નોંધાવી શકશે. વળી, જે મતદારોનાં નામ પ્રાથમિક મતદાર યાદીમાં સમાવાયાં નથી અથવા જેમનાં નામ યાદીમાંથી રદ કરાયાં છે એ લોકો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ફૉર્મ ભરીને મતદાર યાદીમાં નામ નોંધાવી શકશે. આ માટે યોગ્ય દસ્તાવેજો રજૂ કરવા જરૂરી હોવાનું પાલિકાનું કહેવું છે. ■

### મરાઠા ક્વોટા

મુદ્દાની જટિલતાઓને સમજવાની તેમની ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા હતા.

''વિખે પાટીલ મુખ્યત્વે ખાંડના કારખાનાઓ સાથે સંબંધિત બાબતોનું જ્ઞાન ધરાવે છે. તેઓ ફેક્ટરીઓ સિવાય કંઈ જાણતા નથી અને કંઈ સમજતા નથી. ઉત્પાદિત ખાંડ બારીક છે કે બરછટ, અને ગોળનું ઉત્પાદન થયું છે કે તે ગટ્ટામાં ફેરવાઈ ગયું છે,'' એમ જરાંગેએ કહ્યું હતું.

તેમણે મહેસૂલ પ્રધાન અને ભાજપ નેતા ચંદ્રશેખર બાવનકુળે દ્વારા ઓળખાયેલા રેકોર્ડની સંખ્યા અંગે આપેલા કથિત નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો.

''બાવનકુળેએ કહ્યું હતું કે ૨૨ લાખ રેકોર્ડ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે કદાચ એટલા બધા નહીં હોય. અને તમે મરાઠાઓના તારણહાર બનવા માગો છો? તમને મરાઠાઓ માટેની પેટા સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. તમે તેમની કેટલી મજાક ઉડાવશો અને છેતરશો?'' એવો સવાલ જરાંગેએ કર્યો હતો.

તેમણે આરોપ કર્યો હતો કે સરકાર અગાઉ ઓળખાયેલા ૫૮ લાખ કુણબી રેકોર્ડની સંખ્યા ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે.

જરાંગેએ મહાયુતિ સરકારને સમુદાયની માગણીઓને સંબોધિત કરવા માટે યોગ્ય ઠરાવ (જીઆર) બહાર પાડવા વિનંતી કરી હતી.

''મરાઠાઓને યોગ્ય જીઆર આપો. નહીંતર, અમે તમને સત્તાના હોદ્દા પર રાખીશું નહીં અને તમારા હાથમાં હવે કોઈ અધિકાર રહેશે નહીં,'' એમ જરાંગેએ પ્રધાનો વિખે-પાટીલ, ઉદય સામંત અને શંભુરાજ દેસાઈના નામ લેતા કહ્યું હતું. ■

### સાયબર ફ્રોડના

આવ્યા હતા. બૅન્ક ઑફ મહારાષ્ટ્રમાંના દેવિકાના એકાઉન્ટનો ઉપયોગ એક ઑનલાઈન ફ્રોડમાં કથિત રીતે થયો હોવાથી ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળના કેસમાં પૂછપરછ માટે હાજર થવાની નોટિસ અધિકારીઓએ આપી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

આ અંગે ચોખવટ કરવા માટે દેવિકા થાણે પોલીસ મુખ્યાલયમાં આવેલા સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટમાં ગઈ હતી. ત્યાંના અધિકારી સાથેની વાતચીતમાં તેને જાણવા મળ્યું હતું કે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, આંધ્ર પ્રદેશ, બિહાર અને તમિળનાડુ રાજ્યોમાં તેની વિરુદ્ધ અનેક સાયબર ફ્રોડના કેસો નોંધાયેલા છે. પોલીસ પૂછપરછનો સામનો કરવા તેણે વિવિધ રાજ્યોમાં જવું પડશે, એવા વિચારથી તેના મનમાં ડર પેસી ગયો હતો. ચિંતામાં તેણે મંગળવારની સાંજે ચાર વાગ્યાની આસપાસ બ્લેડથી કાંડાની નસ કાપ્યા પછી ગળા પર ચીરો મૂક્યો હતો, એવું તેનાં સગાંસંબંધીએ પોલીસને કહ્યું હતું.

લોહીલુહાણ હાલતમાં દેવિકાને પરિવારજનો નજીકની ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી તેને પાલિકા સંચાલિત શાસ્ત્રી નગર હૉસ્પિટલમાં લઈ જવાની ભલામણ કરાઈ હતી. પાલિકાની હૉસ્પિટલમાં લઈ જવાયેલી દેવિકાને તબીબે મૃત જાહેર કરી હતી. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

### ઝેરોક્સની દુકાને

ત્યાર બાદ બન્ને પક્ષના કાર્યકરો બાખડી પડ્યા હતા.

માહિતી મળતાં જ ખારઘર પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ભાજપના કથિત પદાધિકારીને તાબામાં લીધો હતો. પોલીસે દુકાન સંકુલમાંથી હજારોની સંખ્યામાં છપાયેલા એસઆઈઆર ફૉર્મ્સ જપ્ત કર્યાં હતાં.

તાબામાં લેવાયેલા ભાજપના પદાધિકારીને પૂછપરછ માટે ખારઘર પોલીસ સ્ટેશને લઈ જવાયો હતો, જ્યાંથી તે નાસી ગયો હોવાનો આક્ષેપ સેના (યુબીટી)ના કાર્યકરોએ કર્યો હતો. પોલીસ તેની શોધ ચલાવી રહી છે. આ મામલે તપાસ ચાલી રહી હોવાથી કોઈ ગુનો નોંધાયો ન હોવાનું નવી મુંબઈ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## પારસી મરણ

ઝાલ જહાંગીર એન્જિનિયર તે ફરીદા ઝાલ એન્જિનિયરના ખાવીંદ. તે મુરહુમો ગુલ તથા જહાંગીર એન્જિનિયરના દીકરા. તે આસ્તાદ અને ફિરોઝાના બાવાજી. તે દીલઝીના સસરાજી. તે અદી એન્જિનિયરના ભાઇ. તે મહેરઝીન એન્જિનિયર તથા વરૂન એન્જિનિયરના બપાવાજી. તે શેરનાઝ સાયરસના કાકાજી. તે ડોલી તથા બહેરામ ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૮૧) રે. ઠે. ફ્લેટ નંબર ૧૦, જ્યોતી મહલ, બીજે માળે, બિલ્ડિંગ નંબર-૧૩, નોશીર ભરૂચા માર્ગ, મુંબઇ નંબર-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૨૯-૮-૨૬ ને દિવસે બપોરે ૩.૪૫ વાગે સેઠનાની અગિયારીમાં કરવામાં આવશેજી.

## જૈન મરણ

**વિશા શ્રીમાળી ૧૦૮ ના ગોળનું જૈન મંડળ**

અરવિંદભાઈ ચંદુલાલ શાહ (ઉં. વ. ૮૩) મુળ વતન કંથરાવી હાલ - મલાડ આજ રોજ શુક્રવાર તા. ૨૮/૦૮/૨૦૨૬ના અરિહંત શરણ પામેલ છે. જ્યોત્સનાબેનના પતિ. અમિષાબેન, ડિમ્પલબેન, ચિરાગભાઈના પિતાશ્રી. ચેતનકુમાર, કલ્પેશકુમાર, જિજ્ઞાબેનના સસરા. સ્વ. કનુભાઈ, સ્વ. અનંતભાઇ (બકુભાઈ), સ્વ. નટવરભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. ચંદ્રિકાબેન (બચીબેન)ના ભાઈ, સસરાપક્ષઃ સ્વ. બાબુલાલ પુંજીરામ શાહ (આસજોલ મહેસાણા)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૯/૦૮/૨૬ શનિવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ શ્રી પારેખ હોલ જીતેન્દ્ર ક્રોસ રોડ,મલાડ ઈસ્ટ, મુંબઈ -૪૦૦૦૯૭ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

દેદાદરા નિવાસી હાલ બોરીવલી જશવંતલાલ છોટાલાલ શાહ (ઉં. વ. ૮૪) તે રંજનબેનના પતિ. સ્વ. ભગવાનલાલ મૂળચંદ શેઠ હાલ સુરેન્દ્રનગરના જમાઈ. ફાલ્ગુની, ભાવના, મિતેષ, દર્શનાના પિતા. જયેશ, મનીષ, હિરેન તથા વૈશાલીના સસરા. સ્વ. રંજનબેન રમેશચંદ્ર ગાંધી તથા સ્વ. સેવંતભાઈના ભાઈ. ૨૭/૮/૨૬ના અરિહંત શરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩૦/૮/૨૬ ના રોજ ૧૦ થી ૧૨ કલાકે પાવનધામ, એમ સી એ ગ્રાઉન્ડ પાછળ, મહાવીર નગર કાંદિવલી વેસ્ટમાં રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (ભેંસાણ) નિવાસી હાલ કાંદિવલી, મુંબઈ વસંતરાય દુર્લભજી કામાણી (ઉં. વ. ૮૩) તા. ૨૭/૦૮/૨૬ના અરિહંત-શરણ પામેલ છે. તેઓ નિરુબેનના પતિ. ભાવેશના પિતા. સેજલના સસરા અને તનિષાના દાદા, સાસરા પક્ષે સ્વ બાલુભાઈ રાયચંદ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર વિશા ઓસવાલ જૈન**

નરેન્દ્ર ફતેહચંદ જગજીવનદાસ ઝવેરી (ઉં. વ. ૮૪), હંસાબેનના પતિ અને ધીરેનભાઈ અને સ્વાતિબેનના પિતા. ફેનિલભાઈ તથા રૂપાલ બેનના સસરા, જામનગર નિવાસી જમનાદાસ છગનલાલ શાહના જમાઈનું તા. ૨૭મી ઓગસ્ટ ૨૦૨૬ના અવસાન થયેલ છે. નિવાસસ્થાનઃ ૮૦૧, હરિ ભુવન, ન્યૂ એરા સ્કૂલની બાજુમાં, તેજપાલ લેન, મુંબઈ - ૪૦૦ ૦૦૭. લૌકીક વ્યવહાર બંધ છે.

**નૃસિંહપુરા દિગંબર જૈન**

ગામ નરસીપુર, હાલ દહિસર મુંબઈ સ્વ. સોનલ અપુર્વ શાહ (ઉં. વ. ૪૫) અપુર્વ દિનેશ શાહનાં ધર્મપત્ની. દિયાનનાં મમ્મી, હેમલતા દિનેશ અમૃતલાલ શાહનાં પુત્રવધૂ. ભારતી જયંતીલાલ ચીમનલાલ શાહની પુત્રી (ચોટીલા), મોનાલી હિતેશ શાહ અને ધર્મેશનાં બહેન તા. ૨૬-૮-૨૬ ના બુધવારે અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થનાસભાઃ રવિવાર તા. ૩૦-૮-૨૬ ના બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે સ્થળઃ દામોદરવાડી, અશોક નગર, કાંદિવલી પૂર્વ, મુંબઈ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ - ઘાટકોપર સ્વ. હસુમતીબેન અમૃતલાલ દોશીની સુપુત્રી ચિ. મૃદુલાબેન (મધુબેન) (ઉં. વ. ૬૭) તે સરોજબેન મનહરલાલ (સાવરકુંડલા), સ્વ. કિરણભાઈ તથા નિધીશભાઈના બેન. તે સ્વ. કાંતિભાઈ, સ્વ. હરીભાઈ, સ્વ. રમણિકભાઈ, સ્વ. જયંતિભાઈ તથા લીલાવતીબેન હીરાલાલ, ભાનુમતીબેન પ્રતાપરાયની ભત્રીજી. વિલીન તથા ફોરમના માસી તથા મિત્તલના માસીજી, મોસાળપક્ષે શાંતિલાલ ચત્રભુજ દોશી - બગસરા (હાલ મુલુંડ)નું તા. ૨૮-૮-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસ સ્થાનઃ ૯, જમનાદાસ સદન, એલ બી એસ રોડ, જલારામબાપા માર્ગ, ઘાટકોપર, (પશ્ચિમ).

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

સ્વ. રંભાબેન વ્રજલાલ ઠક્કરના સુપુત્રી ભાવનાબેન (ઉં. વ. ૬૯) તે સ્વ. અજીતભાઇ, મહેન્દ્રભાઇ, મીનાક્ષીબેન, બિમલભાઇ કાપડીયાના બેન. તા. ૨૭-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

ખંભાત નિવાસી હાલ વિલેપાર્લે અ. સૌ. આશાબેન (ઉં. વ. ૮૬) તે બાલકૃષ્ણ નટવરલાલ શાહના ધર્મપત્ની. તે અ. સૌ. નીનાબેન, ચિ. દેવાંગ તથા વિનિતના માતુશ્રી. તે અ. સૌ. ગીતા તથા અ. સૌ. નેહલના સાસુ. તે માનસી-આદીત્ય, મોનીલ-ક્રિમા, મિથીલ તથા ચિ. મિલોનીના દાદી. તે સ્વ. વિજયાબેન મોહનલાલ કોઠારીના દીકરી. ગુરુવાર તા. ૨૭-૮-૨૬ના ગુરુશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કપોળ**

ડુંગરવાળા હાલ કાંદિવલી સ્વ. હરીલાલ લવજીભાઇ દોશીના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૯૨) તા. ૨૭-૮-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેશભાઇ, જીતેન્દ્રભાઇ, ગં. સ્વ. પ્રવિણાબેન પ્રશાંતકુમાર વંદનાબેન કૃષ્ણકાંત, વર્ષાબેન જયેશકુમારના માતુશ્રી. તે ભામીનીબેન, રીનાબેનના સાસુ. તે સ્વ. જગુભાઇ, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. મણીબેન બાબુભાઇ, સ્વ. શાંતાબેન કાકુભાઇ, ગં.સ્વ. મંજુલાબેન નંદલાલભાઇ, સ્વ. જયાબેન પ્રાણજીવનદાસના ભાભી. મોસાળ પક્ષે શિહોરવાળા કનૈયાલાલ હરીલાલ સંઘવી, સ્વ. દમુબેન અનંતરાય મહેતા, સ્વ. હીરાબેન છોટાલાલ, સ્વ. તારાબેન જયંતીલાલના બેન. તે આયના મિતુલ, આકૃતી ચીરાગ, ઇશા તથા એકતા આશીશના દાદી. પ્રાર્થનાસભા ત. ૩૦-૮-૨૬ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનક વાસી, જૈન શ્રાવક સંઘ, એસ. વી. રોડ, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, કાંદિવલી (વેસ્ટ).

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

સ્વ. પ્રભુલાલ હિંમતાલાલ શાહના પત્ની ગં. સ્વ. સરોજબેન (ઉં. વ. ૯૭) તે વિભા, હેમંત તથા જયેશના માતુશ્રી. તે હેમંતભાઇ, આરતીબેન તથા પ્રીતીબેનના સાસુજી. તે રાધિકા, આલોકના દાદી. તે કિંજલ અને વીનીતાના નાની ગુરુવાર, તા. ૨૭-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સુરતી દશા મોઢ માંડલિયા વણિક**

ગં. સ્વ. રંજનબેન (ઉં. વ. ૭૮) તે સ્વ. અનિલ જયંતીલાલ શાહના ધર્મપત્ની. નીકીતા, અમિષા અને બીજલના માતુશ્રી. તથા અરુણેશ, અમિત તથા આદિત્યના સાસુ. તથા આનંદીતાના નાની. તા. ૨૭-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મધુબેન મગનલાલ કિંગર (ઉં. વ. ૭૯) તા. ૨૪-૮-૨૬ના અવસાન પામેલ છે. ગામ મીંઢયારી તે સ્વ. રામાબાઇ કરસનદાસ જેઠાભાઇ કિંગરના પુત્રવધૂ. તે મગનલાલ કિંગરના પત્ની. તે પ્રીતિ હિતેશભાઇ કોઠારી, નીલુ વિપુલકુમાર, સ્વ. નિર્મલ અને હિરેનના માતા. હિતેશભાઇ મોહનલાલ કોઠારી અને નેહાબેનના સાસુ. તે સ્વ. વસંતબેન ઝવેરીલાલ કેશવજી તન્નાના પુત્રી. તે વિમળાબેન, સુશીલાબેન, અશોકભાઇ, પૂર્ણિમાબેન, ચંદ્રિકાબેન, હરીશભાઇ, શોભનાબેન, સ્વ. મહેશભાઇના બેન. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

મૂળગામ ભાણવદ હાલ ડોમ્બિવલી નિવાસી સ્વ. વિજયાબેન દેવજી ઠકરારનાં સુપુત્ર કિરીટકુમાર દેવજી ઠકરાર (ઉં. વ. ૬૨) તા. ૨૭-૮-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. સ્વ. ચંદ્રિકાબેન નટવરલાલ ગણાત્રાના જમાઇ. તે સ્વ. મુકેશભાઇ, ઉમેદભાઇ, ધીરજબેન, પુષ્પાબેન, ભારતીબેનના ભાઇ. હંસાબેનના દેર. તે પ્રશ્ના કરણકુમાર ભીંડે અને આકાંક્ષાના પિતાશ્રી. મૃણાલી, ભાવિનકુમાર, પ્રીતેશકુમારના કાકાજી સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૮-૨૬ શનિવારે ૪.૩૦થી ૬. ઠે. જલારામ મંદિર, ઓમ આશીર્વાદ બિલ્ડિંગ, સ્વામી સ્કૂલની બાજુમાં, મહાત્મા ફૂલે રોડ, ડોમ્બિવલી (વેસ્ટ).

**મોઢ અગિયાસણા બ્રાહ્મણ**

ગામ પીપળાવ હાલ કલ્યાણ, શારદાબેન અંબાલાલ પંડ્યાના સુપુત્ર દિલીપભાઈ (ઉં. વ. ૭૮)તા.૨૨/૮/૨૦૨૬ ને શનિવારે દેવલોક પામ્યા છે. જે વિરૂબેનના પતિ. સ્વ.વાસુદેવભાઈ પંડ્યાના મોટા જમાઈ. મીતા શરદકુમાર જાની, ધવલના પિતા. કાવ્યા, ધ્રુમિના નાના. સ્વ.સુરેશભાઈ, સ્વ.અરૂણભાઈના ભાઈ. તેમની પ્રાર્થના સભા તા.૩૦/૦૮/૨૬ રવિવાર ના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ સ્થળ : લોહાણા મહાજન વાડી, આગ્રા રોડ, કલ્યાણ (૫) ખાતે રાખેલ છે.

**કપોળ વૈષ્ણવ**

ચોગઠવાળા (હાલ મીરારોડ) સ્વ. વ્રજલાલ ત્રિભુવનદાસ દેસાઈના સુપુત્ર કનૈયાલાલ વ્રજલાલ દેસાઈ (ઉં. વ. ૮૬) તા. ૨૮-૦૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શ્રીમતી જસવંતી દેસાઈના પતિ. હિતેશ, ધર્મેશ, જયેશ, નીલમના પિતા. પ્રિતી, કાનન, રીટા અને નૈનેશ દોશીના સસરા. સ્વ. નારાયણદાસ મોરારજી ગાંધી (ભિવંડીવાળા)ના જમાઈ. ક્રિષ્ના કરણ દેસાઈ, હરનીલ, ડેનિશ, ઐશ્વર્યા દર્શિલ શેઠ અને વૈષ્ણવીના દાદા. કૃપા, ઉર્વી, યશના નાના, સ્વ. બળવંતરાય દેસાઈના નાના ભાઈ તથા સ્વ. ઇન્દુમતી દેસાઈના દિયર. બંને પક્ષે પ્રાર્થના સભા : તા. ૩૦-૦૮-૨૦૨૬ સમયઃ સાંજે ૫ થી ૭. સ્થળ : હેપ્પી હોમ કોમ્પ્લેક્સ ક્લબ હાઉસ નજીક, બેંક ઓફ ઇન્ડિયા, શાંતી પાર્ક, મીરારોડ (પૂ.) ૪૦૧૧૦૭.

**કપોળ**

જાનબાઇ દેરડીવાળા હાલ કાંદિવલી સ્વ. મંજુલાબેન કાંતિલાલ કરવતના પુત્રવધુ ઉષાબેન નીતિનભાઈ કરવત (ઉં. વ. ૬૫) તે તા. ૨૭/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે કરણ, અવની,મોહિતના માતુશ્રી. પ્રિયંકા, મિલનકુમાર સુતરીયા. સ્નેહાના સાસુ, મીના અશોકકુમાર સંઘવી, દક્ષા ભરતકુમાર પારેખના ભાભી. સ્વ. ઇલાબેન છગનલાલ હરગોવિંદાસ મહેતાના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૩૦/૮/૨૬ ના રોજ ૪ થી ૬ કલાકે શ્રી વર્ધમાન સ્થા જૈન શ્રાવક સંઘ, પારેખ ગલ્લી કોર્નર, એસ વી રોડ કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

દામનગરવાળા, હાલ ભાયંદર રહેવાસી અ. સૌ. શારદાદેવી ધીરજલાલ હકાણી (ઉં. વ. ૭૮), તે ધીરજલાલ જમનાદાસ પરમાનંદદાસ હકાણીના ધર્મપત્ની. તે સ્વ.અમિતભાઈ-ગં સ્વ. આશા , સંગીતા - મનીષ, ફાલ્ગુની- તેજસ મિત્તલ- પૂજા ના માતુશ્રી. તે સ્વ. વિમળાબેન અને વિઠ્ઠલદાસ ભગવાનદાસ ગાંધી (ધારીવાળા)ના સુપુત્રી. તે સ્વ. જસવંતીબેન જીવણદાસ હકાણી, સ્વ.હંસાબેન બળવંતરાય હકાણી, સ્વ.ગીતાબેન અનંતરાય હકાણી, સ્વ. ઉષાબેન ઇન્દ્રવદન મથુરિયા,સ્વ. વસંતબેન મહેન્દ્રભાઈ વોરા અને સ્વ.જયાબેન પ્રવિણ ભાઈ મેહતાના ભાભી. તે ૨૭ ઓગસ્ટ ને ગુરુવાર ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા રવિવાર ૩૦ ઓગસ્ટ ૨૦૨૬ ના રવિવાર બપોરે ૩:૦૦ થી ૫:૦૦ રાખેલ છે. સ્થળઃ રાજસ્થાન હોલ, નવરંગ હોટેલની બાજુમાં, ૬૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ). (લૌકિક પ્રથા બંધ છે.)

**હિન્દુ મેઘવાળ**

ગામ-નાના જાદરા (મહુવા) હાલ મુંબઈ, શાંતિનગરના રહેવાસી સ્વ.જેઠીબેન અને સ્વ.બાવાભાઈ ભીમા વેલારીના પુત્ર સ્વ. દેવજીભાઈ (મનુભાઈ) બાવાભાઈ વેલારી (ઉં. વ.૭૬) તા. ૨૩/૮/૨૬ના રવિવારના સ્વર્ગવાસ પામ્યા છે.તેઓ સોનાબેનના પતિ. પુષ્પાબેન, અશોકભાઈ, દિપકભાઇ, કુસુમબેન, ભરતભાઈના પિતા, સ્વ. મીઠાભાઈ વીરા મારૂના જમાઈ- ભાણેજ, કાનજીભાઈ તેમજ કિશોરભાઈ મારૂના બનેવી. વસંતભાઈ, પ્રેમીલાબેન, સ્વ. ધનજીભાઈના મોટાભાઈ, રોનીત, જીનલ, યશ, ગોરાંગ, પ્રીયાષુ, જૈનમ, જનક, ચીરાગના દાદાજી. તેમના બારમાની વિધિ ૩૦/૮/૨૬ના રવિવારે સાંજે ૫-૦૦ કલાકે રામદેવપીર મંદિર સભાગૃહ, રામદેવ નગર, જે.આર. બોરીચા માર્ગ, ચીંચપોકલી ખાતે રાખવામાં આવી છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ રાજપરા દ્વારકા હાલ થાણા નિવાસી ચંદ્રકાંત લક્ષ્મીદાસ ઠક્કર (દાવડા) (ઉં. વ. ૯૩) તે શુક્રવાર તા ૨૮/૦૮/૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. તે શીલાબેનના પતિ. તે શૈલેષ, અલ્કા, દિપક કાપડિયા, અમિતા ઉદયભાઈ રાયથટ્ટાના પિતાશ્રી. તે કલીબેન વલ્લભદાસ ઉનડકટ, સ્વ.અરૂણભાઈ, ચારુલતા, કિશોરભાઈના મોટા ભાઈ. તે વાસંતીના સસરા. તે કુસુમબેન રતનલાલ પુનાવાલાના જમાઈ. તે ગાયત્રી જયેશ ઠાકરેના દાદા. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા શનિવાર તા ૨૯/૦૮/૨૬ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ કલાકે રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, ખારકર આળી, થાણે વેસ્ટ ખાતે રાખેલ છે.

**દશા સોરઠિયા વૈષ્ણવ વણિક**

મેંદરડા નિવાસી હાલ મુંબઈ- દહીસર, લલીતભાઈ જમનાદાસ શેઠ (ઉં.વ.૮૭) તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ, તે સ્વ. શાંતાબેન અને સ્વ.જમનાદાસ વિઠ્ઠલદાસ શેઠના પુત્ર તારીખ ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે તે કાર્તિક શેઠ. જયશ્રી સાંગાણી અને રાજેશ્રી પારેખના પિતા. તે ભરત નાથાલાલ સાંગાણી, અરવિંદ ધીરજલાલ પારેખ અને રીના શેઠના સસરા. તે સ્વ. મનહરભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, મહેન્દ્રભાઈ, કિર્તીભાઈ, સ્વ.મંછાબેન પ્રભુદાસ, સ્વ. હંસાબેન સૌભાગ્યચંદ્ર અને સ્વ. ભારતીબેન પ્રવીણભાઈના ભાઈ. તે ભવ્ય અને શુભમના દાદા. તે જય, ભવ્ય અને ચિરાગના નાના. લોકિક પ્રથા બંધ રાખેલ છે.

**ખંભાતી દશા પોરવાડ**

નડિયાદ નિવાસી હાલ પૂના વિલેપાર્લા શીલાબેન (ઉં. વ. ૭૯) શુક્રવાર તા. ૨૮-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રજનીકાંત નગીનદાસ શાહના ધર્મપત્ની. દેવાંગ-દિશા, મિહિતા-વિમલકુમાર, પ્રિયા-દર્શનકુમારના માતુશ્રી. કેવિન, કશ્વી, પ્રધ્યુત-ઇશિતા, પરિયન-નીશી તથા સિદ્ધિના દાદી-નાની. નીનાબેન -કૃષ્ણકાંત, ઉર્મિલાબેન-સ્વ. સુબોધચંદ્રના ભાભી. પિયર પક્ષે ચીંચણ નિવાસી સ્વ.નીતિનભાઇ- સ્વ. હેમાબેન, સુધાબેન-સ્વ. બીપીનભાઇ, નીલાબેન- સ્વ. નલીનભાઇ, પ્રતિભાબેન- સ્વ. ભરતભાઇના બહેન. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

### ૨૯૦ પ્રવાસી નેપાળમાં

જીવ તાળવે ચોંટ્યા છે.

રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, નેપાળમાં ફસાયેલા મહારાષ્ટ્રના પ્રવાસીઓ અંગે સતત માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સંચાર વ્યવસ્થા ખોરવાઈ હોવાથી કેટલાક પ્રવાસીઓ સાથે સંપર્ક કરવામાં મુશ્કેલી પડી રહી છે. મહારાષ્ટ્રના ૬૦ પ્રવાસીઓ એક જ ટ્રાવેલ એજન્સી દ્વારા આયોજિત નેપાળ પ્રવાસ પર ગયા હતા. આ તમામ પ્રવાસીઓનો હાલ સુધી સંપર્ક થઈ શક્યો નથી. સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા આ પ્રવાસીઓની સ્થિતિ અંગે માહિતી મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સંપર્કવિહોણા પ્રવાસીઓ ક્યાં છે અને તેઓ કઈ સ્થિતિમાં છે તે અંગે હજુ ચોક્કસ માહિતી મળી શકી નથી. બીજી તરફ, રાજ્યના કંટ્રોલ રૂમે ૨૯૦ પ્રવાસીઓ સાથે સંપર્ક સ્થાપિત કર્યો છે. આ તમામ પ્રવાસીઓ નેપાળના અલગ-અલગ વિસ્તારોમાં ફસાયેલા છે, પરંતુ તેઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રવાસીઓ સાથે સંપર્ક સ્થાપિત થવો તેમના પરિવારજનો માટે મોટી રાહત સમાન છે. જોકે, તેઓ જે વિસ્તારોમાં ફસાયેલા છે ત્યાં પૂર અને રસ્તાઓને થયેલા નુકસાનને કારણે સામાન્ય અવરજવર હજુ પણ મુશ્કેલ બની છે. જોકે તેમને શક્ય તેટલી ઝડપે સુરક્ષિત ભારત પાછા લાવવાના પ્રયાસ શરૂ છે.

મહારાષ્ટ્રના નેપાળમાં ફસાયેલા લોકોમાંથી ૧૦૫ પ્રવાસીઓ ટૂંક સમયમાં પરત ફરશે તેમને રેસ્ક્યુ કરાયા હતા. રાજ્ય સરકાર દ્વારા સંબંધિત એજન્સીઓ સાથે સંકલન કરીને પ્રવાસીઓને સુરક્ષિત રીતે પરત લાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. સરકારનું ધ્યાન હાલ ત્રણ બાબતો પર છે, ફસાયેલા પ્રવાસીઓ સાથે સંપર્ક સ્થાપિત કરવો, સુરક્ષિત પ્રવાસીઓને પરત લાવવાની વ્યવસ્થા કરવી અને સંપર્કવિહોણા ૬૦ પ્રવાસીઓ અંગે ચોક્કસ માહિતી મેળવવી.

ઉલ્લેખનીય છે કે ૨૬ ઓગસ્ટના રોજ નેપાળના તિબેટ સરહદે આવેલા રસુવા જિલ્લામાં ભોટે કોસી નદીમાં અચાનક ભારે પૂર આવ્યું હતું. પૂરનાં જોરદાર પ્રવાહે મોટા પાયે વિનાશ કર્યો હતો છે. પૂરનાં પાણી કાળ બનીને આવ્યાં હતાં અને પાણીની સામે જે આવ્યું તે વહાવીને લઈ ગયા હતા. આ દુર્ઘટનામાં અનેક લોકોનાં મોત થયાં છે અને રસ્તાઓ તથા અન્ય માળખાને પણ નુકસાન પહોંચ્યું છે. પૂરના કારણે અનેક વિસ્તારોનો સંપર્ક તૂટી ગયો છે, જેના કારણે બચાવ અને રાહત કામગીરીમાં પણ મુશ્કેલી ઊભી થઈ રહી છે. આવી સ્થિતિમાં નેપાળમાં રહેલા ભારતીય પ્રવાસીઓની સુરક્ષાને લઈને તેમના પરિવારજનોમાં ચિંતા વધી છે.

આ દરમિયાન કૈલાશ માનસરોવર યાત્રા પૂર્ણ કર્યા બાદ તિબેટમાં ફસાયેલા મહારાષ્ટ્રના ૩૭ યાત્રાળુઓ શુક્રવારે સવારે કાઠમંડુ માટે રવાના થયા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની દરમિયાનગીરી બાદ આ યાત્રાળુઓને તિબેટમાંથી બહાર કાઢવાની પ્રક્રિયા આગળ વધી હતી.મુખ્ય પ્રધાનના કાર્યાલય દ્વારા અપાયેલી માહિતી અનુસાર, આ પ્રવાસીઓના જૂથમાં થાણે, પુણે, રાયગઢ, અલીબાગ અને ડોમ્બિવલીના યાત્રાળુઓનો સમાવેશ થાય છે. તેઓ સવારે લગભગ છ વાગ્યે સાગા વિસ્તારમાંથી ન્યાલમ ચેકપોસ્ટ મારફતે કાઠમંડુ તરફ રવાના થયા હતા. આ યાત્રાળુઓ માટે કાઠમંડુથી ભારત પરત ફરવાની ફ્લાઇટ ૨૯ ઓગસ્ટે બપોરે બે વાગ્યે નિર્ધારિત કરવામાં આવી છે. નેપાળની આ કુદરતી આફત વચ્ચે મહારાષ્ટ્રના ૨૯૦ પ્રવાસીઓ સુરક્ષિત હોવાની માહિતીથી તેમના પરિવારજનોને રાહત મળી છે. ૧૦૫ પ્રવાસીઓની ભારત વાપસીની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. જોકે, એક જ ટ્રાવેલ એજન્સી મારફતે નેપાળ ગયેલા ૬૦ પ્રવાસીઓનો હજુ સંપર્ક ન થવાથી તેમના પરિવારજનોની ચિંતા યથાવત્ છે.રાજ્ય સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા સંપર્કવિહોણા પ્રવાસીઓ અંગે માહિતી મેળવવા તથા નેપાળમાં ફસાયેલા અન્ય મહારાષ્ટ્રીયનોને સુરક્ષિત રીતે પરત લાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ■

### કાંદા, સાકર

ભાડામાં આશરે ૧થી ૨ રૂપિયાનો વધારો થવાની શક્યતા છે. આ ઉપરાંત, ત્યારબાદના પ્રતિ કિલોમીટર ભાડામાં પણ વધારો કરવામાં આવશે.

આ ભાડાવધારાની સૌથી વધુ અસર ઓફિસ માટે દરરોજ રિક્ષા અથવા ટૅક્સીનો ઉપયોગ કરતા કર્મચારીઓ તેમજ દૈનિક મુસાફરી કરતા સામાન્ય નાગરિકો પર પડશે. રોજિંદા પ્રવાસના ખર્ચમાં થતી આ વધારાની રકમ મહિનાના અંતે પરિવારના બજેટ પર પણ મોટી અસર નિર્માણ કરી શકે છે.

દૂધના ભાવમાં વધારો અને પ્રવાસ ખર્ચમાં વધારો એકસાથે થતાં સામાન્ય મુંબઈગરાના માસિક બજેટ પર મોંઘવારીનો ડબલ માર પડી શકે છે. અંદાજ મુજબ, આ બંને વધારાને કારણે એક સામાન્ય પરિવારના માસિક ખર્ચમાં આશરે ૫૦૦થી ૮૦૦ રૂપિયા સુધીનો વધારાનો બોજ આવી શકે છે. આ ઉપરાંત શાકભાજી, કાંદા, ખાંડ, ગોળ અને અન્ય ખાદ્ય સામગ્રીમાં થયેલા વધારાને જોવામાં આવે તો સપ્ટેમ્બર મહિનાથી ઘરખર્ચમાં ઓછામાં ઓછો પાંચ હજારનો વધારો થવાની અપેક્ષા જોવાઈ રહી છે.

જે પરિવારમાં દરરોજ આશરે બે લિટર દૂધનો વપરાશ થાય છે, તેમના માટે દૂધના ખર્ચમાં મહિનામાં અંદાજે ૫૫૦ રૂપિયા સુધીનો વધારો થવાની શક્યતા છે. બીજી તરફ, દરરોજ રિક્ષા અથવા ટૅક્સીથી મુસાફરી કરનાર વ્યક્તિનો માસિક પ્રવાસ ખર્ચ અંદાજે ૩૦૦થી ૫૦૦ રૂપિયા સુધી વધી શકે છે.

સપ્ટેમ્બર મહિનાથી તહેવારોની મોસમ શરૂ થતી હોય છે તેથી ત્યારે સામાન્ય પરિવારોના ખર્ચમાં પહેલેથી જ વધારો થતો હોય છે. આવી સ્થિતિમાં દૂધ અને પ્રવાસના ખર્ચમાં વધારો થતાં ઘરનું બજેટ વધુ ખોરવાઈ શકે છે.

મુંબઈગરાઓ માટે દૂધ અને રોજિંદી મુસાફરી બંને જીવનજરૂરિયાતનો હિસ્સો છે. તેથી આ બંને ક્ષેત્રમાં ભાવવધારો સામાન્ય લોકો માટે ટાળવો મુશ્કેલ બનશે. એક તરફ ઘરનો દૈનિક ખર્ચ વધશે, તો બીજી તરફ ઓફિસ અને અન્ય કામકાજ માટેના પ્રવાસનો ખર્ચ પણ વધશે. આ રીતે સપ્ટેમ્બર મહિનો મુંબઈગરાઓ માટે મોંઘવારીનો વધુ એક પડકાર લઈને આવી શકે છે. દૂધ બાદ હવે ઓટો અને ટૅક્સીના વધતા ભાડાથી સામાન્ય મુંબઈગરાના ખિસ્સા પર વધુ ભાર પડવાની શક્યતા છે. આ મુદ્દે જાણીતા એક્ટિવિસ્ટે જણાવ્યું હતું કે દર મહિને પેટ્રોલ-ડીઝલના ભાવ વધારો થયા કરે છે પણ એના અંગે કોઈનું ધ્યાન જ હોતું નથી. ઉપરાંત, જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં પડદા પાછળ વધારો થઈ રહ્યો છે એના અંગે સરકાર કે વિપક્ષનું પેટનું પાણી હાલતું નથી. દર મહિને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે એના અંગે કોઈ પ્રદર્શન થતા નથી કે વિરોધ થતો નથી. આ મુદ્દે પણ જનતાએ લડવું પડશે એટલું નક્કી છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

સ્પોર્ટ્સમૅન
સાશા
feedback@
bombaysamachar.com

# લોકપ્રિય સ્ટેડિયમો જે ક્રિકેટના નકશામાંથી હવે ગાયબ છે

**ભારત સહિત ઘણા દેશોનાં સ્ટેડિયમો જ્યાં એક સમયે દિગ્ગજો રમ્યા હતા અને વિક્રમો રચ્યા હતા, પણ હવે એ સ્ટેડિયમો સાવ અજ્ઞાત...**


ગ્વાલિયરના કૅપ્ટન રૂપ સિંહ સ્ટેડિયમમાં સચિને વન-ડે ક્રિકેટની સૌપ્રથમ ડબલ સેન્ચુરી ફટકારી હતી.


લખનઊનું કે. ડી. સિંહ બાબુ સ્ટેડિયમ હવે ભુલાઈ ગયું છે.

થોડા દિવસ પહેલાં દુનિયાભરના ક્રિકેટ નિષ્ણાતો બાંગ્લાદેશની ઑસ્ટ્રેલિયા પરના ઐતિહાસિક ટેસ્ટ વિજય વખતે બાંગ્લાદેશ પર અભિનંદનની વર્ષા વરસાવી રહ્યા હતા ત્યારે ઘણા ક્રિકેટપ્રેમીઓના મનમાં એક સવાલ ઘૂમ્યા કરતો હતો કે જે ડાર્વિન ક્રિકેટ ગ્રાઉન્ડ પર બાંગ્લાદેશે આ યાદગાર સિદ્ધિ મેળવી એ મેદાન ઑસ્ટ્રેલિયામાં છે ક્યાં?

બાંગ્લાદેશે એ દિવસે ઑસ્ટ્રેલિયાની ધરતી પર પહેલી જ વખત જીત હાંસલ કરી હતી એટલે બાંગ્લાદેશ માટે એ વિજય ઉત્સવ કરતાં જરાય ઊતરતો નહોતો. જે કંઈ હોય, ડાર્વિન ક્રિકેટ ગ્રાઉન્ડ દુનિયાભરના લોકો માટે મૂંઝવણનો વિષય તો બની જ ગયો હતો. નવાઈની વાત એ છે કે આ ક્રિકેટલવર્સમાં ઑસ્ટ્રેલિયાના પણ કેટલાક હતા. આવું બનવાનું જ હતું, કારણકે જે ડાર્વિન ક્રિકેટ મેદાન પર બાંગ્લાદેશે ક્રિકેટના સમ્રાટ કહેવાતા ઑસ્ટ્રેલિયાને નવ વિકેટે હરાવ્યું હતું. આ ગ્રાઉન્ડની ઓળખ દુનિયાના મશહૂર ક્રિકેટ મેદાનોના નકશામાં 'ક્રિકેટના એક અજ્ઞાત કિલ્લા' જેવી જ આપી શકાય.

વાસ્તવમાં ડાર્વિન ક્રિકેટ ગ્રાઉન્ડના મૂળિયા ૧૯મી સદી સમયના છે. જોકે અહીં પ્રથમ ટેસ્ટ મૅચ ૨૦૦૩માં ઑસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ હતી અને બાંગ્લાદેશે એ જ સ્થળે ૨૦૨૬માં એની સામે વિક્રમજનક જીત મેળવી. ૨૦૦૩ની બાંગ્લાદેશ સામેની ટેસ્ટ ઉપરાંત એક વન-ડે પણ રમાઈ હતી અને ત્યાર બાદ ઑસ્ટ્રેલિયા ૨૦૦૪માં અહીં શ્રીલંકા સામે ટેસ્ટ રમ્યું હતું અને ત્યાર બાદ છેક ૨૦૨૬માં ઑસ્ટ્રેલિયા-બાંગ્લાદેશ ટેસ્ટ રમાઈ.

એવું નથી કે ઑસ્ટ્રેલિયાના નૉર્ધર્ન ટેરિટરીની રાજધાની ડાર્વિનમાં આ સ્ટેડિયમ કોઈ પ્રકારની પાયાભૂત સુવિધાઓ વિનાનું જેવું-તેવું સ્ટેડિયમ છે. અહીંના માર્રા સ્ટેડિયમને ટીઓ સ્ટેડિયમ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. ૧૩-૧૭ ઑગસ્ટ, ૨૦૨૬ દરમ્યાન અહીં બાવીસ વર્ષે રમાયેલી ટેસ્ટમાં છઠ્ઠા નંબરના બાંગ્લાદેશે વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાને હરાવીને સનસનાટી મચાવી દીધી. ૨૦૦૪ પછી છેક બાવીસ વર્ષે ડાર્વિનમાં ટેસ્ટ-ક્રિકેટે કમબૅક કર્યું એનું એકમાત્ર કારણ એ હતું કે આ સ્થળની લોકપ્રિયતા હંમેશાં ખૂબ ઓછી રહી છે. ઑસ્ટ્રેલિયાના ઉત્તર ભાગમાં ઉષ્ણ કટિબંધવાળા ક્ષેત્રમાં બનેલું આ સ્ટેડિયમ તમામ પ્રકારની સુવિધાઓથી ભરપૂર છે. ઑસ્ટ્રેલિયામાં મેથી સપ્ટેમ્બર સુધીનો સમયગાળો (હવામાનની દૃષ્ટિએ) ક્રિકેટ મૅચો માટે સૌથી અનુકૂળ માનવામાં આવે છે. આ સમયગાળામાં ડાર્વિનમાં હવામાન ખૂબ સૂકું હોય છે. જોકે ડાર્વિન શહેર ઑસ્ટ્રેલિયાના બાકીનાં મુખ્ય શહેરો (સિડની, ઍડિલેઇડ, મેલબર્ન, બ્રિસ્બેન વગેરે)ની સરખામણીમાં ખૂબ ઓછું જાણીતું છે અને એટલે શેષ વિશ્વની વાત જવા દો, ઑસ્ટ્રેલિયામાં પણ ઘણાને ખબર નહોતી કે તેમના દેશમાં આવું કોઈ સ્ટેડિયમ છે.

જોકે ક્રિકેટની દુનિયામાં એકમાત્ર ડાર્વિનનું સ્ટેડિયમ ગુમનામ કિલ્લા જેવું નથી. લગભગ દરેક ક્રિકેટ-રાષ્ટ્રમાં આવું એકાદ ક્રિકેટ સ્ટેડિયમ લોકોથી ઘણું અજાણ હોય છે. બીજી રીતે કહીએ તો આ સ્ટેડિયમ એવા છે જેને જે તે દેશના લોકો જ ભૂલી ગયા હોય છે અથવા એને વિસરાઈ ગયેલા મેદાન તરીકે ઓળખાવવામાં આવતું હોય છે.


ફરિદાબાદના નાહર સ્ટેડિયમમાં વિવ રિચર્ડ્સ રમ્યા હતા.

ભારતની જ વાત કરીએ. ઉત્તર પ્રદેશમાં લખનઊનું કે. ડી. સિંહ બાબુ સ્ટેડિયમ યાદ છે? કેડીએસબી નામનું આ ગ્રાઉન્ડ હૉકી-લેજન્ડ કે. ડી. સિંહના નામ પરથી બન્યું હતું જે એક સમયે દેશના મુખ્ય ક્રિકેટ સ્ટેડિયમોમાં ગણાતું હતું. અહીં ટેસ્ટ અને વન-ડે, બન્ને ફૉર્મેટની મૅચો રમાઈ છે, પરંતુ આજે એ લખનઊના લોકો માટે 'પુરુષ ક્રિકેટના અનામી કિલ્લા' તરીકે ઓળખાય છે. હવે લખનઊમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટે લોકોમાં ઇકાના સ્ટેડિયમ લોકપ્રિય છે. જોકે કે. ડી. સિંહ બાબુ સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટની ઘણી મૅચો રમાઈ છે.

હરિયાણામાં ફરિદાબાદનું નાહર સિંહ સ્ટેડિયમ તો કે. ડી. સિંહ બાબુ સ્ટેડિયમથી પણ વધુ કમનસીબ છે. અગાઉ મયૂર સ્ટેડિયમ તરીકે ઓળખાતા આ સ્થળે ૧૯૮૮માં વેસ્ટ ઇન્ડિઝ વિરુદ્ધ ભારતે વન-ડે રમીને સ્ટેડિયમનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને ત્યાર બાદ સીધું ૨૦૦૬માં ઇંગ્લૅન્ડ સામેની આઠમી અને અંતિમ વન-ડે મૅચ સાથે આ સ્ટેડિયમની સફર પૂરી થઈ હતી. આજે કોને યાદ હશે કે વિવ રિચર્ડ્સ જેવા દિગ્ગજ ખેલાડી ફરિદાબાદના સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યા હતા.

આ જ લિસ્ટમાં ગ્વાલિયરના કૅપ્ટન રૂપ સિંહ સ્ટેડિયમની પણ વાત ન કરીએ તો ચર્ચા અધૂરી કહેવાય. અહીં ૧૯૮૮થી ૨૦૧૦ દરમ્યાન ૧૨ વન-ડે રમાઈ હતી. ૨૦૧૦માં સચિન તેન્ડુલકરે અહીં જ વન-ડે ક્રિકેટની સૌપ્રથમ ડબલ સેન્ચુરી ફટકારી હતી. એમ છતાં આજે ગ્વાલિયરનું આ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ગ્રાઉન્ડ આ મહાન રમતના અજ્ઞાત કિલ્લાઓમાં ગણાય છે.

આવી જ સ્થિતિ જમશેદપુરના કીનન સ્ટેડિયમની પણ છે. એક સમયે આ સ્થળ ભારતીય ક્રિકેટ માટે ખૂબ જાણીતું મનાતું હતું જ્યાં ટેસ્ટ અને વન-ડે મૅચો રમાઈ હતી, પરંતુ સમયનું એવું ચક્ર ફરી ગયું કે ધીરે-ધીરે જમશેદપુરનું કીનન સ્ટેડિયમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના નકશામાંથી જ ગાયબ થઈ ગયું.

ભારતની જેમ પાકિસ્તાનના અરબાઝ નિયાઝ સ્ટેડિયમનું પણ નસીબ એવું છે જે એક સમયે પાકિસ્તાનના મુખ્ય સ્ટેડિયમોમાં ગણાતું હતું, પણ હવે અજ્ઞાત જેવું છે. પેશાવરમાં આવેલું આ મેદાન ૧૯૮૦થી ૧૯૯૦ સુધી પ્રચલિત હતું. ત્યાં પ્રથમ વન-ડે ૧૯૮૪માં રમાઈ હતી, જ્યારે પ્રથમ ટેસ્ટ છેક ૧૧ વર્ષે રમાઈ હતી. આ મેદાનમાં ભારત ઉપરાંત ઑસ્ટ્રેલિયા, વેસ્ટ ઇન્ડિઝ, શ્રીલંકા અને ન્યૂ ઝીલૅન્ડ સામે ટેસ્ટ મૅચ રમાઈ હતી. કુલ છ ટેસ્ટ અહીં રમાઈ ચૂકી છે, પરંતુ પાકિસ્તાનમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટેનાં મેદાનોની સંખ્યા ઓછી છે એવામાં પેશાવરનું આ સ્ટેડિયમ અજ્ઞાત સ્ટેડિયમોમાં ગણાય છે.

આ બધા સ્ટેડિયમોની યાદીમાં ઝિમ્બાબ્વેના ઍથ્લેટિક્સ ક્લબ ગ્રાઉન્ડ, શ્રીલંકાના રાનગિરી દામ્બુલા ઇન્ટરનૅશનલ સ્ટેડિયમ, બાંગ્લાદેશના ફતુલ્લાહ ઉસ્માની સ્ટેડિયમ, ગયાનાના પ્રૉવિડેન્સ સ્ટેડિયમ, રૉસેલૂ ડૉમિનિકાના ખૂબ જ સુંદર વિન્ડસર પાર્ક સ્ટેડિયમનો તેમ જ ન્યૂ ઝીલૅન્ડના બૅસિન રિઝર્વ અને સાઉથ આફ્રિકાના મૅંગૉગ ઓવલનો પણ સમાવેશ કરી શકાય. આ એ સ્ટેડિયમો છે જેમાં એક સમયે ક્રિકેટપ્રેમીઓની બૂમો અને ચીસોથી વાતાવરણ જીવંત રહેતું હતું.


ક્રિકેટનું સ્ટેડિયમ માત્ર પિચ, પૅવિલિયન કે પ્રેક્ષકોના સ્ટૅન્ડ સુધી સીમિત નથી હોતું. સ્ટેડિયમો જે તે દેશની ક્રિકેટ-સ્મૃતિના હિસ્સેદાર હોય છે. અહીં વિવિધ અને અનોખા વિક્રમો રચાયા હોય છે, દિગ્ગજ ખેલાડીઓ પધાર્યા હોય છે અને રોમાંચક મૅચો રમ્યા હોય છે અને તેમના શૉટ પર હજારો ચીસો અને બૂમો પડી હોય છે. જોકે અમુક સ્ટેડિયમો કમનસીબ હોય છે. આ સ્ટેડિયમો ધીરે-ધીરે ક્રિકેટના નકશામાંથી કોઈને કોઈ કારણસર ગાયબ થઈ જતા હોય છે. અન્ય દેશોના લોકોની વાત જવા દો, પોતાના દેશના (ખાસ કરીને નવી પેઢીના ક્રિકેટપ્રેમીઓ) એક દિવસ પૂછી બેસે છે કે 'અરે! અહીં પણ આંતરરાષ્ટ્રીય મૅચ રમાઈ હતી?' ■


અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

# મન્ક મ્યુઝિયમમાં 'સ્ક્રીમ' જોતાં હરખની ચિચિયારી...









બે દશક પહેલાં એમ-ટીવી પર એડવર્ડ મન્કના પેન્ટિંગ 'સ્ક્રીમ' સાથે ઇનફૉર્મલી જોવાનું થયા કરતું હતું. ત્યારે ખબર હતી કે મોનાલીસા કે ગર્લ વિથ પર્લ ઇયરિંગની માફક આ પણ એક લેજન્ડરી પેઇન્ટિંગ છે. તે પછી ગયા દશકમાં ઊડતી મુલાકાતે જૂના મન્ક મ્યુઝિયમ પર ક્રૂઝ ટાઇમને ધ્યાનમાં રાખીને ફટાફટ આંટો માર્યો હતો. અને હવે ૨૦૨૧માં બનેલા નવા મન્ક મ્યુઝિયમમાં તો ત્રણ-ત્રણ ઓરિજનલ સ્ક્રીમનાં વર્ઝન છે. તે દિવસે કયું જોવા મળી જાય તે મુલાકાતીઓ માટે સરપ્રાઇઝ બનીને રહી જતું. અમે ઓસ્લોમાં સમયના પ્રમાણમાં વધુ પ્રવૃત્તિઓ પ્લાન કરી ચૂક્યાં હતાં. એવામાં અમારે સાંજે વિગલેન્ડ પાર્ક તરફ જવાનું હતું અને તે પહેલાં મન્ક મ્યુઝિયમને ભરપૂર માણીને ઓસ્લોની નાઇટલાઇફ પણ જોવા નીકળવાનું હતું.

મન્ક મ્યુઝિયમની ટિકિટ પણ અમે પહેલેથી જ લઈ રાખેલી. તેમાંય સ્લૉટ પ્રમાણે એન્ટ્રી મળતી હતી. એક સમયે નિશ્ચિત સંખ્યામાં લોકોને અંદર લઈ જવાની વ્યવસ્થા હતી. પહેલેથી બૂકિંગ ન કરાવો તો મન્કનું કયું સ્ક્રીમ તમારા નસીબમાં જોવાનું હતું તે ચૂકી જવાત. ત્યાં ત્રણ વર્ઝનમાં એક ક્રેયોન સ્કેચ, એક લિથોગ્રાફ અને એક પારંપરિક પેન્ટિંગ છે જે સ્ક્રીમનું સૌથી લોકપ્રિય વર્ઝન છે અને મ્યુઝિયમમાં જો તમે માત્ર એક જ કલાક વિતાવો તો માત્ર એક જ વર્ઝન જોઈ શકશો. દર કલાકે મ્યુઝિયમ વર્ઝન બદલી નાંખે છે. અમે તો એવું આયોજન કરીને ગયેલાં કે કમસેકમ બે વર્ઝન તો જોઈને જ નીકળીએ.

એન્ટ્રન્સ પર પહેલાં જ મ્યુઝિયમ ગિફ્ટશોપ પકડાઈ ગઈ અને હવે તો લેજન્ડરી આર્ટ અને થ્રિડી પ્રિન્ટરનો ઉપયોગ થતાં જાણે સુવિનિયર ઇન્ડસ્ટ્રી તો સાવ બદલાઈ ગઈ છે. ટોટબેગ્સ, મન્કનાં અને બીજાં નોર્વેજિયન કલાકારોનાં પેન્ટિંગ્સની પ્રિન્ટ્સ, મેગ્નેટ્સ, પોસ્ટકાર્ડ્સનાં ઓર્ગેનાઇઝ્ડ ઢગલાઓ પાર કરીને કશું લીધા વિના બહાર નીકળવાનું જરા મુશ્કેલ લાગ્યું. હવે સુવિનિયરની ખરીદી વેલ્યૂ મુજબ થાય છે. એવું જ લેવું જે ખરેખર યાદગાર લાગે. મન્કની જિંદગી, તેની આર્ટની સ્ટાઇલ, તેનાં નોર્વેનાં ઘરો, ઉછેર, બધું અહીં અત્યંત વિગતે ડોક્યુમેન્ટેડ છે અને આ કલાકારે પોતાની મોટાભાગની મહત્ત્વની અને થોડી ઓછી મહત્ત્વની કૃતિઓ પણ દેશને નામ કરી છે. એટલે નોર્વે સ્ટેટ તેનો ધારે તે ઉપયોગ કરી શકે. એટલે જ કદાચ મન્કની કૃતિઓ ખ્યાતનામ હોવાં છતાં તેની કિંમત માટે કદી ચર્ચામાં નથી હોતી.

મન્કનાં ચિત્રોમાં એક અજીબ ગમગીન માહોલ રહેતો અને તે સ્કેન્ડિનેવિયન વેધર સાથે જોડાયેલો હતો કે તેમના લાઇફલોન્ગ ડિપ્રેશન સાથે, પણ તેમનાં ચિત્રો સમયને પણ તેમની અંદર સમાવીને બેઠાં હતાં. સ્કેન્ડિનેવિયન દેશો એક યા બીજી દુનિયાની સૌથી 'હેપ્પી કંટ્રી'નાં લિસ્ટમાં આવ્યાં કરે છે. ત્યાંની ઠંડી, ગ્રે માહોલ, ટચૂકડો સમર વગેરે જોઈને ત્યાંનાં લોકોને પણ નવાઈ લાગતી હોય છે કે તેમનાં દેશો ખુશ લોકોના લિસ્ટમાં આટલાં ઉપર કઈ રીતે આવી જાય છે. ત્યાં ફરીને, કુદરતનું સૌંદર્ય જોઈને, ચોર્ડ અને પહાડો અને હાઇક ટ્રેલ્સ વચ્ચે અડધું વર્ષ મોટાભાગે અંધારામાં કઈ રીતે વિતાવવાનું તે પ્રશ્ન થયા વિના રહે નહીં.

મન્કની જિંદગી વિષે જેટલું વધુ જાણવા મળી રહ્યું હતું એટલું જ વધુ ગમગીન થતું જવાતું હતું. તેણે જાણે પોતાની કલાનો પોતાની એન્કઝાઇટી કંટ્રોલ કરવા માટે કર્યો હોય તેવું લાગતું હતું. તેમની મોટાભાગની નેગેટિવિટી તેમના મિલિટરી ડોક્ટર પિતાની ઘરમાં લોકોને કંટ્રોલ કરવામાં સતત બધાંને તલવારની ધાર પર ચાલવું પડતું હતું. તે માંડ પાંચ વર્ષનો હતો ત્યાં તેની માતા ટીબીમાં ગુજરી ગઈ, વળી ૧૪ વર્ષનો હતો ત્યાં તેની માનીતી બહેન પણ ટીબીમાં ગુજરી ગઈ. તેમને જિંદગીભર જે પણ ગમતું તેમનાથી છીનવાઈ જતું એવું લાગવા માંડ્યું હતું.

અમે મન્કની અલગ અલગ પેન્ટિંગ સ્ટાઇલમાં એક ૧૫ મિનિટની વર્કશોપ પણ કરી જોઈ. ખાસ તેનું 'સ્ક્રીમ' જોવા માટે તો સતત ટોળામાં જ ઊભા રહેવું પડતું હતું. અમે એટલું રહ્યાં કે ત્રણેય વર્ઝન જોઈ શક્યાં. જોકે તેમની સાઇઝનું પણ મોનાલીસા જેવું જ છે. ઓરિજિનલ એટલું ટચૂકડું છે કે જોયું કે ન જોયું ખાસ ફરક નહોતો પડતો. બસ એટલું કહેવાના બ્રેગિંગ રાઇટ્સ મળે કે અમે એ જ પેન્ટિંગની બાજુમાં શ્વાસ લીધો હતો. મ્યુઝિયમમાં આર્ટ ઉપરાંત બીજી એક મજાની વાત છે ત્યાંનું ટોપ ફ્લોરનું કાફે. ત્યાંથી ઓસ્લોનો પેનોરમા વ્યૂ પણ ચૂકવા જેવો નથી. આખું મ્યુઝિયમ નવું અને લોકોને કમ્ફર્ટેબલ રહી શકાય તે ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે તે અનુભવી શકાતું હતું.

આ મ્યુઝિયમમાં થોડીવાર માટે દુઃખી ભલે થઈ જવાયું, તેણે જે આર્ટનું કલેક્શન દુનિયા માટે સર્જ્યું છે તેનાથી ઘણાંને પોતાના મનની વાત તેની કલામાં ઝલકતી દેખાય છે. તેઓ અવારનવાર પેરિસ જઈને ત્યાંનાં કલાકારો અને સાહિત્યકારોનો પ્રભાવ પણ સાથે લઈ આવતા. તેઓ કદી પરણ્યા પણ નહીં અને ૮૦ વર્ષની જિંદગીમાં જે પણ સર્જ્યું તે બધું અમે ત્યાં જોઈ રહ્યાં હતાં. ખરેખર કલા મારફતે પોતાની અંદરની વાત દુનિયાને કહી શકવાનો મન્કમાં કદાચ સુપરપાવર જ હતો તેવું કહી શકાય. આજે તો તેમના સ્ક્રીમને યુદ્ધથી માંડીને પર્યાવરણ અને પોલિટિક્સ, દરેક પ્રકારના પ્રશ્નોના સંદર્ભમાં વાપરવામાં આવે છે.

એક સાંજે ઓસ્લોમાં જ ચાલવા નીકળ્યા પછી આકાશનો રંગ અચાનક એવો નાટકીય રાતો બની ગયો કે જાણે કુદરત ચીસ પાડી રહી હોય અને તે કુદરતની ચીસ સાંભળવાનું અનુભવ્યું હોય તેવું કાન પર હાથ રાખીને ટ્રોમેટાઇઝ થયેલો માણસ મન્ક પોતે જ છે એવું પણ લાગે, અને આમ જોવા જાઓ તો તે કોઈ પણ હોઈ શકે. ક્યારેક માણસ પોતે પણ પોતાની અંદરની ચીસ માટે પણ કાન આડા હાથ કરતો હોય છે. પ્રવાસ ઘણી વાર મેકેનિકલ લાગવા માંડતો હોય છે, આવી પળો તેને અચાનક જ જીવંત બનાવી દેતી હોય છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# રક્ષાબંધન - મેળો - ડુંગળી ને ખાંડ વિરુદ્ધ ચુનિયાનો જુગાડ




બજેટ ડામાડોળ? ચુનિયોનો જુગાડ તો છે જ! 'મિસ્ટર ફિકરમુક્ત' ચુનીલાલની ડાયરી ખુલી!

- અને એક મર્દનો અવાજ આવ્યો : 'તમારો ચુનિયો 'બજેટ-ભંગ' નહીં થવા દે...'

બે છેડા ભેગા કરવા તેણે જુગાડુ જાહેરાત કરેલી કે 'ગમે તેટલા ભાવ વધે - ગમે તેટલા મહેમાન આવે - ગમે તેટલા ઉત્સવો કે તહેવારો આવે... તમારું બજેટ ડામાડોળ નહીં થવા દઉં.'

તોરલે જેમ જેસલને કહેલું કે 'તારી બેડલીને ડૂબવા નહીં દઉં' અને જેસલને જે હાશકારો થયો હતો તેવી ફિલિંગ આવી.

આમેય ચુનિયો કશું મફત કરે નહીં એટલે ફી તરીકે પાંચ કિલો ડુંગળી, પાંચ કિલો ખાંડ અને ૫૦૧ રૂપિયા રોકડા રાખેલા.

આ મહિને તો તહેવારોનો એવો 'ડોઝ' આવ્યો છે કે સામાન્ય માણસનું બજેટ વેન્ટિલેટર પર આવી ગયું છે.એક બાજુ રક્ષાબંધન, બીજી બાજુ સાતમ-આઠમનો મેળો, વચ્ચે આવતું મીની વેકેશન અને ઉપરથી રસોડામાં ગર્જના કરતા ડુંગળી-ખાંડના ભાવ!

અમારા ચુનીલાલ પોતાના ડ્રોઇંગ રૂમમાં પદ્માસન વાળીને બેઠા, સામે એક ડાયરી, હાથમાં બૉલપેન અને કપાળ પર પસીનાનાં ટીપાં બાજી ગયાં, પરંતુ તે જાણતો હતો કે તે કોઈ દેશનું અર્થતંત્ર નથી સુધારી રહ્યો, પણ પોતાના ઘરના 'બે છેડા' ભેગા કરવા માટે અણનમ જુગાડની શોધ કરી રહ્યો છે. પછી કોઈ 'નીટ'ની એક્ઝામનું પેપર નીકળતું હોય તેમ મગજમાંથી મુદ્દાઓ સરક્યા.

ચાલો, જોઈએ ચુનીલાલનો આ 'માસિક મોક્ષ માર્ગ'!

શરૂઆત થઈ રક્ષાબંધનથી. ચુનીલાલે પહેલો જુગાડ અજમાવ્યો : 'ડિજિટલ પ્રેમ અને સસ્પેન્સ કવર!'

તેણે બહેનોને રાખડી બાંધ્યા પછી સુંદર શુકનનું કવર આપ્યું. અંદર ૫૦૦ની નોટ મૂકવાને બદલે એક ચિઠ્ઠી મૂકી: વ્હાલી બહેન, તારો પ્રેમ અમૂલ્ય છે. આ રકમ મેં તારા નામે 'ઇમેજનરી એફડી'માં મૂકી છે, જે તને હું આવતી જન્માષ્ટમીએ (અથવા બજેટ સરખું થાય ત્યારે) વ્યાજ સાથે આપીશ!

જો મોટી બહેન જો રોકડેરોકડો વ્યવહાર જ માંગે તો google payની તૈયારી કરવી અને પાંચ મિનિટ પ્રયત્ન કર્યા પછી કહેવું, 'અરેરે! સર્વર ડાઉન છે, સાંજે પહોંચી જશે!' (જે સાંજ ક્યારેય આવવાની નહોતી).

રસોડાનો રાજા અને રાણી એવા ડુંગળી-ખાંડનો ડિપ્લોમેટિક બહિષ્કાર કરવા માટે અમુક ડાયલૉગ પાકા કરાવવા...

રક્ષાબંધન પતે એટલે રસોડાનું સરપ્રાઇઝ ઑડિટ કરવું.

પત્ની કડક અવાજે કહે કે 'સાંભળો છો? ખાંડ પૂરી થઈ ગઈ છે અને ડુંગળીના ભાવ તો આસમાને પહોંચ્યા છે. ભજીયાં વગર સાતમ-આઠમ કેમ ઊજવાશે?'

ચુનીલાલે 'આરોગ્ય અને આધ્યાત્મિક' જુગાડ લૉન્ચ કર્યો છે.

ડુંગળીનો વિકલ્પ આપીને કહેવું 'પ્રિયે, તને ખબર છે? શાસ્ત્રોમાં લખ્યું છે કે શ્રાવણ-ભાદરવામાં ડુંગળી ન ખવાય! એનાથી તામસી વૃત્તિ વધે. આપણે આખો મહિનો સાત્વિક રહેવાનું છે. ડુંગળી બંધ, એટલે શરીર પણ ફિટ અને પાકીટ પણ ફિટ!'

ખાંડનો વિકલ્પ આપવો અને કહેવું 'અને ખાંડ? અરે, ખાંડ તો 'સફેદ ઝેર' છે! ડૉક્ટરો કહે છે કે ગળપણ ઓછું ખાવું જોઈએ. આ તહેવારોમાં આપણે ઘરના બધા સભ્યોને 'શુગર-ફ્રી' લાઇફસ્ટાઇલ પર શિફ્ટ કરીએ છીએ. મીઠાઈના બદલે આપણે બધા પ્રેમથી એકબીજાનું મોઢું મીઠું કરાવીશું!'

આટલું બોલ્યા પછી ઊંધા ફરી જવું નહીં તો પત્નીના ડોળાનો સામનો નહીં કરી શકો.

સાતમ-આઠમના મેળામાં જવાની જીદ થાય સ્વાભાવિક છે તો શું કરવું?

'વર્ચ્યુઅલ રિયાલિટી'નો જાદુ અજમાવવો, 'પપ્પા, મેળામાં જવું છે! ચગડોળમાં બેસવું છે, ફુગ્ગા ફોડવા છે અને જંક ફૂડ ખાવું છે!' બજેટ અહીં જ સો ટકા કૉલેપ્સ થઈ જાય. મેળામાં જવું એટલે ઓછામાં ઓછો બે-ત્રણ હજારનો ધુમાડો!

જોકે ચુનીલાલના ઇન્ડિયન જુગાડુ સિલેબસમાં જણાવ્યા પ્રમાણે :

ઘરમાં 'હોમ-મેડ મેળો' ઊભો કરવો. ચગડોળનો અનુભવ કરાવવા નાના દીકરાને ઘરમાં રહેલી પ્લાસ્ટિકની ફરતી ખુરસી (Office Chair) પર બેસાડી અને ગોળ-ગોળ ફેરવો. સાથે ટેપરેકૉર્ડરમાં મોટેથી મેળાનું સંગીત વગાડો. છોકરો ચક્કર ખાઈને નીચે પડશે અને બોલશે : 'પપ્પા, બસ... બહુ મેળો થઈ ગયો!'

ખાણી-પીણીમાં મેળાની ભેળ અને ચાટના બદલે તેમણે ઘરમાં મમરા-સેવ ભેગા કરીને મોટો બાઉલ ભરી દઈ અને નામ આપવું રૉયલ મેળા સ્પેશ્યલ ઇન્દોરી ભેલ!

ચગડોળના પૈસા બચાવવા મેળાના મેદાન બહાર ઊભા રહીને છોકરાઓને કહેવું 'જુઓ બેટા, ચગડોળમાં બેસો તો ઊલટી થાય. આપણે નીચે ઊભા રહીને જ આકાશમાં ગોળ ગોળ ફરતા લોકોને જોઈને આનંદ લેવાનો! આને કહેવાય 'ઓપન-ઍર એન્ટરટેઇનમેન્ટ'!

મીની વેકેશનને જુદી પરિભાષામાં લેવું. 'સ્ટેકેશન' (Staycation)નો મંત્ર આપવો.

ઑગસ્ટમાં સળંગ ત્રણ રજા આવતી હતી. આજુબાજુના પાડોશીઓ ગોવા, ઉદયપુર અને મહાબળેશ્વરના સ્ટેટસ મૂકી રહ્યા હતા. એકવાર આવે જ કે 'આપણા પાડોશી એમના પરિવારને લઈને માઉન્ટ આબુ ગયા છે અને તમે મને આ આખો ઑગસ્ટ ઘરમાં જ પૂરી રાખી છે!'

જરાય ગભરાયા વગર ચશ્માં સરખા કરી અને કહેવું, 'પ્રિયે, તું હજુ આધુનિક ટ્રેન્ડથી અજાણ છે! અત્યારે દુનિયામાં 'ટૂરિઝમ' જૂનું થઈ ગયું છે, હવે 'સ્ટેકેશન' અને 'ઇકો-ફ્રેન્ડલી લિવિંગ'નો જમાનો છે.'

ઘરની અગાસી પર બે ચટાઈ પાથરી, નીચે કૂંડાં ગોઠવવાં અને કહેવું, 'આ આપણું 'ગ્રીન વૅલી રિસૉર્ટ' છે.'

સાંજે બટાકા પૌંઆ બનાવીને અગાસી પર ખાવા અને પંખાની હવા નીચે બેસીને કહેવું, 'જોયું? ન ટ્રાફિકની કચકચ, ન હોટેલનું મોંઘુ બિલ, અને તાજી હવા ફ્રીમાં!'

આમ જુઓ તો તહેવારોની મજા મિત્રો સગાં-વહાલાંઓ અને કુટુંબીજનોને ભેગા કરી આનંદ કરવામાં આવે.

ચુનીલાલે પોતાનો આ સિલેબસ વેચી અને ૫૦ કિલો ડુંગળી ૫૦ કિલો ખાંડ અને ૧૦,૦૦૦ રૂપિયા ભેગા કરી લીધા છે. એને બારોબાર જલસા થઈ ગયા.

**વિચારવાયુ:** ખાંડની ચાસણીમાં ડૂબાડેલી ડુંગળીના કટકાનું કચુંબર એક શાહી વાનગી ગણાશે.

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્થાપત્યમાં બંધિયાર ને ખુલ્લાપણું



આવાસની રચના પાછળ ઘણા હેતુ છે. આવાસ થકી વિપરીત પરિબળો સામે રક્ષણ મળે, સલામતીની ભાવના જાગે, જે તે કાર્ય માટે સગવડતા મળી રહે, જીવન-જરૂરિયાતની ચીજ વસ્તુઓનો સંગ્રહ સરળ બને, કૌટુંબિક ભાવના દૃઢ થાય અને સાથે સાથે એક ઓળખ બંધાય. આવા આવાસમાં વિરોધાભાસી બાબતોનું સહ-અસ્તિત્વ જોવા મળે છે. આવાસ થકી માનવી પોતાના વ્યક્તિગત જીવન માટે સીમા નક્કી કરે છે. આ સીમામાં ગોપનીયતા જળવાઈ રહે તેવો પ્રયાસ થતો હોય છે. આ માટે આવાસને બાહ્ય પરિસ્થિતિથી વિમુખ બનાવાય તો સાથે સાથે બહારના સમાજ સાથેનો સંબંધ પણ જરૂરી હોવાથી ક્યાંક સંપર્કતા પણ સ્થપાય છે. આવાસની રચના જ એટલા માટે કરવામાં આવે છે કે માનવીનું પોતાનું વ્યક્તિગત ક્ષેત્ર નિર્ધારિત થઈ જાય, સાથે સાથે તે ક્ષેત્ર સમગ્ર વસવાટ - જન સમુદાય સાથે ચોક્કસ પ્રકારનાં સમીકરણો જાળવી શકાય.

માનવી સામાજિક પ્રાણી છે. તે સમાજમાં બધાની સાથે રહેવા ઈચ્છતો હોય છે અને સાથે સાથે તેને પોતાની ગોપનીયતા પણ જાળવી રાખવી હોય છે. માનવીને અમુક પ્રકારના સંબંધ માન્ય છે તો સાથે ચોક્કસ બાબતો માટે તે અલગ રહેવા માગે છે. તે મોકળાશ તો ઈચ્છે છે, પણ આ મોકળાશ એક પ્રકારની સીમિતતાવાળી હોવી જોઈએ. તે ખુલ્લાપણું તો ઈચ્છે છે, પણ સાથે ચોક્કસ પ્રકારની બાધીત પરિસ્થિતિમાં તે વધુ સલામતી અનુભવે છે. ખુલ્લાપણું અનુભવવા તે આવાસની સામે પોતાનું આંગણું બનાવે છે અને તે આંગણાને દીવાલ વડે બંધિયાર બનાવી દે છે. ક્યારેક ખુલ્લાપણા માટે તે આવાસની અંદર ચોકની વ્યવસ્થા કરે છે પણ આ ચોક ચારે તરફથી ઓરડાઓ વડે ઘેરાયેલો હોય છે. આવાસની રચનામાં કે જીવનમાં, મોકળાશની ઈચ્છા રાખતો માનવી તે મોકળાશને પોતાની રીતે બાંધી રાખવા પ્રયત્ન કરતો હોય છે.

વ્યક્તિગત ગોપનીયતાના વિચારો તથા ગોપનીયતાના સામાજિક ધારા-ધોરણો ભિન્ન હોય છે. વ્યક્તિગતતામાં શક્ય હોય તેટલી બાબતો પોતાના પ્રભાવ તથા તાબા હેઠળ રાખવાનો પ્રયત્ન થાય છે, જ્યારે સામાજિક ગોપનીયતામાં ઘણાં સમીકરણો બદલાઈ જાય. આવાસમાં વ્યક્તિ પોતાના ઘરની આસપાસ આડશ રૂપ વંડો બનાવે જેથી તેના દ્વારા નિયંત્રિત થતી પરિસ્થિતિ - સીમા નિર્ધારિત થાય. આ વંડાની અંદર પછી ઝાપો એ રીતે બનાવવામાં આવે છે જેનાથી બહારના સમાજ સાથે - બહારની પરિસ્થિતિ સાથે ઇચ્છિત સંપર્ક સ્થપાય. આવાસના ઓરડાને બહારની પરિસ્થિતિથી બચાવવા કે અલિપ્ત રાખવા દીવાલો બનાવાય છે. આધુનિક આવાસની એક જરૂરિયાત મુજબ દીવાનખંડ અને રસોડા વચ્ચેનો દૃશ્ય સંપર્ક જળવાઈ રહે તે માટે બે વચ્ચેની દીવાલ દૂર કરાય અને પછી આ દૃશ્ય સંપર્કના જે તે પ્રકારે સુનિશ્ચિત કરવા માટે વચ્ચે ચોક્કસ પ્રકારની છિદ્રાળુ આડાશ ઊભી કરાય.

આવાસની રચનામાં ખુલ્લાપણું જરૂરી છે. પ્રાપ્ય જમીનનું ક્ષેત્રફળ ઓછુ હોય કે બાંધકામ સીમિત ક્ષેત્રફળવાળું હોય, તો પણ ખુલ્લાપણાની અપેક્ષા રખાય જ છે. આવાસના વિસ્તારને મુખ્યત્વે ત્રણ ભાગમાં વર્ગીકૃત કરી શકાય : ઉપયોગિતા માટેનો વિસ્તાર, સંગ્રહ સ્થાન તરીકે નિર્ધારિત થતી જગ્યા અને ખુલ્લાપણા કે મુક્તતાનો અહેસાસ કરાવતા સ્થાન. રસોઈ કરવા માટે જે જગ્યા જોઈએ તે ઉપયોગિતા પ્રકારની શ્રેણીમાં આવે. કબાટ માટે જે જગ્યા જોઈએ એને સંગ્રહસ્થાન કહેવાય. જ્યારે આ બંને વચ્ચે રહેલી, રાચરચીલા-મુક્ત જગ્યા વડે ખુલ્લાપણું અનુભવાય. આ જગ્યાનો કુટુંબના સભ્યો પોતાની ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકે. મહેમાન આવે ત્યારે આવા સ્થાને રાત્રે પથારી પથરાઈ જતી હોય અને રજાના દિવસોમાં અહીંયા જ બેસીને કેરમ કે પત્તા રમાતા હોય. લગ્ન સમયે અહીં જ મહેંદી મૂકવામાં આવે અને કુટુંબમાં નિધન થયું હોય તો અહીં જ ખરખરો કરવામાં આવે. આવાં મુક્ત સ્થાનો જ આવાસને જીવંત બનાવે છે.

પરંપરાગત ગ્રામ્ય વિસ્તારના આવાસમાં આગળનું આંગણું ખુલ્લાપણાનો મહત્તમ અહેસાસ કરાવી શકે. શહેરી વિસ્તારના એપાર્ટમેન્ટમાં આ શક્યતા નથી હોતું. અહીં તો ૬-૧૦ એપાર્ટમેન્ટની વચ્ચે ચારે તરફથી બંધિયાર એવો માત્ર આવનજાવનનો માર્ગ હોય છે, જે ખુલ્લાપણાનો અહેસાસ કરાવવા સમર્થ નથી. છતાં પણ આવા સ્થાનને પૂર્ણ રીતે બંધિયાર ન બનાવી ત્યાં જો કુદરતી હવા-ઉજાસની વ્યવસ્થા ઊભી કરાતી હોય અને જો આ સ્થાનનું ક્ષેત્રફળ વધારે રાખી સામાન્ય ઉપયોગિતાની સંભાવના ઊભી કરાતી હોય તો આ સ્થાન બંધિયારપણાની શ્રેણીમાંથી બહાર નીકળે. જો આ શક્ય ન હોય તો ખુલ્લાપણાની અનુભૂતિ માટે આવાસની આંતરિક રચનામાં જ પૂરતી સંભાવનાઓ હોવી જોઈએ. આ મુશ્કેલ છે, પણ અસંભવ નથી.

ખુલ્લાપણું અનુભવવા માટે શહેરી વિસ્તારના એપાર્ટમેન્ટમાં સંગ્રહસ્થાન ઓછા કરી શકાય. રાચરચીલું પણ બહુ-ઉપયોગી બનાવવું પડે. જે તે સ્થાનના નિર્ધારણમાં પણ, શક્ય હોય ત્યાં, ઓવરલેપ માન્ય રાખવું પડે. સાથે સાથે બારીઓ મોટી રાખવાથી ખુલ્લાપણાની અનુભૂતિમાં વધારો થઈ શકે. ક્યારેક ઉંચી છત પણ મદદરૂપ થાય. ખુલ્લાપણું અનુભવવા દરેક પ્રકારની ભૌતિક કે મનોવૈજ્ઞાનિક ગીચતા ઓછી કરવી પડે. આનાથી વિપરીત પરિસ્થિતિથી બંધિયારપણાનો ભાવ ઊભરી શકે.

પ્રાપ્ય બજેટમાં આવાસનું ક્ષેત્રફળ તેટલું જ રહે. તેથી, જીવનશૈલીના ધોરણે, અગ્રતાક્રમમાં ન આવે તેવી બિન-જરૂરી ઉપયોગિતા ઓછી કરવી પડે. જે જરૂરી હોય તેટલા જ પદાર્થો - સામગ્રી સંઘરવાની ટેવ પાડવી પડે. સૌથી અગત્યનું, જે છે તે પૂરતું છે - તે પ્રમાણે સંતોષ માનવો પડે. જ્યાં સુધી વધુ મોટા આવાસની અપેક્ષા હોય ત્યાં સુધી અત્યારનું આવાસ ગમે તેટલું હોય, તો પણ નાનું જણાશે.

ખુલ્લાપણાની અનુભૂતિ આવાસની બહાર પણ થઈ શકે. બની શકે કે આવાસ માત્ર રહેવાની અનુકૂળતા માટેના સાધન તરીકે જ હોય. આવાસ સમૂહની બહાર, સામાન્ય વિસ્તારમાં, ચોક્કસ પ્રકારની સવલતો ઊભી કરી શકાય. આનાથી આવાસ પ્રત્યેની અપેક્ષામાં થોડી હળવાશ આવી શકે. પણ આ પ્રક્રિયામાં આવાસનું એક એકમ તરીકે જે મહત્ત્વ છે તે ઓછું થઈ જાય. આવાસ એ એવું સ્થાન છે જ્યાં કૌટુંબિક સમીકરણો તથા સંબંધો દૃઢતા પામે છે. ભારતીય સમાજમાં કુટુંબ એક અગત્યનું ઘટક છે - અને આવાસ આ ઘટકનું આશ્રય સ્થાન.

આવાસ એ લાગણીઓને પ્રતિબિંબિત કરતી રચના છે. અહીં ઉપયોગિતા સાથે વ્યક્તિની સંવેદના અને ભાવના પણ સમાવાવી જોઈએ. આવાસ એ રહેવા માટેનું મશીન માત્ર નથી. મશીન ઉપયોગિતાની દૃષ્ટિએ યોગ્ય રહે પણ તેમાં વ્યક્તિની લાગણીઓનું પ્રતિબિંબ ન પડે. આવાસનું ઇચ્છિત બંધિયાર કે ખુલ્લાપણું માનવીની હકારાત્મક લાગણીઓને હકારાત્મક પ્રતિભાવ આપવાનું એક અસરકારક માધ્યમ બની શકે.

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પ્રણય | પ્રભાવ |
| પ્રણામ | પ્રેમ |
| પ્રત | નમસ્કાર |
| પ્રતાપ | સામનો |
| પ્રતિકાર | નકલ |

### જાણવા જેવું

ગણ એટલે પ્રજાસત્તાક રાજ્ય, પ્રજાતંત્ર, ગણ રાજ્ય, પોતાની મેળે પોતાનો કારભાર ચલાવીને તથા પ્રામાણિક ધંધાઓ કરીને પોતાની આજીવિકા ચલાવનાર લોકોનો સમૂહ. ઐતિહાસિક દૃષ્ટિએ ગણનો અર્થ પ્રજાસત્તાક રાજ્ય થાય છે. ૨૬ જાન્યુઆરી આપણો ગણતંત્ર દિન પણ કહેવાય છે.

### ગુજરાત મોરી મોરી રે

પુરુષ હોવા છતાં પણ મંચ પર સ્ત્રીની ચાલ, અવાજ અને હાવભાવ સચોટ રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કરનારા કલાકાર કોણ?

અ) રેવાશંકર
બ) જયશંકર
ક) બાપુલાલ
ડ) ઉમિયાશંકર

### નોંધી રાખો

*સંબંધમાં વિશ્વાસ હોવો જરૂરી ગણાય છે, પણ સાથે સાથે એ વિશ્વાસનો ગેરલાભ નથી લેવાતો એ સમજણ પણ જરૂરી છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | ૮ | | | | |
| | | ૯ | | | | | | ૧૦ | |
| | ૧૧ | | | | ૧૨ | | | | |
| ૧૩ | | | | ૧૪ | | | | ૧૫ | ૧૬ |
| ૧૭ | | | ૧૮ | | | | ૧૯ | | |
| | | ૨૦ | | | | ૨૧ | | | |
| ૨૨ | | | | | ૨૩ | | | | ૨૪ |
| | | ૨૫ | | | | | | ૨૬ | |
| ૨૭ | | | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧. ભાંગી તૂટી ઈમારત (૪)
૪. કાલાવાલા (૪)
૭. પાણી, નીર (૨)
૮. વનસ્પતિ, ઓસડીયાં વગેરેનો કાવો (3)
૯. શારીરિક, શરીરને લગતું (3)
૧૦. પુરાણું, પ્રાચીન (૨)
૧૧. લગની, ધ્યાન (3)
૧૨. મકાનમાં અજવાળા માટે મૂકેલ બાકું (3)
૧૪. પાર્વતી (3)
૧૫. નાનું જીવડું (૨)
૧૭. દૂઝણી ગાયની --- ખણી લેવી (૨)
૧૮. શબને ઓઢાડવાનું કપડું (3)
૨૦. ફીક્કું, ધોળું (3)
૨૧. સંખ્યા (3)
૨૨. સેના, લશ્કર (૨)
૨૩. ખાટું (3)
૨૫. ડેલી (3)
૨૬. --- ભલા ન બોલના --- ભલી ન ચૂપ (૨)
૨૭. મદમસ્ત (૪)
૨૮. સાંભળ્યા પ્રમાણે, જે સાંભળ્યું હોય તે (૪)


**ઊભી ચાવી**

૧. હસતાં વખતે ગાલમાં પડતો નાનો ખાડો (3)
૨. શરીર, કાયા (૨)
3. રચનાર (૪)
૪. શીતળા (૫)
૫. કલહ, કલેશ (૨)
૬. ગાંડું, પાગલ (3)
૯. મૃત્યુ સંબંધી વરો (3)
૧૨. --- આપવા=બાંયધારી આપવી (3)
૧૩. પૃથ્વી (૨)
૧૪. ઊભું (3)
૧૬. ત્રાજવું (૨)
૧૮. ઉકળતું (૫)
૧૯. દુ:ખ, આફત (3)
૨૧. મનોહર (૪)
૨૨. સુગંધ (3)
૨૪. વીતી ગયેલું (3)
૨૫. ક્ષમા (૨)
૨૬. આંસુ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ છ | ડે | ૨ ચો | ૩ ક | | ૪ ક | ૫ મ | ૬ તા | કા | ૭ ત |
| ટ | | ૮ સ | લિ | લ | | ૯ જૂ | જ | | લા |
| ૧૦ કું | વા | ર | કા | | ૧૧ શો | ર | | ૧૨ કો | શ |
| | | | ૧૩ લ | વિં | ગ | | ૧૪ ભો | લું | |
| ૧૫ સં | તા | ૧૬ પ | | | ટી | | ળી | | ૧૭ સે |
| પ | | ગ | | ૧૮ બ | | | ૧૯ યો | જ | ના |
| | ૨૦ પો | થી | | ૨૧ જ | રિ | ૨૨ ત | | | |
| ૨૩ સા | ચું | | ૨૪ શ | ર | | ૨૫ હો | ૨૬ ના | ર | ૨૭ ત |
| દ | | ૨૮ રા | ય | | ૨૯ સુ | મ | ન | | ત્પ |
| ૩૦ ગી | ર | વી | દા | ર | | ૩૧ ત | ક | દી | ર |

### ઓળખાણ પડી?




તાજેતરની શ્રીલંકા વિરુદ્ધની ટેસ્ટ મેચમાં ભારતે મેળવેલા શાનદાર વિજયમાં અસાધારણ યોગદાન આપનાર બોલર ઓળખાયો?

અ) પડીકલ  બ) સુથાર  ક) જાડેજા  ડ) પ્રસિદ્ધ ક્રિષ્ન

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ખેલમાં પોતાનું કૌશલ દેખાડી મેડલ જીતવા મથામણ થઈ રહી છે એ તાજેતરની વર્લ્ડ બેડમિન્ટન સ્પર્ધા કયાં શહેરમાં રમાઈ?

અ) સિંગાપોર  બ) ટોક્યો  ક) નવી દિલ્હી  ડ) કુઆલા લામ્પુર

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૨૪, ૭૨, ૨૧૬, ૬૪૮ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૬૪૮ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૭૨૪  બ) ૧૭૯૬  ક) ૧૮૫૮  ડ) ૧૯૪૪

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | | | | ૪ | ૧ | ૬ |
| | | ૬ | | | ૯ | | ૮ | ૨ |
| | | | | ૬ | | ૯ | | ૭ |
| ૧ | | | | | ૮ | | ૬ | |
| | ૭ | ૨ | ૬ | | ૫ | ૮ | ૪ | |
| | ૬ | | ૨ | | | | | ૩ |
| ૪ | | ૫ | | ૭ | | | | |
| ૬ | ૯ | | ૧ | | | ૭ | | |
| ૮ | ૧ | ૭ | | | | | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ |
| ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૭ | ૩ | ૪ | ૮ |
| ૯ | ૬ | ૮ | ૩ | ૧ | ૪ | ૫ | ૭ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૯ | ૬ | ૮ | ૧ | ૫ | ૪ |
| ૫ | ૯ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ |
| ૨ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ | ૪ | ૩ | ૧ |
| ૮ | ૫ | ૪ | ૧ | ૩ | ૨ | ૯ | ૬ | ૭ |
| ૬ | ૧ | ૩ | ૭ | ૪ | ૯ | ૮ | ૨ | ૫ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પ્રખર | ઉગ્ર |
| પ્રખ્યાત | જાણીતું |
| પ્રચંડ | પુષ્કળ |
| પ્રચાર | ફેલાવો |
| પ્રજા | જનતા |

ગુજરાત મોરી મોરી રે: અભિનય સમ્રાટ

ઓળખાણ પડી? બોબ મેસી

માઈન્ડ ગેમ : ૩૫૧

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : ભારત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ભરત કજરિયા (૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) મીનળ કાપડિયા (૧૧) મહેશ એન. સંઘવી (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) કુંદન કે. મારુ (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અંજુ ટોલિયા (૨૩) કમલ માતલિયા (૨૪) અરવિંદ કામદાર (૨૫) અલકા વાણી (૨૬) ડાયના સંતોકે (૨૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) હિનાબેન દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) સુભાષ મોમાયા (૩૬) નીતા દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) મહેશ દોશી (૪૧) પ્રવીણ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) હિંમત ખોલીયા (૪૫) જયવંત પદમશી ચિખલ

એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@
bombaysamachar.com

# ડચ લોકો: માનવ સમાજના માઉન્ટ એવરેસ્ટ

## નેધરલૅન્ડ્સનાં સ્ત્રી અને પુરુષ પૃથ્વી પરના સૌથી ઊંચા લોકોની ખ્યાતિ ધરાવે છે

વામન અને વિરાટ-શારીરિક કદનું પ્રમાણ દર્શાવતા આ બંને શબ્દ આપણી સંસ્કૃતિમાં પણ મહત્ત્વ ધરાવે છે. વિષ્ણુના પાંચમા વામન સ્વરૂપના અવતારે દૈત્યોને અટકાવવા વિરાટ સ્વરૂપ ધારણ કરી ત્રણ ડગલામાં પૃથ્વી, આકાશ અને પાતાળ માપી લીધા અને દેવોની સલામતી અખંડ રહી. વિરાટ સ્વરૂપનું એટલું જ વિરાટ યોગદાન. અલબત્ત, શારીરિક ઊંચાઈ અને માનસિક ઊંચાઈ મેળ ખાઈ એ જરૂરી નથી.

તાજેતરના ઇતિહાસ પર નજર નાખીએ તો ઓસામા બિન લાદેનની શારીરિક ઊંચાઈ ખાસ્સી હતી, પણ માનસિક રીતે વામણો હતો. ગાંધીજીનું શારીરિક કદ વામણું હતું, પણ કર્તૃત્વ વિરાટ હતું. વામન અને વિરાટ કદના મુદ્દે વિશ્વ પર નજર નાખતા જાણવા મળે છે કે ગ્વાટેમાલા અને નેપાળના લોકોની શારીરિક ઊંચાઈ ઘણી ઓછી હોય છે જ્યારે નેધરલેન્ડસના લોકો શારીરિક ઊંચાઈમાં વિશ્વમાં નંબર વન ગણાય છે. છ ફૂટ છ ઈંચ કે એથી વધુ ઊંચાઈ મનુષ્યમાં વિશિષ્ટ માનવામાં આવે છે અને એમાં પણ નેધરલૅન્ડ્સ મેદાન મારી જાય છે. યુએસ અને ચીન વિશ્વની બે વિરાટ મહાસત્તા શારીરિક ઊંચાઈની બાબતે ટૉપ પચીસમાં પણ સ્થાન નથી ધરાવતા. નેધરલૅન્ડ્સની શારીરિક ઊંચાઈમાં થયેલી અસાધારણ પ્રગતિનાં કારણો જાણવા જેવાં છે. એ ચકાસવાથી આપણી સમજણનો વિસ્તાર થાય છે.

### નેધરલૅન્ડ્સની ઊંચાઈ મીમાંસા



નેધરલૅન્ડ્સના લોકો ડચ પીપલ (Dutch People) તરીકે ઓળખાય છે. ડચ શબ્દ જર્મન ભાષામાંથી ઊતરી આવ્યો છે. એકલદોકલ ઊંચાઈના કિસ્સામાં અન્ય દેશના લોકો છત આંબી ગયા હોય એવાં ઉદાહરણ છે, પણ સમગ્ર દેશની વાત કરીએ તો સર્વે અનુસાર વિશ્વમાં છ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા સૌથી વધુ લોકોની વસ્તી નેધરલૅન્ડ્સમાં જોવા મળે છે. ડચ પુરુષની સરાસરી ઊંચાઈ (ઍવરેજ હાઇટ) ૧૮૨.૫ સે.મીટર એટલે કે ૫ ફૂટ ૧૧.૯ ઇંચ અને ડચ મહિલાની સરાસરી ઊંચાઈ ૧૬૮.૭ સેન્ટિમીટર - ૫ ફૂટ ૬.૫ ઇંચ છે. યુએસમાં પુરુષની સરાસરી ઊંચાઈ ૧૭૭.૧ સે.મી. - ૫ ફૂટ ૯.૭ ઇંચ અને અમેરિકન મહિલાની સરાસરી ઊંચાઈ ૧૬૩.૫ સે.મી. - ૫ ફૂટ ૪.૩ ઇંચ છે.

જોકે ઇતિહાસનાં પાનાં ફેરવતાં વિપરિત ચિત્ર જોવા મળે છે. 'રૉયલ સોસાયટી ઑફ લંડન' દ્વારા પ્રકાશિત એક અભ્યાસ અનુસાર ૧૮૫૦ની આસપાસ નેધરલૅન્ડ્સના પુરુષો યુરોપના સૌથી ઠીંગણા-બટકા લોકોમાં સ્થાન ધરાવતા હતા. ૧૮૬૦ના અવલોકનમાં જણાવાયું છે કે ૧૮૬૦માં ડચ લશ્કરમાં ફરજ બજાવતા પુરુષોની સરાસરી ઊંચાઈ ૧૬૫ સે.મી. - ૫ ફૂટ ૫ ઇંચ હતી અને એ સમયે યુએસના પુરુષોની હાઇટ ૫ સે.મી. - ૧.૯૭ ઇંચ વધારે હતી અને અમેરિકન લોકો વિશ્વના સૌથી વધુ ઊંચાઈ ધરાવતા લોકો ગણાતા હતા. ત્યાર પછી ચિત્ર સમૂળગું બદલાઈ ગયું. ૧૬૫ વર્ષમાં ડચ લોકોની ઊંચાઈમાં ૨૦ સે.મી. -૭.૮ ઇંચનો વધારો થયો છે જ્યારે અમેરિકનોમાં કેવળ ૬ સે.મી. - ૨.૪ ઇંચ વધારો જોવા મળ્યો છે. આ આંકડાઓની માયાજાળ હકીકત સામે અરીસો ધરતી હોવાથી રજૂ કરી છે.


### ખાધાખોરાકીની અસર



ડેરી પ્રોડક્ટ્સ માટે ખાસ્સું વળગણ છે.

આજના સમયમાં વિગન ફૂડ હેબિટ (કેવળ વનસ્પતિજન્ય ખોરાક આરોગવાનો અને પ્રાણીજન્ય ખોરાક, ખાસ કરીને ડેરી પ્રોડક્ટ્સ ત્યજી દેવાનો) યુરોપ અને યુએસએમાં મોટા પ્રમાણમાં ફેલાઈ છે. જોકે નેધરલૅન્ડ્સમાં વિગન આહાર લેનારાઓની સંખ્યા અત્યંત નજીવી છે. એકંદરે ડચ લોકોમાં ડેરી પ્રોડક્ટ્સ (દૂધ, ચીઝ, માખણ, યોગર્ટ, ક્રીમ, ઘી વગેરે) માટે અનહદનો લગાવ જોવા મળે છે. અભ્યાસ અનુસાર ઊંચાઈ વધારવામાં આ ખોરાકી આદતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ અભ્યાસ કરનારી ટીમના પ્રોફેસર લુઈ બેરેટના કહેવા અનુસાર પડેરી પ્રોડક્ટ્સમાં કૅલ્શિયમની માત્રા ઊંચા પ્રમાણમાં હોય છે અને કૅલ્શિયમ હાડકાના બંધારણ અને વિકાસ માટે અગત્યનું છે. આ ખોરાકી આદતથી કૅલ્શિયમનો પુરવઠો શરીરને સતત અને સારા પ્રમાણમાં મળે છે જેણે લોકોની ઊંચાઈ વધારવામાં મહત્ત્વનો રોલ અદા કર્યો છે. ચીઝ અને દૂધના ઉત્પાદન અને વપરાશમાં નેધરલૅન્ડ્સ અગ્રણી દેશ છે. અભ્યાસ અનુસાર પર્યાવરણ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. બહેતર આરોગ્ય અને આરોગ્ય સેવા, બહેતર શિક્ષણ અને આર્થિક સમૃદ્ધિ જેવાં પરિબળો પણ ઊંચાઈ વધવાના મુદ્દા સાથે સાંકળવામાં આવ્યા છે. લંડનના બિહેવિયરલ બાયોલૉજિસ્ટ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું કે વધુ ઊંચાઈ ધરાવતા પુરુષોને વધુ સંતાન હતાં. જેનેટિક્સ સાયન્સ અનુસાર ઊંચા પુરુષો ઊંચાઈ માટેના ગુણસૂત્રો (જીન્સ) નવી પેઢીને આપતા હોવાથી ડચ વસ્તીમાં ઊંચા લોકોનું પ્રમાણ વધતું રહે છે.

### 'તાડ' ક્લબ




ઊંચા લોકોની સમસ્યા પણ ઊંચી હોય.

આપણે ત્યાં ખૂબ ઊંચાઈવાળા લોકો માટે 'તાડ' જેવા ઊંચા એવો ભાષા પ્રયોગ વપરાય છે. ૧૯૫૮માં અહીં The Klub Lange Mensen (Tall People's Club)ની સ્થાપના કરવામાં આવી હતી જેને આપણે 'તાડ ક્લબ' કહી શકીએ. સરાસરી ઊંચાઈથી વધુ હાઇટ ધરાવતા લોકો માટે આ સંગઠન શરૂ કરવામાં આવ્યું હતું. આ ક્લબનો સભ્ય કોણ બની શકે એની માર્ગદર્શિકા છે. પુરુષ ઓછામાં ઓછો ૧.૯૦ મીટર - ૬ ફૂટ ૩ ઇંચ ઊંચો હોવો જોઈએ અને મહિલાની ઊંચાઈ ૧.૮૦ મીટર - ૫ ફૂટ ૧૧ ઇંચ કે એથી વધુ હોવી જોઈએ. મોજમજા અને ઉજવણી ઉપરાંત ક્લબમાં ઊંચા લોકોને નડતી સમસ્યાનો ઉકેલ લાવવાની કોશિશ કરવામાં આવે છે. ક્લબના ઘોષણાપત્રમાં સભ્યોને સતાવતી કેટલીક બાબત વિગતવાર સમજાવવામાં આવી છે. જેમ કે ટ્રેન, બસ કે ટ્રામમાં એમને પગતાણ (ટાંટિયા લંબાવીને બેસવાની અનુકૂળતા) ઓછી હોય છે. મોટાભાગની ઍરલાઇન્સ પણ એમને વિશેષ સગવડ આપવા ઉત્સુક નથી. કાર ઉત્પાદકો પણ તેમને માટે આરામદાયક સીટ બનાવવા અંગે ઉદાસીન છે. નેધરલૅન્ડ્સમાં બાઇસિકલનું ખાસ્સું ચલણ છે, પણ આ ઇન્ડસ્ટ્રી સુધ્ધાં મોંઘીદાટ સાઇકલ જ તાડ જેવા લોકો માટે બનાવે છે. આમ આ બધી સમસ્યા દૂર કરવા વિવિધ કોશિશ કરવામાં આવે છે. ■

ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@
bombaysamachar.com

# લોહીના ઇતિહાસમાંથી પસાર થતી ઔદ્યોગિક પ્રગતિ...



ક્યારેક ઇતિહાસનાં પાનાં નિરાંતે ઊથલાવીએ તો રાજાઓ, યુદ્ધો અને વિજયોની વચ્ચે માણસ પણ દેખાય છે. ક્યારેક તેના હાથમાં તલવાર હોય છે, ક્યારેક હથોડી, ક્યારેક યંત્રનું લીવર અને ક્યારેક માત્ર એક ખાલી થાળી-વાટકી.

અઢારમી સદીના મધ્યે ઇંગ્લૅન્ડમાં દુનિયા બદલાવા લાગી. વરાળથી યંત્રો ચાલ્યાં, કાપડની મિલો ઊભી થઈ, કોલસાની ભઠ્ઠીઓ સળગવા લાગી અને ઉત્પાદનની ગતિ એવી વધી ગઈ કે માણસને લાગ્યું કે કુદરતની શક્તિ પણ પોતાના હાથમાં લઈ શકાય.

આ હતી ઔદ્યોગિક ક્રાંતિ. આ શબ્દ સાંભળતાં પ્રગતિ, ફૅક્ટરી, રેલવે, નવી ટેક્નૉલૉજી અને આધુનિક દુનિયા યાદ આવે છે, પરંતુ એ જ ક્રાંતિની બીજી બાજુએ ધુમાડાથી ભરાયેલું આકાશ, ગંદી નદીઓ, ગીચ વસાહતો અને લાંબા કલાકો સુધી કામ કરતા મજૂરો પણ હતા. શહેરો ઊભાં થઈ રહ્યાં હતાં, પરંતુ એ શહેરોમાં રહેતા દરેક માણસનું જીવન ઊંચું થઈ રહ્યું નહોતું.

ઇંગ્લૅન્ડનાં ગામડાંમાંથી રોજગારની શોધમાં લોકો માન્ચેસ્ટર અને બીજા ઔદ્યોગિક શહેરો તરફ આવવા લાગ્યા. ખેતીની જૂની વ્યવસ્થામાં આવેલા ફેરફારોને કારણે અનેક પરિવારોની જમીન સાથેની જિંદગી બદલાઈ ગઈ હતી. શહેરમાં ફૅક્ટરી હતી, કામ હતું અને મજૂરી હતી. તેની સાથે ધુમાડો હતો, ઘોંઘાટ હતો અને એવો લાંબો કામનો દિવસ હતો જે માણસને સાંજ સુધીમાં માણસ કરતાં વધુ યંત્ર જેવો બનાવી દે.

લંડનમાં તો એક સમયે સ્થિતિ એવી થઈ કે થેમ્સ નદીમાંથી આવતી દુર્ગંધે આખા શહેરને પરેશાન કરી નાખ્યું. ૧૮૫૮ની આ ઘટના પાછળથી 'ગ્રેટ સ્ટિંક' તરીકે ઓળખાઈ. જે શહેર વિશ્વની સૌથી મોટી સત્તાઓમાંનું એક બની રહ્યું હતું એ જ શહેર પોતાની નદીમાં ભરાતી ગંદકી સામે ઊભું હતું. વિજ્ઞાન આગળ દોડી રહ્યું હતું, પરંતુ શહેરની ગટરવ્યવસ્થા પાછળ રહી ગઈ હતી. નાનાં બાળકો ફૅક્ટરીઓમાં કામ કરતા. કોલસાની ખાણોમાં જતા. સાંકડા ભાગોમાંથી સરળતાથી પસાર થઈ શકતા હોવાથી ચીમની સાફ કરવાનું જોખમી કામ પણ તેમને સોંપાતું. બાળપણ અને મજૂરી વચ્ચેની રેખા લગભગ ગાયબ થઈ ગઈ હતી. પરિવાર ગરીબ હોય ત્યારે બાળકનો હાથ પણ આવક માટે જરૂરી હતો.

૧૮૩૩માં બ્રિટિશ સરકારે ફૅક્ટરીમાં બાળકોના કામ અંગે કાયદો બનાવ્યો. બાળકોના કામના કલાકો મર્યાદિત કરવામાં આવ્યા અને શિક્ષણની જોગવાઈ કરવામાં આવી, પરંતુ કાયદો બન્યો એટલે પરિસ્થિતિ તરત બદલાઈ નહોતી ગઈ. આ આખી દુનિયાને સમજવા માટે ચાર્લ્સ ડિકન્સનું નામ પૂરતું છે. ડિકન્સે ગરીબી દૂરથી જોઈ નહોતી. બાળપણમાં તેમના પરિવાર પર આર્થિક મુશ્કેલી આવી હતી અને તેમણે પોતે પણ નાની ઉંમરે મજૂરી કરી હતી. પાછળથી Oliver Twist લખતાં તેમણે અનાથાશ્રમ અને વર્કહાઉસની દુનિયાને સાહિત્યમાં એવી રીતે મૂકી કે આજે પણ ઓલિવરનું એક દૃશ્ય યાદ રહી જાય છે. નાનો ઓલિવર હાથમાં ખાલી વાટકી લઈને ઊભો છે. તેને ભૂખ લાગી છે. તે થોડું વધુ ભોજન માગે છે. ડિકન્સે ઔદ્યોગિક યુગનો ઇતિહાસ આંકડાઓમાં લખ્યો નહોતો. તેમણે ભૂખ બતાવી. એક બાળકની વાટકી બતાવી. એ વાટકીમાં આખા સમાજની અસમાનતા દેખાતી હતી.

ઔદ્યોગિક ક્રાંતિ આગળ વધતી રહી. રેલવે આવી. કારખાનાં વધ્યાં. ઉત્પાદન વધ્યું. વેપાર વધ્યો. મધ્યમ વર્ગ ઊભો થયો. શહેરોનું સ્વરૂપ બદલાયું. સામાન્ય માણસ માટે પણ એવી વસ્તુઓ ઉપલબ્ધ થવા લાગી જે અગાઉ માત્ર ધનિકોના ઘરમાં જોવા મળતી હતી. ઔદ્યોગિક ક્રાંતિને માત્ર શોષણની કથા કહેવી પણ અધૂરી વાત છે. એણે આધુનિક દુનિયાનો જન્મ કર્યો. દુનિયાને માણસ માટે રહેવા યોગ્ય બનાવવામાં ઘણાં વર્ષો લાગ્યાં.

આજે આપણે બીજી એક મોટી ટેક્નૉલૉજિકલ ક્રાંતિની વચ્ચે છીએ. ત્યારે વરાળનું એન્જિન હતું, આજે કૃત્રિમ બુદ્ધિ છે. ત્યારે મશીન જોઈને લોકો વિચારતા હતા કે હવે માણસની જરૂર કેટલી રહેશે; આજે AI જોઈને પણ એવો જ સવાલ ઊભો થાય છે. ચાની લારીથી લઈને મોટી કંપની સુધી UPI પહોંચી ગયું છે. ગામડાના યુવાનના હાથમાં સ્માર્ટફોન છે. મેટ્રો, હાઇવે, સેટેલાઇટ અને AI બધું એક જ પેઢીની આંખો સામે આવી ગયું છે. આપણે ટેક્નૉલૉજીને અપનાવવામાં પહેલાં કરતાં વધુ ઝડપથી આગળ વધી રહ્યા છીએ.

ભારતની પોતાની એક તસવીર છે. રોજગારની શોધમાં ગામડેથી શહેરમાં આવતો માણસ. શહેરની બહાર ઊભી થતી નવી ફૅક્ટરી. કામની આશામાં લાંબી લાઇનમાં ઊભેલો યુવાન. રસ્તાની બાજુમાં નાની દુકાન ચલાવતો પરિવાર. બીજી બાજુ નવી દુનિયાની ચમકતી ઇમારતો દોઢસો-બસ્સો વર્ષ પહેલાં ઇંગ્લૅન્ડનાં શહેરોમાં જે પ્રશ્નો ઊભા થયા હતા તેમના કેટલાક પડઘા આજે આપણાં શહેરોમાં પણ સંભળાય છે. રોજીરોટીની શોધમાં ઘર છોડીને શહેર તરફ આવતો માણસ દેખાય છે. અહીં ઇતિહાસ આપણને અચાનક સ્પર્શી જાય છે.

ઔદ્યોગિક ક્રાંતિના સમયનો મજૂર પણ શહેરમાં માત્ર કામ શોધવા આવ્યો નહોતો. તેની પાછળ પણ કોઈ ઘર હતું, કોઈ પરિવાર હતો અને કદાચ એક નાનું સપનું હતું : 'મારાં બાળકોનું જીવન મારા કરતાં સારું હોવું જોઈએ...' કદાચ પ્રગતિની આખી કહાની એ જ રસ્તા પર ક્યાંક ઊભી છે. એક બાજુ નવી દુનિયા બનાવતાં યંત્રો છે. બીજી બાજુ એ યંત્રો ચલાવતો માણસ.

અને વચ્ચે ફરી એ જ જૂનું સપનું ઊભું છે કે થોડું સારું જીવન. ■

**ધ એન્ડ**

'મુશ્કેલીઓમાંથી જ ચમત્કારો જન્મે છે.' -જીન ડે લા બ્રુયેર

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@
bombaysamachar.com

# મગજ પર સફળતા ચડી નથી એવા લોકોને ઓળખી લો...

## ચેસના પંદર જ વર્ષના ભારતીય ખેલાડીએ વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી મેગ્નસ કાર્લસેનને હરાવ્યો, પરંતુ તે પછી તેણે સફળતાને પચાવી જાણી છે. આવા કેટલાક સફળતમ લોકોની વાત જાણવા જેવી છે

ડૅડી, આઇ હેવ વોન !
ડૅડી, આઇ ડિડ ઇટ !
ડૅડી, ઇટ વૉઝ માય ડે.

આવા સંવાદોની કલ્પના ત્યારે તો અચૂક થાય જ્યારે વિશ્વના પ્રથમ ક્રમાંકના ખેલાડીને કોઈ હરાવે કે કોઈ મોટી સફળતા મેળવે, પરંતુ આવા સંવાદની આપ-લે પિતા સાથે થાય જ નહીં તો? તમને એમ અનુમાન કરવાનું અચૂક મન થશે કે હશે કોઈ મોટી વ્યક્તિ જેણે સફળતાને પચાવવાનું શીખી લીધું હશે, પરંતુ તમને એમ કહું કે એ એક મૂછનો દોરો ફૂટ્યો હોય તેવો ૧૫ જ વર્ષનો છોકરડો છે તો?




ચેસ ખેલાડી દિલ્હીનો વંદન અલંકાર

હા, એ છોકરડો એટલે દિલ્હીનો વંદન અલંકાર સવાઈ. માત્ર ૧૫ જ વર્ષની તેની વય એટલે ટીનએજ માં પ્રવેશ્યાને પણ માંડ બે વર્ષ વિત્યાં છે. તે ચેસનો ખેલાડી છે અને તેણે એક ઑનલાઇન બ્લિત્ઝ ટુર્નામેન્ટમાં વિશ્વના પ્રથમ ક્રમના ખેલાડી મેગ્નસ કાર્લસેનને હરાવ્યો!

વિચાર કરો કે કેટલી મોટી સફળતા! આવી સફળતા પછી કોઈ પણ વયની વ્યક્તિનો ઉત્સાહ સમાય ખરો? તે પહેલાં તો ઘરે ફોન કરે, કાં વૉટ્સઍપ તો કરે જ. પોતાના મિત્રો સાથે સેલિબ્રેશન એ જ દિવસે કરે. શું-શું ન કરે!

જોકે વંદનના પિતા અલંકાર સવાઈને અને બાકીના પરિવારજનોને ક્યારે આ મોટા સમાચારની જાણ થઈ? જ્યારે બીજા દિવસે પિતાને થયું કે મારો દીકરો શું કરી આવ્યો છે તે જોઉં તો ખરો. તેમણે chess.com વેબસાઇટ ખોલી ત્યારે ખબર પડી કે ઓહો! કુંવર તો વિશ્વના પ્રથમ ક્રમના ખેલાડીને હરાવીને આવ્યા છે. માત્ર વંદનના પરિવારજનો જ નહીં, તેના કોચ ગુરપ્રીતપાલસિંહને પણ પરિણામની જાણ નહોતી! તેમને પણ બીજા દિવસે જ જાણ થઈ. ગુરપ્રીતપાલસિંહ કહે છે કે બોર્ડ પર બેસે ત્યારે વંદન એકદમ આક્રમક, પરંતુ રમત પછી આ આક્રમકતા ખોવાઈ જાય. પછી તે અંતર્મુખી બની જાય. જાણે કે વંદને શ્રીમદ્ ભગવદ્ ગીતાનું તત્ત્વચિંતન અથવા 'દુઃખમાં રડાઈ નહીં, સુખમાં છકાય નહીં' એ પંક્તિને પચાવી લીધી છે.



વોરન બફેટ



ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ

આજે ઠંડા પીણાની એક જાહેરખબરમાં કહે છે કે નાના-નાના આનંદની પણ ઉજવણી કરો. અહીં તો આવડો મોટો વિજય. તેની કોઈ ઉજવણી જ નહીં. ઉજવણી છોડો, જાણ પણ નહીં કરવાની, તે પણ પરિવારને અને પ્રશિક્ષકને!

જોકે આવા લોકો હોય છે. 'ધૂરંધર' ફેમ નિર્દેશક આદિત્ય ધરને જ જુઓને. આમ તો, 'ઉરીઃ સર્જિકલ સ્ટ્રાઇક', 'આર્ટિકલ ૩૭૦' સફળ તો ખરી જ, પરંતુ 'ધૂરંધર' અને 'ધૂરંધર રિવેન્જ' બંને અત્યાર સુધીની સૌથી સફળ ફિલ્મ બની ગઈ તોય તેના ધૂરંધર નિર્દેશક આદિત્ય ધરે કોઈ ઇન્ટરવ્યૂ આપ્યો નથી. પહેલી 'ધૂરંધર'ની સફળતા પછી બીજી 'ધૂરંધર'ના પ્રમોશન માટે તેઓ કોઈ મીડિયાના દ્વારે પણ નહોતા ગયા. તેમની પત્ની અભિનેત્રી યામી ગૌતમ કહે છે, સફળતા તેમના માથા પર ચડી નથી. નથી તેઓ મિજાજ ગુમાવી બેસતા. તે તો એવા ને એવા નમ્ર વ્યક્તિ છે જેવા તે ધૂરંધર પહેલાં હતા.



એ. પી. જે. અબ્દુલ કલામ

આવા અનેક વ્યક્તિ મળી જશે, જેમણે સફળતા ખરેખર પચાવી છે.

વોરેન બફેટનું નામ કોણ નહીં જાણતું હોય? આટલા મોટા ધનાઢ્ય, શૅરબજારમાં મોટા રોકાણકાર, જેમની સલાહો લોકો પાઠ્યપુસ્તકની જેમ સાંભળે-વાંચે તેવા આ ઉદ્યોગપતિ હજુ પણ એ જ ઘરમાં રહે છે જે ઘર તેમણે દસ-વીસ વર્ષ પહેલાં નહીં ઈ. સ. ૧૯૫૮માં ખરીદ્યું હતું! વિચાર કરો, આજે કોઈને માત્ર પચાસ લાખ વધુ કમાણી થઈ જાય તો પણ તે વધુ મોટા ઘરમાં અને વધુ ભપકાદાર ઘરમાં જવાનું વિચારવા લાગે છે, પરંતુ વોરેનદાદા તો એ જ ઘરમાં રહે છે. આ જ કૉલમમાં આપણે ઝોહો મેઇલ અને અન્ય ઍપ્લિકેશન-સૉફ્ટવેર બનાવનાર તમિળનાડુના શ્રીધર વેમ્બૂની વાત જાણી હતી. અબજોપતિ હોવા છતાં તે તમિળનાડુના મથલમ્પરાઈ ગામમાં સાદગીપૂર્ણ રીતે જીવી રહ્યા છે.

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામ પણ તેમના સાદગીપૂર્ણ જીવન માટે જાણીતા હતા. તેમને મન વિદ્યાર્થીઓ, યુવાનોને સકારાત્મક રીતે ઉન્નત ભારત માટે કાર્ય કરતા કરવા એ જ સ્વપ્ન હતું. તેમનું નિધન પણ આ રીતે જ થયું. ૨૭ જુલાઈ ૨૦૧૫એ કલામ શિલોંગમાં આઇઆઇએમમાં 'ક્રિએટિંગ અ લિવેબલ પ્લાનેટ અર્થ' પર પ્રવચન આપવા જઈ રહ્યા હતા. વિમાનમાં બેસવા માટે સીડીનાં પગથિયાં ચડતી વખતે તેમને અસુખ વર્તાયું. પરંતુ થોડા વિશ્રામ પછી તેઓ પ્રવચન આપવા માટે લોકોની વચ્ચે પહોંચી ગયા. તેમના પ્રવચનમાં પાંચ મિનિટ પછી તે મંચ પર જ ઢળી પડ્યા...!

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ પણ આવા જ લોકોમાં સ્થાન પામે.

જ્યારે મુખ્ય પ્રધાનના દાવેદાર જાહેર થયા ત્યારે તે છેલ્લી હરોળમાં બેઠા હતા. તેમને ખબર જ નહોતી કે તે મુખ્ય પ્રધાન બનશે. તેમને જાણતા લોકો કહે છે કે મુખ્ય પ્રધાન બન્યા પછી પણ તેઓ સહેજે બદલાયા નથી. 'મૃદુ અને મક્કમ'નું બિરુદ પામેલા ભૂપેન્દ્રદાદા ક્યાંય પ્રવાસે જાય છે તો વચ્ચે કોઈ ચાના ગલ્લે ખાટલા પર બેસી ચા પી લે છે, તો ક્યારેક પોતાની વાહન શ્રૃંખલા રોકી સામાન્ય નાગરિકોને મળી લે છે. ઉલ્લેખનીય છે કે ભૂપેન્દ્રભાઈ દાદા ભગવાનના ચિંતનમાં માને છે અને તેને આત્મસાત કરેલું છે. એટલે આટલા સરળ અને સહજ રહી શકે છે. ■

## ૬. પરચુરણ

GOLDEN CHANCE TO GET Life Membership of Andheri Recreation Club - Modern, Well Equipped, Well Maintained. Next to Bhavan's College, Andheri West. Contact: 9820057703. (1344-A)

## ૯. લગ્ન સંબંધી

**ગુજરાતી**

અપરિણિત, NRI, ડિવોર્સી, સ્પેશ્યલ કેસઃ યુવક - યુવતીઓ માટે મેટ્રિમોનિયલ ગ્રૂપ. 8655185667. (દહેજ નહીં). (૧૨૬૬-સી)

**વિલેપારલા સ્થિત**

**જૈન સાધનસંપન્ન વેરી વેલસેટલ્ડ ફેમિલીના સ્માર્ટ હેન્ડસમ કુંવારા યુવક M. S. COMPUTER U.S.A. રીટર્ન જન્મ - 1997 ઉંચાઈ - 5'8" માટે વેલસેટલ્ડ કન્યાના વડીલો સંપર્ક કરે. 9819201737. (દહેજ નહીં). (૧૩૨૫-એ)**

■ વિલે પાર્લે સ્થિત કુંવારા વૈષ્ણવ બીઝનેસમેન યુવક જન્મ ૧૯૭૪ વજન ૭૮ માટે ખાનદાન કુંવારી સુકન્યા આવકાર્ય સંપર્કઃ 8850007662. (દહેજ નહીં). (૩૬૧)

■ 61 વર્ષના ડિવોર્સી, વૈષ્ણવ, ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ માટે કન્યા - 9426173428. (દહેજ નહીં). (બી-૧૮૦૩૭)

**જૈન યુવક**

૧૯૮૦ બોર્ન ૫'-૬'' બીકોમ, ધંધો કરતાં, યુવતી આવકાર્ય - 7506639937. (દહેજ નહીં). (બી-૧૮૦૪૩)

**DESI JODI**

**Matrimony Services (New Jersey, America) Roshni Joshi. Whatsapp - 0017187556940. (No Dowry) (1318-C)**

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (1342-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૭૯૭૩)

## ૧૨. યાત્રા સહેલગાહ

**DEEPAWALI PACKAGES**

INTERNATIONAL - DOMESTIC પેકેજીસ - દુબઈ - આબુધાબી - ફેરઈસ્ટ-થાઈલેન્ડ-ગોવા-હિમાચલ-રાજસ્થાન, ફેમિલી ટુર. 9820002810. (૧૩૩૮-એ)

■ Private Car Tours Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફલાઈટ, હોટેલ TravelInsurance. ARRHAM HOLIDAY 9769977466/ 9892534488. (બી-૧૮૦૨૮)

**દાપોલી-ભંડારધારા-**

લોનાવાલા- ઈગતપુરી- માલશેજ- સાપુતારા- ગોવા- કોંકણ પેકેજ- Vehicles. RAGI-9324213190. (૧૩૫૪-એ)

**તુષાર નેગાંધી**

ગંગાસાગર જગન્નાથપુરી, દક્ષિણ ભારત+ કેરલા, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૩૫૩-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**આવક વધારો**

(વયઃ ૨૫-૬૫), પાર્ટ/ ફુલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શનઃ- 9920062154. (૧૩૫૧-એ)

**REAL ESTATE**

**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs Annually, on Commission Basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 9819554066. (1281-A)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

REQUIRED LADY FOR OFFice Clerical Work (Fresher). Person from Dombivali to Ghatkopar & Digha to Airoli / Pawne should apply. Meet Matangi Trading Corpn - 3 A/ B, Phalaj Kunj, Shivaji Path, Thane (W) - 400601. (B-18034)

**WANTED**

B.Sc and 12th Pass with Science Subjects for Lab and Back Office Candidate at Borivali Contact: 9870550891 / 9821322833. (1332-C)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણાં નહિ તો ક્યારેય નહિ, પ્રાઈમ લોકેશન, MICL પ્રોજેક્ટ 3.5 બેડરૂમ, હોલ, કિચન- 1320' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ લેવીસ ફ્લેટ, 3.65 CR, 2 કાર પાર્કિંગ. HOME ALONE PROPERTY જુગ્નું શાહ- 9833352224. (૧૩૪૩-એ)**

**ખાર (વેસ્ટ)**

લક્ષ્મીનગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરીયા ૮૬૫' કારપેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરીયા ૧૧૫૦' કારપેટ, તદ્દન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડીશન્ડ લોબી, તુરંત વેચવાના. ઓનરઃ- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૦૦૩)

**સાઉથ મુંબઈ**

૧ થી ૪ બેડરૂમના ફ્લેટ તથા ઓફિસ / લેવા / વેચવા / ભાડેથી, આપના બજેટ મુજબ કિરણ શાહ - 9820085979. (બી-૧૮૦૦૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી તિલક રોડ, નવા બિલ્ડીંગમાં ૧ બેડરૂમ, હોલ, કિચન-425' કારપેટ, જોડી શક્ય, હાયર ફ્લોર, 1.42 CR નેગોશીએબલ. સંપર્ક - 9833807018, 9833042043. (૧૩૩૦-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી પ્રાઈમ લોકેશનમાં પ્રતિષ્ઠિત બિલ્ડર, ગુજરાતી એરીયામાં ટૂંક સમયમાં આવનાર, હાઈરાઈઝ ટાવરમાં, મેટ્રો/સ્ટેશન નજીક, ૧/૨ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાથરૂમ, ૪૨૫ કારપેટથી શરૂ. ૧.૧૫ કરોડની રેન્જમાં, માર્કેટ, દેરાસર, ઉપાશ્રય નજીક, ઈઝી પેમેન્ટ સ્કીમ, પંખા, એસી, વૉશિંગ મશીન, એક્ઝોસ્ટ ફેન, ગીઝર, વિડીયોડોર લોક, એક્વાગાર્ડ, જીમ, બેન્કવેટ હોલ. કૌશલ મહેતાઃ ૯૩૨૩૮૭૧૯૩૩. (૧૨૬૬-એફ)**

**પ્રીમીયમ કોમ્પલેક્ષ**

**રેડી / બંધાતામાં / ભાડેથી. ઘાટકોપર (ઈસ્ટ) 2/ 2.5/ 3/ 4 બેડરૂમનાં ફ્લેટો, Adani, Aaradhya One Earth / Park, Tanishka Vikrant, Silver, Savvy. ચિંતનભાઈ - 9321234567. (૧૨૮૮-ઈ)**

**REDEVELOPMENT ગયેલા બિલ્ડીંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૧૩૩૬-એ)**

**કિંગ્સ સર્કલઃ કર્મક્ષેત્રઃ**

ઉપરનો માળઃ ફર્નિશ્ડ 2 BHK + સ્ટડી/ પૂજા રૂમઃ ૩ બાથરૂમ ૮૫૦' કાર્પેટઃ રિઝર્વ્ડ પાર્કિંગ. ભાડું 1.30 લાખ. 9773033507. (૧૩૩૭-ડી)

**સાયનઃ જૈન સોસાયટી**

રો હાઉસ ગ્રાઉન્ડ ૧ માળ. ગાર્ડન વ્યૂઃ 2200: ૪ બેડરૂમ 1200'+ વરંડા 160'+ 600' ટેરેસ, પાર્કિંગ- દેરાસર પાસે- ફર્નિશ્ડ.: 4.11 કરોડ. ઓનર કમલેશ દોશીઃ 9820588840. (૧૩૩૭-એ)

**માટુંગા**

ડોન બોસ્કો બે બેડરૂમ સાડા ત્રણ કરોડ નવા તૈયાર મકાન ત્રણ લિફ્ટ કાર્પેટ ૭૦૦ માટુંગા ભાવ પચાસ હજાર. વિનોદ 9892980593. (બી-૧૮૦૨૨)

**પારલા (વેસ્ટ)**

2 બેડ ભાડેથી નવી બિલ્ડિંગ સ્ટેશન / દેરાસર પાસે અમિત - 7045622403. (બી-૧૮૦૨૫)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૧૨૮૦-બી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

3 બેડરૂમ વેચાણથી, બજાજ રોડ, કાર પાર્કિંગ સાથે, નવું બિલ્ડીંગ, 9મા માળે, વાસ્તુ પ્રમાણે, ઈસ્ટ-વેસ્ટ ઓપન. સંપર્કઃ 9324512690 / 9821165431. (બી-૧૮૦૩૦)

**જે વી પી ડી ગુલમોહર**

**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો / અન્ડર કન્સ્ટ્રક્શન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૧૨૮૦-એ)**

**જુહુ સર્કલ**

**ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો. "MIHIR" 7021919015. (૧૨૮૦-સી)**

**સાન્તાક્રુઝ/ખાર**

**લકઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૨૮૦-ડી)**

**GHATKOPAR EAST**

**NEELSIDHI JAYBANDHU**

**ON 90 FEET ROAD - 400077**

**1 BHK**

**₹ 1.49 CR* ONWARDS**

*T&C Apply

**READY POSSESSION**

**OC RECEIVED**

**98334 69305**

(B-18010)

**સીટચ ફ્લેટો**

**એકસકલુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સઃ જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓઃ બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો MIHIR 7021919015. (૧૨૮૦-ઈ)**

**RUSTOMJEE ELEMENTS**

**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 BHK 2350' @ 21 કરોડ. MIHIR 7021919015. (૧૨૮૦-એફ)**

**KALPATARU SOLITAIRE**

**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ, MIHIR 7021919015. (૧૨૮૦-જી)**

**વિલે પાર્લે (વેસ્ટ)**

**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000' / 2200' / 2500' / 3000' પૂલ, જીમ, ટેરેસ ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. MIHIR 7021919015. (૧૨૮૦-એચ)**

**અંધેરી (પૂર્વ)**

શેરે પંજાબઃ ઓનરશીપ 2 BHK 600' કાર્પેટ, લિફ્ટ, પાઈપ ગેસ, 24 કલાક સિક્યોરિટી, રોકાણ માટે આદર્શ, NO OC, 1.40 કરોડ, નેગ. 9820094585. (૧૩૩૭-સી)

**જુહુ**

3 બેડરૂમ (1225'/ 1250'/ 1535') 4 બેડરૂમ (1775'/ 2100'/ 2200'/ 2500') ફ્લેટો એમેનિટીસ સાથે વેચાણથી. અનિલભાઈ - 9004900290. (૧૩૪૬-સી)

**HEAVY DEPOSIT**

**નાલાસોપારા (ઈસ્ટ): ''તુલીંજ રોડ'', રાધે ક્રિષ્ના હોટલની સામે, ૨ બેડરૂમ (લીફ્ટ નથી) 9 લાખ હેવી ડીપોઝીટથી આપવાનો (ઓનર): 7666644727. (૧૩૨૮-એફ)**

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી. M. G. ROAD, ગાંધી માર્કેટ - હવેલી નજીક, ૧ બેડરૂમ, હોલ, કિચન - 360' ફુલ્લી ફર્નિશ્ડ, AC, TV, ફ્રીઝ બધું નવું, લીફ્ટ, રેડી કબજો. લલિત મહેતા - 9323191622, 9819098468. (૧૩૪૭-ઈ)

**ઘાટકોપર (ઈ) વન ગાર્ડન એવેન્યૂ (રાજેશ)**

**સાઇટઃ ગાર્ડન એવેન્યૂ લેન, ઓફ ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ)**

**2/3 BHK : 775 | 1077 | 1186 4/5 BHK : 1556 | 1584 | 2274**

- ગ્રાઉંડ + ૩ પોડિયમ + ૧૬ રેસિડેન્શિયલ ફ્લોર
- પ્લોટ ફેસિંગ ૧-એકર ઓપન ગાર્ડન સ્પેસ
- ૩, ૪, ૫ BHK પ્રીમિયમ અપાર્ટમેંટ્સ
- દરેક ફ્લેટ ૩-સાઇડ ઓપન
- વાહન માટે ટુ-વે રેમ્પ
- એક્સક્લુસિવ લેન્ડસ્કેપ્ડ એમેનિટી પોડિયમ
- ફિટનેસ સેંટર, વોકિંગ અને જોગિંગ ટ્રેક
- ૧૦' ફ્લોર ટુ ફ્લોર હાઈટ
- દરેક લિવિંગ રૂમમાં બાલ્કની
- ૧૦૦% સરફેસ કાર પાર્કિંગ
- ૩ હાઇ-સ્પીડ મોડર્ન લિફ્ટ
- ડેડીકેટેડ યોગા અને મેડીટેશન ઝોન
- સ્વિમિંગ પૂલ અને પ્લે એરિયા
- સીનિયર સિટિજન કોર્નર

**ઘાટકોપર (ઈ) "ધ મેન્શન" (રંભા) માર્ચ ૨૦૨૭ કબજો**

**લીફ્ટ શરૂ થઈ ગઈ છે. સેમ્પલ ફ્લેટ રેડી**

**સાઇટઃ ખોખાણી લેન, ઓફ ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ)**

**3 BHK : 939 | 1011 | 1141 4 BHK : 1343 | 1428 | 2399**

**DNK : 98212 38408 / 98198 48956**

MahaRERA Registration No.: PR1180002600907 | MahaRERA Registration No.: P51800080426

(કેપી-૨૫૪૦-એ)

**વિરાર**

સચોટ માર્ગદર્શન, વ્યવહારમાં પારદર્શિતા, પ્રોપર્ટી ખરીદવા વેચવા. તેજસ એસોસિએટ્સ 8806349777. (બી-૧૮૦૦૦)

**દેવલાલી**

**વેચાણથી. 3 બેડરૂમ, હોલ, કિચન- 900' + 300' + પર્સનલ ટેરેશ - 600 કારપેટ, લીફ્ટવાળા બિલ્ડિંગમાં. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-બી)**

**દેવલાલી**

**વેચાણથી. દેરાસરની બાજુમાં, 2 બેડરૂમ, હોલ, કિચન, 1024' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-સી)**

**દેવલાલી**

**વેચાણથી. દેરાસર સામે, 3 બેડરૂમનો બંગલો, 1550'. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-ડી)**

**દેવલાલી**

**વેચાણથી. ખેતીની જમીન, 60 ગુન્ટા, છીન્નર ગોટી તથા સમૃદ્ધિ હાઈવે નજીક તથા NA પ્લોટ મળશે. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-એ)**

**બોરીવલી (ઈસ્ટ)**

સ્ટેશન નજીક, નવા બાંધકામમાં 1/2/3.5 બેડ હોલ કિચન, Full IOD/ CC સાથે, 21 ફ્લોરના બિલ્ડિંગમાં 0% બ્રોકરેજ, ડાયરેક્ટ બિલ્ડર પાસેથી, "Sample Flat" જોવા સંપર્કઃ વિરાગ ઘરોડ - 8080145045/ 7070965659. Maharera No. PR1180002500660. (૧૩૪૮-એ)

**જુહુ**

**10મો રોડ, ઓ.સી. સાથે તૈયાર 1750 કાર્પેટ એપરોક્ષ, 4 બેડરૂમ, અનટચ, 3 પાર્કિંગ સાથે, વેસ્ટ ઓપન વ્યૂ, અમેનીટીઝ સાથેનું બિલ્ડીંગ, 11.25 કરોડ. જીમિત ગણાત્રા - 9820377358. (૧૩૨૬-એ)**

**જુહુ સ્કીમ**

**10મો રોડ, પ્રતિષ્ઠિત ડેવલપર, બંધાતામાં 1 માળ 1 ફ્લેટ, પ્રીમિયમ 4 / 5 બેડરૂમ 2800 કાર્પેટ, અથવા પેન્ટ હાઉસ, અપરોક્ષ 5500 કાર્પેટ. જીમિત ગણાત્રા - 9820377358. (૧૩૨૬-સી)**

**મિલન મંદિર**

NX રામચંદ્ર લેન, મલાડ (વેસ્ટ) ફેસ્ટિવલ ઓફર ઈઝી પેમેન્ટ પ્લાન 20:40:40 + 0% GST. 9 માળના બિલ્ડિંગમાં, 2 બેડરૂમ 1.60 કરોડ ઓનવર્ડ્સ, દેરાસર હવેલી મંદિરના સાનિધ્યમાં, Rooftop એમેનિટી, સાઈટઃ 8454944443 મહારેરા નંબર P51800076809. (જેપી/૪૫૭૩-જી)

**LONAVALA**

**TUNGARLI, PRIME LOCATION**

**5 BHK**

**READY POSSESSION INDEPENDENT BUNGALOW**

BEST GATED COMPLEX

Magnificent Hill View, Club House, Swimming pool, Land Scape Garden, Gym, Cafeteria, Tight Security.

**4.50cr Negotiable**

**Cont: Shraddha 98335 33806**

(B-18012)

**અંધેરી (વેસ્ટ)**

લલ્લુભાઈ પાર્ક, 2 બેડ - 700 કારપેટ, 3 બેડ 1050 - 1400 કારપેટ, 4 બેડ 1300 - 2400 કારપેટ સ્ટેશન દેરાસર નજીક, પઝેશન જલ્દી, સ્વીમીંગ પુલ, જીમ, રૂફ ટોપ ગાર્ડન, બેંકવેટ હોલ, બધી એમીનીટીઝ સાથે, વિવિધ પ્રોજેક્ટ્સ, બ્રોકરેજ નહીં, શ્રેષ્ઠ ખાતરીપૂર્વક સોદાઓ માટે - Vasant - 9821968441. (૧૩૩૨-એ)

**લોનાવાલા - ખંડાલા**

રો હાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - 9545741755. (બી-૧૭૯૩૪)

**બાંદ્રા / ખાર / શાંતાક્રુઝ**

૩/૪ બેડરૂમના એપાર્ટમેન્ટ લકઝુરીયસ પ્રોજેક્ટમાં, ગ્રીનરીવ્યુ, ઓ. સી. સાથે ફોનઃ- ''બીગ ડીલ રિયાલિટી'' 'પ્રેમ બત્રા' ૯૮૨૦૦૬૫૭૫૭ / 'બીપીન' ૯૮૨૦૦૪૭૭૭૩. (બી-૧૭૯૦૪)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ દેરાસર નજીક એમિનિટીઝવાળા ટાવરમાં ૪ બેડરૂમ ૧૫૬૭' રેરા કાર્પેટ રેડી પઝેશનથી ૫,૬૫,૦૦,૦૦૦/- ઓલ ઈન્કલુઝિવ વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૪૫૯)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ મેટ્રો નજીક અપકમિંગ પ્રોજેક્ટમાં ભૂમિપૂજન પહેલા ૨/૩ બેડરૂમના હાયરફ્લોરના ૧૧' ફુટની હાઈટવાળા, મોટા ફ્લેટો (ફક્ત ૫,૦૦,૦૦૦/- ટોકન આપીને) બુકિંગ કરાવો. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૪૫૮)**

**દાદર (વેસ્ટ)**

૩ બેડરૂમનો ફ્લેટ ૧૩૧૫' કારપેટ, પોલીસ સ્ટેશન પાસે, હાયર ફ્લોર, ૩ પાર્કિંગ, જીમ, બેન્કવેટ હોલ, જોગીંગ / વોકીંગ ટ્રેક, ૫.૬૫ કરોડ. સંપર્કઃ- ''મીતી'' 8928904238. (બી-૧૮૦૩૨)

**પાર્લા - 3/4 બેડ ભાડેથી**

1400' (2,00,000) & 1800' ફૂલ ફર્નીશ, હાયર ફ્લોર + 2 પાર્કિંગ (2,50,000) નેગોશીયેબલ. 9004900290. (૧૨૯૦-સી)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન / દેરાસર પાસે એમિનિટિઝવાળા ટાવરમાં ૨ /૨.૫/ ૩.૫ બેડરૂમનાં ફ્લેટો રેડી પઝેશનમાં વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૪૭૧)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણા નહિ તો ક્યારે નહિ. ૨ બેડરૂમ, હોલ, કિચન - 720' કારપેટ 1.90 CR, ૨ બેડરૂમ, હોલ, કિચન, 735' કારપેટ - 1.99 CR, ૨ બેડરૂમ, હોલ, કિચન - 690' કારપેટ - 1.99 CR, ૨ બેડરૂમ, હોલ, કિચન - 800' કારપેટ, 2.09 CR, ૩ બેડરૂમ, હોલ, કિચન - 1010' કારપેટ 2.11 CR, ૩ બેડરૂમ, હોલ, કિચન - 740' કારપેટ - 2.45 CR. HOMEALONE PROPERTY- જુગ્નુ શાહ - 9833352224. (૧૩૦૫-એ)**

**બાન્દ્રા (વેસ્ટ)**

ટર્નર રોડ, લીવલાયસન્સ ૩ BHK, ૨ બાથ, પાર્કિંગ નથી, ભાડું ૧,૪૫,૦૦૦/=, ૨ BHK ફર્નિશ્ડ, ૧,૧૦,૦૦૦/= તુરંત કબજો. સંપર્કઃ ૯૮૨૦૨ ૯૬૬૯૩. 'કટારીયા' એજન્ટસ. (બી-૧૮૦૩૫)

**VIP માટેજ**

બોરીવલી વેસ્ટ, ઓફ એસવી રોડ, PRE-લોંચ ભાવથી, લકઝરીયા ટાવરમાં+: બાલ્કની સાથે+ 50 માળ+ 50 લકઝરીયસ એમિનીટીઝ 3 બેડરૂમ વેચાણથી 1500' કારપેટ 4 બેડરૂમ વેચાણથી 2500' કારપેટ MG Realtors 9867441569 - 8104289360 - 9820964062. (જેપી/૪૫૭૭-બી)

**કાંદિવલી વેસ્ટ**

1 બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ 465 કાર્પેટ, 1.25 Cr પાર્કિંગ સાથે 15 માળની ઉપર ટાવરમાં કાંદિવલી સ્ટેશનથી 2 મિનિટના અંતરે મળશે. સંજીવ 9821925693. (૧૩૫૦-એ)

**જુહુસ્કીમ**

**૨ બેડરૂમનો વિશાળ ફર્નિશ્ડ ફ્લેટ, અલગ સર્વન્ટ બાથરૂમ. અંદાજે ૧૦૦૦ ફૂટ ૫મે માળે, લીફ્ટ. ૧ પાર્કિંગ. જમનાબાઈ સ્કૂલ અને દેરાસર પાસે વેચવાનો છે. સંપર્કઃ 9892168687. (એસડીબી-૩૫૦૬)**

**ગુજરાત વડોદરાના પ્રાઈમ લોકેશન**

**ન્યુ અલકાપુરી ગોત્રી રોડ પર 4 BHK Flats Luxurious with Alloted Parking દરેક ફ્લોર પર 1 ફ્લેટ ચારેબાજુ ઓપન રેડી પઝેશનમાં (સેમ્પલ ફ્લેટ રેડી) BU documents availed Vallabh Divine આર્ય રેસીડેન્સી સામે, ન્યુ અલકાપુરી, ગોત્રી, વડોદરા મો.. 9879554443. (બી-૧૮૦૪૨)**

**ઘાટકોપર ઈસ્ટ**

**પ્રાઈમ લોકેશન વેચાણથી બે બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ પાર્કિંગ 640' કાર્પેટ તેમજ 2-3-4 બેડરૂમ ફ્લેટ ભાડેથી. ''જ્યોતી એસ્ટેટ'' 9029335133. (૧૩૫૬-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી બ્રાન્ડ ન્યુ ટાવરમાં 2 BHK-655' કાર્પેટ, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી OC અને પાર્કિંગ સાથે, રેડી ટુ મુવ, પ્રાર્થના સમાજ રોડ, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992/ જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૭૬-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી 3 BHK-840' અને 1064' કાર્પેટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ, હાયર ફ્લોર, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી, પ્રાર્થના સમાજ રોડ, OC અને પાર્કિંગ સાથે, રેડી ટુ મુવ, દેરાસરની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992/ જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૭૬-ડી)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફુટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 સરફેસ પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર. વાલજી લધા રોડ. ફિટ-આઉટ રેડી પઝેશન. સંપર્ક- 9930333456 (P51800055546). (૧૩૫૭-એ)

**ANDHERI PARK ALTEZA**

**Upper Juhu D. N. Nagar 3 BHK 1100' sqft ready to move in spacious flat price (4,65,00,000/-). Parth: 98205 25127. (SDB-3475)**

**JUHU - GULMOHAR**

**3 BHK - 1240 / 1458 / 1537 / 1626 Carpet Area Exclusive Ready Possession with OC and All Amenities - 50 k to 60 k psf negotiable Prices Mihir - 7021919015. (1280-I)**

**LODHA PARK**

Allura / Marquees / Parkside. 2 BHK & 3 BHK Sale / Rent. Many more proposals. Contact Shradha 9920655056 / 9821036552 (SFRC). (1324-A)

**KANDIVALI EAST**

**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**BANDRA / KHAR / SANTACRUZ**

3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-18033)

**LEASE FLAT -**

"Palacimo" Off Breach Candy 3 BHK - area 1850' Carpet, + Servants Bathroom, Newly Doneup. Call:- 9820064790. (B-18038)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**

**રૂષભ ઉપાધ્યાય 9049625073**

**હિતેષ ઉપાધ્યાય 9326470109**

(એસડીબી-૩૪૫૦)

**ભીવંડી**

વેચાણથી/ ભાડેથી, પ્રાઈમ લોકેશનમાં, હાયવે ટચ, કલીઅર ટાઈટલ પ્રોજેક્ટમાં પ્રી-લીઝ વેરહાઉસ. લેવા નિલેશ અરોરા- 9717198987. ( 7 થી 7.50% રીટર્ન). (૧૩૫૨-એ)

**INDUSTRIAL**

NA Lands and Industrial Sheds Available on Sale / Rent at Umbergaon, Sarigaon, Vapi from 5000 to 1 Lac sqft. Rajesh - 9898530747. (554/A)

## ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે (વેસ્ટ)**

વેચાણથી બજાજ રોડ પર, કોમર્શિયલ ઓફીસ 1લો માળ, કાર્પેટ 1000 ચો. ફૂટ (2) ગ્રાઉન્ડ ફ્લોર - શોપ - કાર્પેટ 475 ચો. ફૂટ. સંપર્કઃ 9324512690 / 9821165431. (બી-૧૮૦૩૧)

**બૂમરેંગ**

**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 2500' બીલ્ટઅપ, ફૂલ્લી ફર્નિશ્ડ ઓફિસ ભાડેથી આપવાની છે. ઓનર - અંકીત - 9967679037, કિશોર - 9082463450. (એસડીબી-૩૪૬૯)**

**ગુપ્તે રોડ, ડોમ્બિવલી વેસ્ટ**

૨૯૮ ચોરસ ફૂટની દુકાન, ૧૦ ફૂટની વિઝિબિલિટી અને ઊંચાઇ; ઓનરશીપ દુકાનની કિંમત ૫.૨૫ કરોડ. સંપર્કઃ પારસ - 8097043013. (એસડીબી-૩૪૮૧)

**શોરૂમ 5000' વેચાણથી**

**મુંલુંડ - વેસ્ટ**

**આર્ય સમાજ પાસે**

**2700 ગ્રાઉન્ડ ફ્લોર, 2350 બેઝમેંન્ટ**

**દર્શન- 23 ફુટ, હાઈટ- 12 ફુટ**

**શ્રી સંભવનાથ રીયલ્ટર**

**જીતેન્દ્ર શાહ**

**9820076455 / 8369122078**

(૧૩૫૩-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

''મોદી આરકેડ'' સ્ટેશન તથા એસ. વી. રોડથી ફક્ત એક મિનિટ, નવા બંધાતા કમર્શિયલ બિલ્ડિંગમાં 238 થી 744 Sqft ની ઓફિસો પાર્કિંગ સાથે જોવા તથા નોંધાવા આજે જ સંપર્ક કરો ''કલ્પેશભાઈ'' 9821307161. (જેપી/૪૫૭૩-સી)

**મઝગાંવમાં પ્રાઈમ કોમર્શિયલ**

જગ્યા વેચવાની છે. ૧૨૧૦ ચોરસ ફૂટ કાર્પેટ એરીયા, ગ્રાઉન્ડ ફ્લોર. GST ભવનની બાજુમાં, કોર્ટની સામે. ડૉક્ટર્સ હબ અને ક્લિનિક્સ, લૉ ફર્મ્સ, બેંકો, NBFCs અને બેક ઓફિસો સ્કૂલ યુનિફોર્મ, બુક્સ સ્ટોર્સ માટે ઉત્તમ. ૨ કાર અને ૪ બાઈક માટે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ. ઉત્તમ કનેક્ટિવિટી (સેન્ટ્રલ/ હાર્બર લાઈન, ફ્રી-વે, અટલ સેતુ). સંપર્ક કરોઃ જીતુભાઈ - 9821041515, ફિરોઝભાઈ - 9821587539. (એસડીબીજી-૩૫૦૫)

**PRELEASED જોઈએ**

**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા, BANK, BRANDS, CORPORATE OFFICE, RESTAURANT માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ. સોદાની ખાત્રી. (બજેટ 5 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૩૩૬-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**બોરીવલી (વેસ્ટ)**

**યોગીનગર અને એક્સર રોડના જંકશને જુના ભાડાની જગ્યા - 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 68,00,000/-) 7666644727. (૧૩૨૮-ઈ)**

**જોગેશ્વરી ઈસ્ટ**

સ્ટેશન પાસે 700'+700' માળિયાવાળું ઈન્ડસ્ટ્રીઅલ ગાળો + વોશરૂમ - 2.50 કરોડ. 9819569698. (૧૩૪૬-એફ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**OFFICE - SHOWROOM**

440' - 880' કાર્પેટ તથા 2300' શોરૂમ + 300 ઓટલો, જ્વેલરી, ઈલેક્ટ્રોનિક, વેજ રેસ્ટોરન્ટ માટે ઉત્તમ રેડી પઝેશન with OC - Swastik House, સ્ટેશન સામે એસવી રોડ ટચ કાંદીવલી વેસ્ટ બિલ્ડર સાઇડ - 9820866563. (જેપી/૪૫૭૩-ડી)

**FURNISHED OFFICE**

**વેચાણથી / લીઝથી ઓફિસ ઉપલબ્ધ. બોરીવલી (વેસ્ટ) લીંક રોડ Techno Park ઓફિસ 600', 900' (Surface Parking) તેમજ અન્ય આકર્ષક પ્રપોઝલો સ્ટેશન પાસે પણ. D. S. Realty 7666644727. (૧૩૩૬-ઈ)**

**દુકાન / શોરૂમ**

મસ્જિદ (વેસ્ટ), કાજી સૈયદ સ્ટ્રીટ, એરિયા - ૬૦૦ + ૬૦૦ (૧૨૦૦) ઓનરશીપ રેડી કબજો લેવા મળો. મહેશ શાહ - ફોન - 9820253026. (એસડીબીજી-૩૫૦૧)

**ઓફિસ/ ગોદામ/ દુકાન**

સેમ્યુઅલ સ્ટ્રીટ - કાજી સૈયદ સ્ટ્રીટ - નરશીનાથા સ્ટ્રીટ - નાગદેવી સ્ટ્રીટ. નાની મોટી જગ્યાઓ - ગ્રાઉન્ડ ફ્લોર / ૧લે માળે લેવા વેચવા મળો મહેશ શાહ - ફોન 9820253026. (એસડીબીજી-૩૫૦૦)

**જુહુમાં ઓફિસ**

વેચાણથી 400' થી 900' મીઠીબાઈ કોલેજની સામે, પવન હંસ/ સીવ્યૂ, 2 કરોડ ઓનવર્ડ સાઇટઃ 9820964062. (જેપી/૪૫૭૭-સી)

**ડોક્ટર વેલકમ**

ઓફિસ ભાડેથી 21 Business Elite, એમ. જી. રોડ કાંદિવલી વેસ્ટ, ન્યુ બિલ્ડિંગ, 300' કાર્પેટ 55000/- રેન્ટ નીગોશિયેબલ, પાર્કિંગ. બ્રોકર 9820194937 - 9619191741. (જેપી/૪૫૭૭-ઈ)

**OFFICE - ANDHERI - PARLA**

Office for Sell 1200' - 2500' - 3000' - 3500' - 4000' Ready Possession + 3 to 6 Parking's. 9820442089. (1346-A)

**SANTACRUZ (W)**

**S.V. ROAD**

**PRE LEASED PROPERTY FOR SALE**

**ROI: 6 %**

TENANT: A+ GARMENT RETAILER, BASEMENT OFFICE, COMMERCIAL PASS WITH OC.

CARPET AREA: 1900.

**ASKING 6.25 CR NEGOTIABLE**

**SHRADDHA SINGH 98335 33806**

(B-18011)

**JUHU / VILEPARLE / ANDHERI**

**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 9819554066. (1281-B)**

**VILEPARLE (E)**

Office of 450 sq.ft. on Gr. Floor in O.C. received Building on Rambhau Barve Marg with Attached / Separate Basement of area 1100 sq.ft. along with 2 Parking facility for Sale / Rent. Contact - 9320075559 / 9076311900. (1333-C)

**CHURCHGATE**

**One Office for Sale Carpet 230. Rate 60K Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18029)**

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - 4500/-**

ગણપતિ, નવરાત્રી દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલીયાઃ- 9820889938. (૧૩૧૮-ઈ)

**બજેટથી પ્રાર્થનાસભા**

જન્માષ્ટમી- ગણપતિ ભજન સંધ્યા, પર્યુષણ સાંજી, લગ્નગીત, સંગીત સંધ્યા, ANNIVERSARY. મનસુખભાઈ- 9326801860. (૧૩૩૬-જી)

**ઓગરન (મ્યુઝીક)**

**અંધેરી વિસ્તારમાં પદ્ધતિસર ઓરગન શીખવા માટે સંપર્ક- મનન સોમપુરા 9821044214. (એસડીબી-૩૫૦૭)**

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ, ડિઝલ, ટોયાટો - હુંડાઈ - હોન્ડા - મારૂતી ગાડી લેવા - વેંચવા. શ્રીજી મોટર - 9545741755. (બી-૧૭૯૩૩)

(જુઓ પાનું ૧૦)

# નેપાળમાં કુદરતના કહેર વચ્ચે અનેક ગુજરાતીઓ લાપતા; હેમખેમ ઘરવાપસી માટે પરિવારોની પ્રાર્થના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેપાળમાં આવેલા વિનાશકારી પૂરની સ્થિતિને કારણે અનેક લોકોના મોત નિપજ્યા છે અને મોટી સંખ્યામાં લોકો લાપતા બન્યા છે. આ કુદરતી હોનારત વચ્ચે લાપતા થયેલા લોકોમાં ગુજરાતના અંદાજે ૨૪ જેટલા પ્રવાસીઓ પણ સામેલ હોવાની વિગતો જાણવા મળી રહી છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જારી કરાયેલી યાદી મુજબ, આ ૨૪ ગુજરાતીઓ ગુમ તરીકે નોંધાયેલા છે, જેમાં અમદાવાદ, સુરત, આણંદ, ખેડા, ગાંધીનગર અને અમરેલી સહિતના જિલ્લાના નાગરિકો, તેમજ કેટલાક વિદેશી નાગરિકત્વ ધરાવતા ગુજરાતીઓનો સમાવેશ થતો હોવાનું જાણવા મળ્યું હતું.

સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર, સુરતના પરેશભાઈ પટેલ, જ્યોતિબેન પટેલ અને મીનાક્ષીબેન રામાણી ગત ૨૩ ઓગસ્ટે નેપાળ પ્રવાસે નીકળ્યા હતા. તેમની છેલ્લી માહિતી મુજબ તેઓ નેપાળ-તિબેટ બોર્ડર તરફ હતા, પરંતુ ત્યારથી તેમનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી. આ ઉપરાંત, અમરેલી જિલ્લાના જાફરાબાદ સ્થિત ખંઢેરી હનુમાન મંદિરના પૂજારી ગોમતીબાપુનો પણ છેલ્લા દસેક દિવસથી કોઈ પત્તો લાગ્યો નથી. ગોમતીબાપુ અયોધ્યાથી સુલતાનપુર આશ્રમના સંતો-મહંતોના સંઘ સાથે નેપાળ દર્શન માટે ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

યાદીમાં દર્શાવ્યા મુજબ, ગાંધીનગરના અમિતા અમીન, તેજલ પટેલ અને જિતેન્દ્ર પટેલ નેપાળ ટ્રેકિંગ પ્લાનર મારફતે ગયા હોવાનું, જ્યારે આણંદના બિમલકુમાર પટેલ, જૈમિનાબેન, પદમા પટેલ, જગદીશ પટેલ અને શિલ્પા પટેલ હિમાલયન ગ્લેશિયર એન્ડ એડવેન્ચર પ્લાનર મારફતે કૈલાશ માનસરોવર યાત્રા માટે ગયાં હતાં અને તેમનો પણ સંપર્ક તૂટી ગયો હોવાની વિગતો સૂત્રો પાસેથી મળી હતી. આ સાથે ખેડાના ઉમેશ પટેલ, આકાંક્ષાબેન પટેલ અને ઈશાન પટેલ, તેમજ અમદાવાદના કિન્નરી પટેલ, મિહિર પટેલ, અશોકભાઈ કાપડી, ભાવિનકુમાર રાવલ, બીના પરીખ અને પૂનમ ઠક્કર સહિત લોકોનું નામ પણ ગુમ લોકોની યાદીમાં સામેલ હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટના જય દિનેશ કોટેચા અને વલસાડના રોમા ઈંટવાલાનો પણ સંપર્ક થયો નથી તેવી વિગતો સૂત્રો પાસેથી મળી હતી.

રાજ્ય તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગે આ તમામ લાપતા ગુજરાતીઓ વિશે નેપાળ સરકાર અને સ્થાનિક એજન્સીઓ સાથે સતત સંકલન કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું. હાલ આ લોકોનો પરિવાર તેમના ક્ષેમકુશળ હોવાની અને હેમખેમ ઘરે પરત આવવાની રાહ જોઈ રહ્યો છે.■

# કચ્છમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાઈરસના આઠ શંકાસ્પદ કેસો નોંધાયા, હૉસ્પિટલો સજ્જ કરાઈ, અંજારમાં સર્વેલન્સ અને ફોગિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં ચાંદીપુરા વાઇરસની સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક સજ્જતા હાથ ધરવામાં આવી છે. ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ સહિત તમામ તાલુકા કક્ષાની હૉસ્પિટલો, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વેન્ટિલેટર સજ્જ પથારીઓ અનામત રાખવામાં આવી છે. દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે તબીબી સ્ટાફ, જીવનરક્ષક સાધનો અને જરૂરી દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. આ સાથે આરોગ્ય કર્મચારીઓને શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ પર સતત નજર રાખવા અને ત્વરિત રિપોર્ટ કરવા સૂચના આપવામાં આવી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાઇરસના ૮ શંકાસ્પદ કેસો નોંધાયા છે, જેમાંથી ૭ કેસના લેબોરેટરી રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, જ્યારે એક છ વર્ષના દર્દીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. હાલમાં ૩ દર્દીઓ હૉસ્પિટલમાં તબીબી દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યા છે. અંજાર વિસ્તારમાં કેસ નોંધાતાં જ આરોગ્ય તંત્ર દ્વારા બાળકનાં રહેણાક વિસ્તારની ૫૦૦ મીટરની ત્રિજ્યામાં ડસ્ટિંગ અને ફોગિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ચાંદીપુરા વાઇરસના વાહક એવી સેન્ડ ફ્લાય માખીના નિયંત્રણ માટે દવાનો છંટકાવ કરાયો છે. આ કામગીરી અંતર્ગત ૮૮૩ જેટલા ઘરોની મુલાકાત લઈને ૩,૪૮૦ની વસ્તીને આવરી લેતું ઘર-ઘર સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે.

આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકો અને ખાસ કરીને વાલીઓને તકેદારી રાખવા ખાસ અપીલ કરવામાં આવી છે. કાચાં મકાનો, માટીની ભીંતો, ઝાડી-ઝાંખરા અને રેતીવાળી જગ્યાઓએ રમતાં નાનાં બાળકોને આખી બાંયના કપડાં પહેરાવવા અને શક્ય હોય ત્યાં સુધી આવી જગ્યાઓથી દૂર રાખવા સલાહ અપાઈ છે. આ ઉપરાંત, ઘર અને આસપાસ સ્વચ્છતા જાળવવા તેમજ માખી-મચ્છરનો ઉપદ્રવ અટકાવવા જણાવ્યું છે. બાળકોમાં તીવ્ર તાવ, ઊલટી, ચક્કર, ખેંચ, અસામાન્ય સુસ્તી કે વર્તનમાં ફેરફાર જેવા લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર તુરંત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર કે હૉસ્પિટલનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે. ■

## ગુજરાતમાં ચાંદીપુરા વાઈરસનો કહેર યથાવત્: મૃત્યુઆંક ૨૮ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચાંદીપુરા વાઇરસનો કહેર હજુ પણ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ૩૦ જૂનથી શરૂ થયેલા આ રોગચાળામાં બાળકોનો મૃત્યુઆંક વધીને ૨૮ પર પહોંચી ગયો છે, જે ૩ ઓગસ્ટના રોજ નોંધાયેલા ૨૨ મૃત્યુ કરતાં ૬ વધુ હોવાનું જણાયું છે. અત્યાર સુધીમાં ગુજરાત અને પડોશી રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાંથી કુલ ૩૨૪ શંકાસ્પદ કેસ નોંધાયા હતા. જેમાંથી ૩૧૪ સેમ્પલના રિપોર્ટ પ્રાપ્ત થયા છે, જો કે તે પૈકી ૧૦ પેન્ડિંગ હોવાનું જાણવા મળ્યું હતું. અત્યારસુધી ૪૨ બાળકોમાં વાઇરસની લેબોરેટરી પુષ્ટિ થઈ હતી. મળતી વિગતો અનુસાર, કન્ફર્મ થયેલા ૪૨ કેસમાંથી ૨૮ બાળકોનાં મોત થતાં મૃત્યુદર ૬૬.૭ ટકા નોંધાયો છે.

બીજી તરફ, કચ્છ જિલ્લા વહીવટીતંત્રએ આ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે જિલ્લામાં અત્યાર સુધીમાં ૮ શંકાસ્પદ કેસ નોંધાયા હતા, જેમાં અંજારમાં સારવાર દરમિયાન એક બાળકનું મોત નિપજ્યું હતું. આ ૮ કેસમાંથી ૭ ના લેબોરેટરી રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. હાલમાં ત્રણ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે અને તબીબી દેખરેખ હેઠળ તેમની સઘન સારવાર ચાલી રહી છે. અંજારમાં ચાંદીપુરાનો કેસ નોંધાતા જ જિલ્લા રોગચાળા નિયંત્રણ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને બચાવલક્ષી કામગીરી શરૂ કરી દીધી હતી.

ચાંદીપુરા વાઇરસનું મુખ્ય કારણ મનાતી સેન્ડફ્લાયના નિયંત્રણ માટે જંતુનાશક દવાઓનો છંટકાવ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ૮૮૩ ઘરોની મુલાકાત લઈ કુલ ૩ હજાર કરતાં વધુ લોકોનું ડોર-ટુ-ડોર સર્વેલન્સ કરવામાં આવ્યું હતું, જ્યાં શંકાસ્પદ લક્ષણો ધરાવતા લોકોની તપાસ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું તંત્રએ જણાવ્યું હતું.

# રાજકોટ મધ્યસ્થ જેલમાં રક્ષાબંધનની ભાવનાત્મક ઉજવણી, બહેનોએ બંદી ભાઈઓને રાખડી બાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ મધ્યસ્થ જેલ ખાતે રક્ષાબંધનના પાવન પર્વની ભાવનાત્મક ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધન નિમિત્તે જેલમાં રહેલા બંદિવાનો અને તેમની બહેનો વચ્ચે ખાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન બહેનોએ પોતાના ભાઈઓને રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ભાઈ-બહેનના પવિત્ર સંબંધની લાગણીસભર ઝલક જોવા મળી હતી. લાંબા સમય બાદ ભાઈને મળેલી બહેન અને બહેનને મળેલા ભાઈ વચ્ચે લાગણીસભર માહોલ જોવા મળ્યો હતો.

બહેનોને કોઈ અગવડ ન પડે તે માટે રાજકોટ મધ્યસ્થ જેલ તંત્ર દ્વારા પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. મુલાકાત માટે આવતા બહેનો માટે બેસવાની વ્યવસ્થા, પીવાના પાણી સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેલ પરિસરમાં મુલાકાત સુવ્યવસ્થિત રીતે યોજાય અને કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે તંત્ર દ્વારા પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજકોટ મધ્યસ્થ જેલના એસપીએ બંદિવાનોને ભાવનાત્મક અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, જીવનમાં કોઈપણ પરિસ્થિતિમાં ઉતાવળમાં લેવાયેલું એક પગલું વ્યક્તિના સમગ્ર જીવનને અસર કરી શકે છે. તેમણે લાગણીસભર અપીલ કરતા જણાવ્યું હતું કે, ઉતાવળમાં કરેલું એક પગલું ભાઈઓને હંમેશા નડે છે અને બહેન માટે આખી જિંદગીનો દાગ બની જાય છે. રક્ષાબંધનના આ પાવન પ્રસંગે બહેનોએ પોતાના ભાઈઓને રાખડી બાંધી તેમના સુખી અને સુરક્ષિત જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. આમ, રાજકોટ મધ્યસ્થ જેલમાં રક્ષાબંધનનો પર્વ માત્ર ધાર્મિક પરંપરા પૂરતો નહીં, પરંતુ ભાઈ-બહેનના લાગણીસભર સંબંધને ઉજાગર કરતો અને જીવનમાં સારા માર્ગે આગળ વધવાનો સંદેશ આપતો પ્રસંગ બન્યો હતો. ■

# સુરત ભાજપ નેતાની પુત્રવધૂ આપઘાત કેસઃ પતિ સૌરભ અને પ્રેમિકા ઈશિકાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકાસ્થિત કડોદરાની શ્રીનિવાસ ગ્રીન સિટી સોસાયટીમાં ૨૪મી ઓગસ્ટના રોજ ભાજપના મહિલા આગેવાન અને ભાજપનાં પૂર્વ નગરપાલિકા ઉપપ્રમુખ શશી સિંઘની પુત્રવધૂ નિધિ કુમારીએ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ મામલે પોલીસે બે લોકોની ધરપકડ કરી હતી.

આ મામલે મૃતકના ભાઈ આદિત્ય કુમારે કડોદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, નિધિનો પતિ સૌરભ કુમાર ઈશિકા બેનરજી નામની યુવતી સાથે કથિત સંબંધ ધરાવતો હતો. પતિ અને તેની પ્રેમિકા દ્વારા અપાતા માનસિક ત્રાસથી કંટાળીને નિધિએ આ અંતિમ પગલું ભર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. વળી મૃતક નિધિના પેનલ પોસ્ટ મોર્ટમ દરમિયાન તબીબોને પરિણીતાના આંતરવસ્ત્રમાંથી છુપાવેલી બે પાનાની વિસ્તૃત સ્યુસાઈડ નોટ મળી આવી હતી. તબીબોએ ત્વરિત આ ચિઠ્ઠી કડોદરા પોલીસને સોંપી હતી. સ્યુસાઈડ નોટમાં નિધિકુમારીએ પોતાના પતિના અન્ય મહિલા સાથેના અનૈતિક સંબંધો અને તેના કારણે સતત અપાતા માનસિક ત્રાસનો ગંભીર ઉલ્લેખ કર્યો હતો.

આમ ફરિયાદ અને સુસાઇડ નોટના આધારે કડોદરા પોલીસે પતિ સૌરભ તથા તેની કથિત પ્રેમિકા ઇશિકા બેનરજી સામે આપઘાત માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી. પોલીસ બંને આરોપીઓની વધુ પૂછપરછ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, સાસરી પક્ષ રાજકીય રીતે પ્રભાવશાળી હોવાથી પુરાવા નષ્ટ થવાની ભીતિ વચ્ચે નિધિએ સુસાઇડ નોટ પોતાના આંતરવસ્ત્રોમાં છુપાવી રાખી હતી. તબીબોએ આ ચિઠ્ઠી કાયદેસરની પ્રક્રિયા મુજબ પોલીસને સોંપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, નિધિકુમારીના લગ્ન ૨ વર્ષ પૂર્વે સૌરભકુમાર સાથે થયા હતા. જોકે, સૌરભસિંગના ઈશિકા બેનરજી નામની મહિલા સાથે પ્રેમસંબંધો ચાલી રહ્યા હતા. પતિના આ અફેર અંગે જાણ થતાં જ બંને પતિ-પત્ની વચ્ચે અવારનવાર ભારે કંકાશ અને ઝઘડા થતા હતા. પતિના અન્ય મહિલા સાથેના સંબંધો અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે નિધિકુમારીએ આપઘાત કર્યો હતો. ■

# બનાસ ડેરીની પશુપાલકોને ₹ ૨૯૪૬.૭૭ કરોડનો ભાવફેર ચૂકવવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એશિયાની અગ્રણી બનાસ ડેરીની ૫૮મી વાર્ષિક સાધારણ સભા ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દિયોદર તાલુકાના સણાદર ખાતે યોજાઈ હતી, જેમાં પશુપાલકો માટે કુલ રૂ.૨,૯૪૬.૭૭ કરોડના ઐતિહાસિક ભાવફેરની જાહેરાત કરવામાં આવી હતી. આ રકમમાં બનાસ ડેરી સંઘનો રૂ.૨,૨૩૯.૨૭ કરોડનો ભાવફેર અને દૂધ ઉત્પાદક મંડળીઓનો રૂ.૭૦૭.૫૦ કરોડનો ભાવફેર સામેલ છે.

૫૮મી વાર્ષિક સાધારણ સભામાં બૃહદ બનાસકાંઠા અને બનાસ ડેરી હેઠળ આવતા તાલુકાઓના રાજકીય અને સામાજિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં પશુપાલક ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બનાસ ડેરીએ સંઘ તરફથી રૂ.૨,૨૩૯.૨૭ કરોડ અને દૂધ મંડળીઓ તરફથી રૂ.૭૦૭.૫૦ કરોડની રકમ જાહેર કરી હતી. બંનેને સાથે ગણવામાં આવે તો કુલ રૂ. ૨,૯૪૬.૭૭ કરોડ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસ ડેરીના અગાઉનાં વર્ષોના આંકડા જોવામાં આવે તો ભાવફેરની રકમ સતત વધી રહી છે. ૨૦૨૫માં ૫૭મી વાર્ષિક સાધારણ સભામાં કુલ રૂ.૨,૯૦૯.૮ કરોડની ચુકવણી જાહેર કરવામાં આવી હતી. તેમાં બનાસ ડેરી તરફથી રૂ.૨,૧૩૧.૬૮ કરોડ અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તરફથી રૂ.૭૭૮.૧૨ કરોડનો સમાવેશ થતો હતો.

બનાસ ડેરી છેલ્લાં ઘણાં વર્ષોમાં માત્ર દૂધ ખરીદતી સંસ્થા રહી નથી. દૂધ ઉપરાંત ઘી, માખણ, ચીઝ, આઈસ્ક્રીમ, પનીર, મધ, બટાકા આધારિત ઉત્પાદનો સહિત અનેક ક્ષેત્રોમાં ડેરીએ પોતાની કામગીરી વિસ્તારી છે.

૨૦૨૫ના ઉપલબ્ધ આંકડા પ્રમાણે બનાસ ડેરીનું વાર્ષિક ટર્નઓવર રૂ.૨૧,૨૦૦ કરોડથી વધુ હતું અને ડેરી દૈનિક આશરે ૧ કરોડ લિટર દૂધની પ્રક્રિયા કરવાની ક્ષમતા ધરાવતી હતી. ડેરી સાથે ૧,૬૦૦થી વધુ દૂધ મંડળીઓ અને ૪ લાખથી વધુ ખેડૂતો જોડાયેલા હોવાનું અહેવાલોમાં જણાવાયું હતું. ■

# સુરતમાંથી ચાર નકલી તબીબ ઝડપાયા, ₹.૪.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદઃ ગુજરાતનાં વિવિધ શહેરોમાં નકલી તબીબો લોકોના આરોગ્યના જોખમે સારવાર કરી રહ્યા છે. આ બોગસ તબીબો સામે પોલીસે કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે. સુરત શહેર લોકલ ક્રાઇમ બ્રાન્ચ (એલસીબી) સ્ક્વોડે પુણા વિસ્તારમાં દરોડા પાડીને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા અને કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ કરતાં ચાર બોગસ ડોક્ટરોને ઝડપી પાડ્યા હતા.

સુરત એલસીબી સ્ક્વોડને ચોક્કસ બાતમીના આધારે પુણા વિસ્તારમાં કેટલાક ઇસમો પાસે તબીબી પ્રેક્ટિસ માટેની કોઈ સત્તાવાર ડિગ્રી કે રજિસ્ટ્રેશન ન હોવા છતાં તેઓ ક્લિનિક ખોલીને લોકોના જીવ જોખમાય તે રીતે સારવાર કરી રહ્યા છે અને એલોપેથિક દવાઓ આપી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડીને પુણાના રાજીવનગર વિસ્તારમાંથી ૩ અને આશાનગર વિસ્તારમાંથી ૧ મળી કુલ ૪ બોગસ ડોક્ટરોને ઝડપી લીધા હતા. આ નકલી તબીબોમાં સમરબહાદુર પાલ, તેજબહાદુર નિષાદ, પ્રશાંત માલાકર, સુબલ ગાચ્છીનો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું કે, આ ચારેય આરોપીઓ છેલ્લા ૮થી ૧૦ વર્ષ જેવા લાંબા સમયથી કોઈ પણ માન્ય ડિગ્રી વગર ગેરકાયદે રીતે ક્લિનિક ચલાવીને લોકોની સારવાર કરતા હતા. એલસીબી સ્ક્વોડે ઘટનાસ્થળેથી એલોપેથિક દવાઓ, મેડિકલ સાધનો સહિત કુલ ૪.૯૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને તમામ ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગર લઠ્ઠાકાંડનો રેલો દિલ્હી સુધી પહોંચ્યો

## વધુ ત્રણ આરોપી ઝડપાયા, ધરપકડ કરાયેલા આરોપીઓનો આંકડો ૩૧ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ચકચારી નકલી દારૂકાંડમાં સ્ટેટ મોનિટરિંગ સેલ તપાસનો ધમધમાટ ચલાવી રહી છે. નકલી દારૂ બનાવનાર અને વેચનારની સપ્લાઈ ચેઈન સુધી પહોંચવા સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમો કામે લાગી છે ત્યારે તપાસ એજન્સીને આ મામલે મોટી સફળતા મળી હતી. ઝેરી દારૂ બનાવવા માટે દિલ્હીથી અમદાવાદ સુધી મિથેનોલ સપ્લાય કરનારા ત્રણ શખ્સને એસએમસીની ટીમે દિલ્હીથી ઝડપી લઈ ટ્રાન્ઝિસ્ટ રિમાન્ડ મેળવી ભાવનગર લાવવા તજવીજ ચાલી રહી છે. આમ, ભાવનગર લઠ્ઠાકાંડમાં કુલ આરોપીઓનો આંકડો ૩૧ પર પહોંચ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગરમાં ઝેરી દારૂ પીવાથી ૧૩ માસૂમ લોકોનાં મોત અને ૬૦થી વધુ લોકો ભોગ બનવાની હૃદયદ્રાવક ઘટના બાદ સમગ્ર રાજ્યમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. આ દુર્ઘટનાને પગલે ગેરકાયદે દારૂના કાળા કારોબારના મૂળ સુધી પહોંચવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. એસએમસીની ૧૬ ટીમે આ મામલે દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ગુજરાતના જુદાં-જુદાં જિલ્લાઓમાં તપાસ આદરી હતી. આ કેસમાં અત્યાર સુધી ૨૮ આરોપીઓની ધરપકડ કરી એસએમસીએ રિમાન્ડ મેળવ્યા છે. બીજી તરફ સપ્લાઈ ચેનના મૂળ સુધી પહોંચવાની કડીમાં પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની તપાસમાં દિલ્હીમાં રહેતા પ્રમોદકુમાર બુડાકોટી દ્વારા ઝેરી દારૂ બનાવવા મિથેનોલ દિલ્હીમાં રહેતા રોહિત પ્રધાન તથા કેશવ જાટવને ગેરકાયદેસર રીતે સપ્લાય કરવામાં આવ્યું હોવાનું પ્રસ્થાપિત થયું છે. રોહિત અને કેશવ દ્વારા અન્ય આરોપીઓ મારફત ઝેરી દારૂ બનાવવાનો મિથેનોલ ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, અમદાવાદ સુધી પહોંચાડવામાં આવ્યું હતું. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દિલ્હી પોલીસની મદદથી પ્રમોદ, રોહિત અને કેશવની ધરપકડ કરી ત્રણેયના ટ્રાન્ઝિસ્ટ રિમાન્ડ મેળવી ભાવનગર લાવવા પ્રક્રિયા કરવામાં આવી છે. આમ, ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ ત્રણ આરોપીઓ ઝડપાતા કુલ આરોપીઓ અને ઝડપાયેલા આરોપીઓને આંકડો ૩૧ પર પહોંચ્યો છે. નકલી દારૂ બનાવનાર અને વેચનારની સપ્લાઈ ચેઈન સુધી પહોંચવાની દિશામાં પોલીસને મોટી સફળતા મળી છે. બીજી તરફ આ મામલે ભાવનગર પોલીસની ભૂમિકાનો હિસાબ પણ થઈ રહ્યો છે. ■

# સૌરાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ સાથે આજથી ખંભાળિયામાં 'આપ'નો 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક જિલ્લામાં અપૂરતા વરસાદને કારણે ખેડૂતો અને પશુપાલકોની સ્થિતિ દયનીય બની છે, ત્યારે આમ આદમી પાર્ટી (આપ) ગુજરાતના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ રાજ્ય સરકાર સામે મોરચો માંડવાની જાહેરાત કરી હતી. દ્વારકા, જામનગર અને પોરબંદર સહિતના અછતગ્રસ્ત વિસ્તારોને તાત્કાલિક ધોરણે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ સાથે તેઓ આજથી દેવભૂમિ દ્વારકાના જામ ખંભાળિયા ખાતે અનિશ્ચિત મુદ્દતના 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ' પર બેસવાની જાહેરાત કરી છે.

તેમણે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, અમરેલીના કેટલાક ભાગો અને ઉત્તર ગુજરાતમાં નહીવત વરસાદને કારણે પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે અને માત્ર ૨૫ ટકા જેટલો જ પાક બચ્યો છે. નિયમો મુજબ સરકારે આ વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા જોઈએ, પરંતુ સરકાર સંવેદનહીન બની ગઈ છે. સૌની યોજનાનું પાણી પણ છોડવામાં આવતું ન હોવાથી ખેડૂતોની સાથે પશુપાલકો પણ ઘાસચારાની અછતનો સામનો કરી રહ્યા છે. સેંકડો ખેડૂતોની વ્યથા સાંભળીને જ તેમને ન્યાય અપાવવા માટે આ આંદોલનનું શસ્ત્ર ઉગામવાની ફરજ પડી છે, તેવો દાવો તેમણે કર્યો હતો.

આ સત્યાગ્રહ અંગે વાત કરતા ગઢવીએ તમામ ખેડૂતોને રાજકીય પક્ષ, જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ ભૂલીને એક થવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, ''મને ખેડૂતોએ તેમને જે પ્રેમ આપ્યો છે, તેનું ઋણ ચૂકવવા જ તેઓ રાજકારણમાં આવ્યા છે. તેમણે આશંકા પણ વ્યક્ત કરી હતી કે કેટલાક તત્ત્વો આ આંદોલનને તોડવાનો પ્રયાસ કરશે, પરંતુ ખેડૂતોએ અડીખમ રહીને એકતા બતાવવી પડશે. જ્યાં સુધી સરકાર અછતગ્રસ્ત વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને ખેડૂતોને યોગ્ય વળતર અને ન્યાય ન આપે, ત્યાં સુધી આ લડત ચાલુ રાખવાનો તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો છે.

આ આંદોલન આગામી દિવસોમાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી શકે છે, તેવી ચર્ચા રાજકીય નિષ્ણાતો કરી રહ્યા છે. ■

# નવસારીમાં વડા પ્રધાન મોદીના આગમનના પગલે તૈયારીઓ શરૂઃ સી.આર. પાટીલ અને હર્ષ સંઘવીએ સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિને ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે, જેમાં તેઓ ૮ સપ્ટેમ્બરના રોજ નવસારી ખાતે નવનિર્મિત જિલ્લા ભાજપ કાર્યાલય 'નમો કમલમ'નું લોકાર્પણ કરશે. કેન્દ્રીય પ્રધાન અને નવસારીના સાંસદ સી.આર. પાટીલના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી દ્વારા કોઈ જિલ્લા કક્ષાના ભાજપ કાર્યાલયનું ઉદ્દઘાટન કરવામાં આવી રહ્યું હોય તેવી આ પ્રથમ ઘટના છે. વડા પ્રધાનની આ મુલાકાતને લઈને સ્થાનિક સ્તરે અને પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નવસારીમાં નવનિર્મિત ૪૦ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું નવું કાર્યાલય રૂ. ૧૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૪માં સી.આર. પાટીલ દ્વારા ખાતમુહૂર્ત કરાયા બાદ બે વર્ષથી ઓછા સમયમાં આ ભવ્ય ઇમારતનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ અત્યાધુનિક સુવિધામાં એ.આઈ આધારિત સિસ્ટમ, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ, વિશાળ ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ અને પદાધિકારીઓ તથા મુલાકાતી નેતાઓ માટે અલગ કેબિનની વ્યવસ્થા છે.

વડા પ્રધાનની આ મહત્ત્વપૂર્ણ મુલાકાત પૂર્વે તૈયારીઓનો તાગ મેળવવા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલ નવસારી પહોંચ્યા હતા. તેમણે કેબિનેટ પ્રધાન નરેશ પટેલ અને જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને તમામ વ્યવસ્થાઓની સઘન સમીક્ષા કરી હતી. આ ઉપરાંત, બંને નેતાઓએ આગામી કાર્યક્રમના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી અને તેઓ નવા નિર્માણ પામેલા ભાજપ કાર્યાલયની પણ રૂબરૂ મુલાકાત લેશે. ■

# વડોદરાથી કચ્છના મુન્દ્રા વચ્ચે 'એર ટેક્સી'ની શરૂઆત, દરરોજ ઊડશે ત્રણ ફ્લાઇટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા શુક્રવારે ગુજરાતના બે મહત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્રો વડોદરા અને મુન્દ્રા વચ્ચે સીધી 'એર ટેક્સી' સેવાની સત્તાવાર શરૂઆત કરવામાં આવી હતી. આ નૂતન પહેલનો મુખ્ય હેતુ બંને શહેરો વચ્ચેના મુસાફરી સમયમાં મોટો ઘટાડો કરી કનેક્ટિવિટીને અતિ ઝડપી, સ્માર્ટ બનાવવાનો છે. રસ્તા પરના કલાકોના ટ્રાફિક અને થાકભરી મુસાફરીમાંથી મુક્તિ અપાવતી આ પ્રીમિયમ હેલિકોપ્ટર સેવા ખાસ કરીને બિઝનેસ ટ્રાવેલર્સ, ઉદ્યોગપતિઓ અને પ્રોફેશનલ્સ માટે મુન્દ્રા પોર્ટ તેમજ ઔદ્યોગિક હબ સુધી પહોંચવા માટે ખૂબ જ ફાયદાકારક થશે તેવી આશા સેવાઇ રહી છે.

વડોદરા એરપોર્ટથી મુન્દ્રા વચ્ચે શરૂ થયેલી આ એર સર્વિસના સમયપત્રક અનુસાર, સોમવારથી રવિવાર દરમિયાન વડોદરાથી દરરોજ નિયમિત રીતે ત્રણ ફ્લાઇટ્સ ઉડાન ભરશે. જેમાં સવારે ૬:૩૦ વાગ્યે, સવારે ૬:૫૫ વાગ્યે અને સવારે ૭:૨૦ વાગ્યે મુન્દ્રા માટે રવાના થશે. આ ઉપરાંત, મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે દર રવિવારે સવારે ૭:૪૫ વાગ્યે વધારાની એક વિશેષ ફ્લાઇટ પણ દોડાવવામાં આવશે, તેવી વિગતો પ્રાપ્ત થઈ હતી. આ એર ટેક્સી સેવામાં મુસાફરોને પ્રીમિયમ અને આરામદાયક સીટિંગ, સરળ ચેક-ઇન પ્રક્રિયા અને ઉચ્ચ સુરક્ષા માપદંડો સાથે સુવિધાજનક મુસાફરીનો અનુભવ મળશે. ઔદ્યોગિક વિકાસને વેગ આપવા અને વ્યાપારિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે આ સેવા ખૂબ મહત્ત્વની સાબિત થશે. લિમિટેડ સીટ્સ હોવાથી મુસાફરોને એડવાન્સ બુકિંગ કરાવવાની સલાહ આપવામાં આવી હતી. ■

## ક્લાસિફાઈડ


### ૩૧. નાણાંકીય

**‘લોન’ સંબંધી માર્ગદર્શન**
EMI SAMBEKAI'S - Systematic - Investment & Credit Strategy (SICS) પદ્ધતીથી તમારી નવી અથવા હાલની ‘‘હોમ લોન’’ / ‘LAP’ને લગભગ ખર્ચામુક્ત, તણાવમુક્ત અને સંપતી નિર્માણમાં મદદરૂપ કેવી રીતે બની શકે, તેનું માર્ગદર્શન ‘ફ્રીમાં’ મેળવવા સંપર્કઃ 9821799535. (બી-૧૮૦૩૬)

### ૩૨. જમીન-મિલકત

■ બોહરા બજાર - ફોર્ટ મકાન પાંચ માલા ૨જો માલો ખાલી. દુકાન ભોંયતળિયે - ટોઈલેટ સાથે ૪૫૦ ફૂટ - ઊંચાઈ ૨૦ ફૂટ મોબાઈલ 8425844327. (૩૫૯)

**જૂના મકાનો –**
ભાડુત સાથે / વગર પ્રોપર મુંબઈમાં વેચનાર પાર્ટી સંપર્ક કરે - મહેશ શાહ - ફોન - 98202 53026. (એસડીબીજી-૩૪૯૯)

**PROJECT MANAGEMENT CONSULTANT**
E-MAIL ID : pmcsanjayrex@gmail.com
KIND ATTN. TO CHAIRMAN, SECRETARY & MEMBERS. FOR YOUR SOCIETY RE-DEVELOPMENT.
ARE YOU EXPECTING MORE CORPUS OR HIGHER CARPET AREA BENEFITS ON VALUATION.
BEFORE FINALIZING ANYTHING, FOR CONSULTATION MEET US.
SEND ME FOLLOWING DETAILS
1) NAME OF SOCIETY AND ADDRESS
2) PLOT AREA (3) NO. OF. MEMBERS
4) CONVEYANCE WITH SOCIETY (YES / NO)
5) ANY LITIGATION.
SANJAY BAKUL SHETH GROUP :
+ 91 9323344345
(SEND MESSAGE ON WHATSAPP)
(1349-A)

**PLOTS REQUIRED**
**Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai only Mihir 9819554066. (1281-C)**

**PRIME LOCATED**
Freehold Agricultural Lands available in & around Nasik, Ideal for Investment, Project & Leisure Purposes. Phone: 9890443322.(1318-A)

### ૩૩. ધંધાદારી

**હોમ મેડ મીઠાઈઓ**
માવા, ડ્રાયફ્રુટ શુદ્ધ ઘીની મુંબઈમાં મંગાવોઃ 9274793095 / 9427577771. (૧૩૨૬-ઈ)

**સાગર એંટરપ્રાઈઝ**
OVERHEAD ટાંકી ગ્રાઉન્ડ ટેરેસની સફાઈ કરી આપીશું. સંપર્કઃ 9016658683. (૧૩૨૮-એ)

**LABEL/ STICKER**
**ફરસાણ, વાસણ, કાપડ તેમજ અલગ હેતુ માટે સ્ટીકર/ લેબલ બનાવી આપીશું. યાદવઃ 9326141649, શિવાનીઃ 8104047320. (૧૩૨૮-સી)**

**સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન**
**એગ્રીમેન્ટ ફોર સેલ, વિલ, ગિફ્ટ, રિલીસ, સોસાયટી ટ્રાન્સફર, ૨૦૦૧ની સર્ટીફાઈડ વેલ્યુએશન, ટાઈટલ સર્ચ રિપોર્ટ અન્ય પ્રોપર્ટીને લગતા કામો માટે ‘‘કાપડિયા એન્ડ કંપની’’ 9833115909/ 28996187 (૧૩૫૫-એ)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

*** શ્રી ચામુંડા જ્યોતિષ ***
**લગ્નમાં રુકાવટ જૂની બીમારી, સંતાન ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન ફેમિલી પ્રોબ્લેમ - 9157999811. કાંદિવલી (વેસ્ટ). ( બી-૧૭૯૯૭)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ‘‘એસ. પેસ્ટ કંટ્રોલ’’ ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૦૦-જી)

### ૫૦. વેચવાનું છે

**સીસમના લાકડાના**
**2 કબાટ, (79" ઇંચ હાઈટ), (21" ઇંચ પહોળાઈ), વેચવાનું. 9820718896 (બોરીવલી). (૧૩૪૯-સી)**

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૯૯૨)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)


# ઈંગ્લૅન્ડના ક્રિકેટ સત્તાધીશોએ મનાવી લીધા, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની બહિષ્કારની ધમકીનું સૂરસૂરિયું

## ઈમરાન ખાનના પુત્રોના ઈન્ટરવ્યૂ બતાવવા પર ભડક્યું પાકિસ્તાનઃ ફરિયાદ કરી, પણ કેટલાક કારણોસર ઠંડા પડી ગયા

લંડનઃ ઇંગ્લૅન્ડ સામે અહીં લૉર્ડ્સમાં ચાલી રહેલી ટેસ્ટ-સિરીઝની બીજી ટેસ્ટમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ ઇમરાન ખાનના પુત્રોના ઇન્ટરવ્યૂ પ્રસારિત કરવાના મુદ્દે શુક્રવારના બીજા દિવસે લંચના બ્રેક બાદ રમતનો બહિષ્કાર કરવાની જે ધમકી આપી હતી લૂલી સાબિત થઈ છે, કારણકે વરસાદના વિઘ્નો વચ્ચે રમાતી આ ટેસ્ટમાં પાકિસ્તાનના ખેલાડીઓ નિર્ધારિત સમયપત્રક મુજબ રમ્યા હતા. ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડના મોવડીઓએ પીસીબીના અધિકારીઓને બહિષ્કાર પાછો ખેંચવા ભારે જહેમત બાદ મનાવ્યા હતા.



### પ્રથમ ટેસ્ટની હાર પછી બીજી ટેસ્ટમાં ૧૧૦માં ઑલઆઉટ

૨૧મી ઑગસ્ટે લીડસની પ્રથમ ટેસ્ટમાં ઇંગ્લૅન્ડના હાથે પાકિસ્તાનની ટીમનો એક દાવ અને ૧૦૩ રનથી ઘોર પરાજય થયો એટલે તેમણે હવે આ શ્રેણીમાં નાક બચાવવાનો સમય આવી ગયો છે, કારણકે તેમની એવી જ ખરાબ હાલત હવે લૉર્ડ્સમાં થઈ રહી છે. ઇંગ્લૅન્ડની ટીમ પ્રથમ દાવમાં ૨૯૦ રનમાં ઑલઆઉટ થઈ ગયા પછી શુક્રવારે બાબર આઝમના નેતૃત્વમાં પાકિસ્તાનની ટીમનો રકાસ થયો હતો. આ પ્રવાસી ટીમ માત્ર ૧૧૦ રનમાં આઉટ થઈ ગઈ હતી અને બ્રિટિશરોએ ૧૮૦ રનની તોતિંગ સરસાઈ લીધી હતી. સાત બૅટ્સમેન સિંગલ ડિજિટમાં આઉટ થયા હતા. ઑલી રૉબિન્સને ચાર વિકેટ, જોફ્રા આર્ચરે ત્રણ વિકેટ અને જૉશ ટન્ગે બે વિકેટ લીધી હતી. પાકિસ્તાન આ ટેસ્ટ ત્રીજા કે ચોથા દિવસે હારી શકે.

પાકિસ્તાનની ટીમને ઇંગ્લૅન્ડમાં મૅચનો બહિષ્કાર કરવો પરવડે એમ નથી. કારણ એ છે કે તેમણે હજી બર્મિંગમની ત્રીજી ટેસ્ટ રમવાની છે. એ તો ઠીક, પણ ઑક્ટોબરમાં ઇંગ્લૅન્ડનું ક્રિકેટ બોર્ડ પોતાની નૅશનલ ટીમને ટ્રાયેન્ગ્યુલર ટૂર્નામેન્ટ રમવા પાકિસ્તાન મોકલવાની છે. જો પીસીબી પોતાના ખેલાડીઓ પાસે કોઈ પણ પ્રકારનો બહિષ્કાર કરાવે તો એની સીધી અસર બન્ને દેશ વચ્ચેના ક્રિકેટ સંબંધો પર પડે. આમ પણ લગભગ બે દાયકાથી પાકિસ્તાનમાં ભાગ્યે જ કોઈ દેશ (આતંકવાદી હુમલાના ડરને લીધે) પોતાની ટીમને ખચકાટ સાથે સિરીઝ કે ટૂર્નામેન્ટ રમવા મોકલે છે અને એમાં જો પાકિસ્તાન બોર્ડ લૉર્ડસમાં પોતાના ખેલાડીઓ પાસે બહિષ્કાર કરાવડાવે તો ઇંગ્લૅન્ડના ક્રિકેટ સત્તાધીશો વળતા પગલાં ભરે. ■



### પિતાની હત્યા કરાશે એવો અમને ડરઃ ઈમરાનના પુત્રો

વર્તમાન સિરીઝના સત્તાવાર બ્રોડકાસ્ટર સ્કાય સ્પોર્ટ્સે પાકિસ્તાનની જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ કપ્તાન ઇમરાન ખાનના પુત્રોના ઇન્ટરવ્યૂ ગુરુવારે ટેસ્ટ મૅચ દરમ્યાન પ્રસારિત કર્યા જેનાથી પાકિસ્તાન ભડક્યું છે. પીસીબીએ બ્રોડકાસ્ટર વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ દાખલ કરી છે. એટલું જ નહીં, શુક્રવારે લંચ બાદ મૅચનો બહિષ્કાર કરવાનો પણ વિચાર કરી લીધો હતો. જોકે પાકિસ્તાની ખેલાડીઓ રમવા આવ્યા હતા. ૧૯૯૨ વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટન ૭૩ વર્ષીય ઇમરાન ખાનના પુત્રો કાસિમ ખાન અને સુલેમાન ખાનની સાથે ઇંગ્લૅન્ડના પૂર્વ કૅપ્ટન માઇક આથર્ટને એક ઇન્ટરવ્યૂ લીધો હતો જે સ્કાય સ્પોર્ટ્સે પ્રસારિત કરતા વિવાદ છંછેડાયો છે. ૧૮ મિનિટના આ ઇન્ટરવ્યૂમાં ઇમરાન ખાનના પુત્રોએ તેમના પિતાની તબિયત અને નબળી થતી દ્રષ્ટિને લઇને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. ઇમરાનના બન્ને પુત્રોએ એવી ભીતિ પણ ઇન્ટરવ્યૂમાં વ્યક્ત કરી હતી કે તેમને ડર છે કે જેલમાં તેમના પિતાની હત્યા કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

### ત્રણ વર્ષથી જેલમાં બંધ

૭૩ વર્ષના ઇમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩માં ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ થયા બાદ જેલમાં છે. ત્યારથી તેમને એક કેસમાં દોષી ગણાવ્યા છે અને ૧૪ વર્ષની જેલની સજા કરવામાં આવી છે. માઇક આથર્ટનને ઇમરાનના પુત્રોએ જે ઇન્ટરવ્યૂ આપ્યો એના પ્રસારણ પર પાકિસ્તાનમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### બંને પુત્રની મમ્મી ઇંગ્લૅન્ડની

ઇમરાન ખાને ૧૯૯૫માં ઇંગ્લૅન્ડના બિલિયનેરની પુત્રી જેમિમા ગોલ્ડસ્મિથ સાથે શાદી કરી હતી. જોકે ૨૦૦૪માં તેમણે તલાક લીધા હતા. ઇમરાન ખાનથી જેમિમાને બે પુત્રો થયા હતા જેમના નામ કાસિમ અને સુલેમાન છે અને તેમણે જ માઇક આથર્ટનને ઇન્ટરવ્યૂમાં પિતાની સલામતી બાબતમાં ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

### કપિલ, ગાવસકર સહિત ૨૩ કૅપ્ટનોનો ઇમરાનને સપોર્ટ

ભારતના ત્રણ ભૂતપૂર્વ કૅપ્ટનો કપિલ દેવ, સુનીલ ગાવસકર અને દિલીપ વેન્ગસરકર તેમ જ ઑસ્ટ્રેલિયાના ઍલન બોર્ડર, સ્ટીવ વૉ, પૅટ કમિન્સ સહિતના આઠ સુકાની તેમ જ ઇંગ્લૅન્ડના માઇક આથર્ટનને ગણતા કુલ મળીને ૨૩ ક્રિકેટ કૅપ્ટનોએ સંયુક્ત રીતે પિટિશન સાઇન કરી છે જેમાં તેમણે ઇમરાન ખાનની કથળતી જતી તબિયતના મુદ્દે તેમના સ્વાસ્થ્ય બાબતમાં ખાસ કાળજી લેવાની પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફને વિનંતી કરી છે. પૅટ કમિન્સે શુક્રવારે ‘એક્સ’ પર જણાવ્યું હતું કે ‘ઇમરાન ખાનની માન મરતબાપૂર્વક કાળજી રાખવી જોઈએ.’ ■

# પડિક્કલ અને માનવઃ શ્રીલંકાના પ્રવાસમાંથી ભારતીય ટીમને મળ્યા બે રત્ન

કોલંબોઃ ભારતીય ક્રિકેટ ટીમ ગુરુવારે શ્રીલંકામાં સોનાલ દિનુશાના લડાયક પર્ફોર્મન્સને કારણે બીજી ટેસ્ટ ન જીતી શક્યું, પરંતુ સિરીઝ ૧-૦થી જીતી લીધી એને કારણે શુભમન ગિલના નેતૃત્વને અને ગૌતમ ગંભીરના કોચિંગને સકારાત્મક વળાંક મળ્યો છે અને એનાથી પણ વિશેષ બાબત એ છે કે દેવદત્ત પડિક્કલના રૂપમાં ભારતને ટેસ્ટ ટીમમાં ભરોસાપાત્ર વનડાઉન (ત્રીજા નંબરનો) બૅટ્સમૅન મળ્યો છે તેમ જ રવીન્દ્ર જાડેજાનો અનુગામી બની શકે એવો કાબેલ સ્પિનર માનવ સુથાર મળ્યો છે.



‘મેન ઓફ ધ સિરીઝ’ પડિક્કલ

પડિક્કલે બે ટેસ્ટની સિરીઝમાં બે સેન્ચુરી સહિત કુલ ૩૨૮ રન બનાવ્યા હતા અને ભારતીય બૅટ્સમેનોમાં તે નંબર-વન હતો. શ્રીલંકાનો સોનાલ દિનુશા આ લિસ્ટમાં ૪૨૦ રન સાથે મોખરે હતો.

પડિક્કલે ખાસ કરીને શ્રીલંકાના સ્પિનરો સામે અસરદાર બૅટિંગ કરી હતી. તેના કોચ મોહમ્મદ નસીરુદ્દીને પીટીઆઇને કહ્યું, ‘મેં પડિક્કલને સલાહ આપી હતી કે તું સ્પિનર સામે રમતી વખતે બૉલની બને એટલો નજીક જજે અને પછી શૉટ ફટકારજે. એવું કરીશ તો તારા પર્ફોર્મન્સમાં ફાયદો થશે.’

પડિક્કલને તેમની સલાહ ફળી છે. તેણે ૧૦૯.૩૩ની સરેરાશથી ૩૨૮ રન બનાવ્યા હતા.

માનવ સુથારે સિરીઝમાં ૧૬ વિકેટ લીધી જે બન્ને ટીમના તમામ બોલરોમાં સૌથી વધુ હતી. આ તેની બીજી જ સિરીઝ હતી. ■

# શ્રીલંકા સામે સિરીઝ જીતવા છતાં ભારતનું ટેન્શન ત્યાંનુ ત્યાં જ

## ફાઈનલ સુધીનો માર્ગ મુશ્કેલ

કોલંબોઃ ભારત ગુરુવારે શ્રીલંકા સામે સિરીઝની બીજી ટેસ્ટ ન જીતી શક્યું, પરંતુ પ્રથમ ટેસ્ટના વિજયને આધારે શુભમન ગિલ ઍન્ડ કંપનીએ શ્રેણી ૧-૦થી જીતી લીધી એટલે હજીયે પાંચમા નંબર પર છે અને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલ સુધીનો ભારતનો રાહ હજી પણ કઠિન છે.

અગાઉ બે વખત ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં પહોંચી ચૂક્યું છે, પણ આ વખતે ત્યાં સુધી પહોંચવું મુશ્કેલ જણાય છે, કારણકે ભારત વર્તમાન ટેસ્ટ ચૅમ્પિયનશિપની સીઝનમાં ૧૧માંથી પાંચ ટેસ્ટ જીત્યું છે અને ૫૧.૫૨ ટકા સાથે પાંચમા ક્રમે છે.

હવે ભારતને આવનારી ટેસ્ટ સિરીઝોમાં એક પણ ભૂલ નહીં પરવડે. નવેમ્બરમાં ભારતની ન્યૂ ઝીલૅન્ડમાં બે ટેસ્ટ અને જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ પાંચ ટેસ્ટ રમાશે. ઑસ્ટ્રેલિયા હાલમાં ૧૦માંથી આઠ ટેસ્ટ જીતીને પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરે છે, જ્યારે સાઉથ આફ્રિકા બીજા નંબરે અને ન્યૂ ઝીલૅન્ડ ત્રીજા નંબરે છે. ભારત કરતાં બાંગ્લાદેશ ચડિયાતા ક્રમે એટલે કે ચોથા નંબરે છે. ■

# ત્રણ ટેસ્ટમાં ત્રેવીસ વિકેટ, માનવ સુથારે ભારતના આક્રમણમાં ‘ટર્ન’ લાવી દીધો

કોલંબોઃ શ્રીલંકાએ ગુરુવારે બીજી ટેસ્ટમાં અંતિમ દિવસે બીજા દાવમાં ભોજનના વિશ્રામ બાદ ૩૩૦ રનના સ્કોર પર જે સાતમી વિકેટ ગુમાવી એ ૨૪ વર્ષના ભારતીય સ્પિનર માનવ સુથારની ટૂંકી ટેસ્ટ કરીઅરની ૨૩મી વિકેટ હતી. કહેવાનું તાત્પર્ય એ છે કે ૨૪ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર માનવની હજી તો કરીઅર માંડ શરૂ થઈ ત્યાં તો તેણે થોકબંધ વિકેટો લેવાની શરૂઆત કરી દીધી છે. તેણે કરીઅરની પહેલી ત્રણ ટેસ્ટમાં કુલ ૨૩ વિકેટ લીધી છે.



માનવ સુથારે આંતરરાષ્ટ્રીય ફલક પર આવતાંવેંત ભારતની ટેસ્ટ ટીમના બોલિંગ આક્રમણને નવી જ દિશા અપાવી છે. તેણે જૂન મહિનામાં અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટમાં કુલ સાત વિકેટ લીધી હતી. શ્રીલંકા સામેની સિરીઝની પ્રથમ ટેસ્ટમાં તેણે કુલ ૧૦ વિકેટ મેળવી અને બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં ત્રણ વિકેટ લીધા બાદ બીજા દાવમાં પણ ત્રીજી વિકેટ લીધી એ સાથે કરીઅરમાં તેની વિકેટનો આંકડો ૨૩ થયો હતો. રવીન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવ જેવા દિગ્ગજની વચ્ચે કારકિર્દી શરૂ કરીને માનવે શરૂઆતમાં જ તરખાટ મચાવ્યો છે.

# મૅરિજેન કૅપે કહ્યું, ‘અનાયા બાંગડને મહિલા ક્રિકેટમાં રમવા દેવાનો નિર્ણય હાસ્યાસ્પદ’

જોહનિસબર્ગઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર સંજય બાંગડની પુત્રી અનાયા (કે જે સર્જરી કરાવીને છોકરામાંથી છોકરી બની છે)ને ઑસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટમાં રમવાની તાજેતરમાં મંજૂરી મળી એ મુદ્દે બબાલ થઈ છે. સાઉથ આફ્રિકાની અનુભવી મહિલા ખેલાડી મૅરિજેન કૅપે ‘હાસ્યાસ્પદ’ ગણાવતા કહ્યું છે કે ‘આવું થવું જ ન જોઈએ.’ અનાયા બાંગડ ટ્રાન્સ (ટ્રાન્સજેન્ડર) ક્રિકેટર તરીકે ઓળખાય છે. તેને ઑસ્ટ્રેલિયાની પ્રીમિયર ક્રિકેટ (કમ્યૂનિટી ક્રિકેટ)માં રમવાની છૂટ મળી છે અને આવતા વર્ષે (માર્ચ, ૨૦૨૭માં) તેણે ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના (હોર્મોન સંબંધિત સીરમ ટેસ્ટોસ્ટેરોન સ્તર સંબંધિત) કેટલાક નિયમોનું પાલન કર્યું હશે તો ત્યારે તેને બિગ બૅશ વિમેન જેવી મોટી ટૂર્નામેન્ટમાં પણ રમવા મળશે.



મૅરિજેન કૅપ

જોકે મૅરિજેન કૅપે ઑસ્ટ્રેલિયાના આ નિર્ણયો પર સોશ્યલ મીડિયામાં નારાજગી વ્યક્ત કરી છે. ૩૬ વર્ષની કૅપે ઇન્સ્ટાગ્રામ પર અનાયા બાંગડ સાથે સંકળાયેલા સમાચારના સ્ક્રીનશૉટ શૅર કરવાની સાથે લખ્યું, ‘આ નિર્ણય ખૂબ હાસ્યાસ્પદ છે. આવી મંજૂરી આપવી જ ન જોઈએ.’ મૅરિજેન કૅપે ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં વિમેન્સ બિગ બૅશલ લીગ (ડબ્લ્યૂબીસીએલ)ને પણ ટૅગ કર્યું છે. અનાયા બાંગડને હજી ઑસ્ટ્રેલિયાની એલિટ ક્રિકેટમાં રમવાની મંજૂરી નથી મળી, પણ ત્યાં સુધી પહોંચવા માટે તેનો માર્ગ જરૂર મોકળો થઈ ગયો છે. ■

### આઈસીસીનો નિયમ શું છે?

અનાયા બાંગડના કિસ્સામાં ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)નો અભિગમ સૌથી મુખ્ય બાબત ગણાય છે. અનાયાનું નામ અગાઉ આર્યન હતું. તેણે ૨૦૨૨માં જેન્ડરમાં બદલાવ લાવતી સર્જરી કરાવી હતી. ભૂતકાળમાં તે પુરુષ હતી ત્યારે સરફરાઝ ખાન, મુશીર ખાન સહિતના મુંબઈના મેન્સ ક્રિકેટરો સાથે રમી હતી, પણ સર્જરી બાદ તે મહિલા બની છે. આઇસીસીએ નવેમ્બર, ૨૦૨૩માં આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટ માટે નવી જેન્ડરની પાત્રતા સંબંધિત નીતિ લાગુ કરી હતી. એની હેઠળ પુરુષમાંથી મહિલા બનનાર જે ક્રિકેટરે પુરુષ યૌવન (મેલ પ્યૂબર્ટી)નો અનુભવ કર્યો હોય તે આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં ભાગ ન લઈ શકે. આ નિયમ સર્જરી અથવા જેન્ડર રિઅસાઇનમેન્ટ ટ્રીટમેન્ટ કરાવવા છતાં લાગુ પડે છે.

જોકે કોઈ પણ ક્રિકેટ બોર્ડ ડોમેસ્ટિક ક્રિકેટમાં ટ્રાન્સ ક્રિકેટરોને રમાડવા કે નહીં એના નિયમ પોતે નક્કી કરી શકે છે. આ જ અંતર ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ અને આઇસીસી વચ્ચે છે. હવે ચર્ચા માત્ર અનાયા બાંગડ પૂરતી સીમિત નથી. ■

# જાપાનની એશિયન ગેમ્સમાં ક્રિકેટરો માટેના ડ્રેસિંગ-રૂમ ટેન્ટમાં બનાવાયા!

## બીસીસીઆઇ સુવિધાઓથી અસંતુષ્ટ, કદાચ ‘બી’ ટીમ મોકલશે

નવી દિલ્હીઃ આવતા મહિને જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ દરમ્યાન મળનારી સુવિધાઓથી બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) ખુશ નથી એટલે બોર્ડનાં સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે નબળી સગવડોને ધ્યાનમાં લેતાં ભારત આ રમતોત્સવમાં પોતાની સર્વશ્રેષ્ઠ ક્રિકેટ ટીમને બદલે ‘બી’ ટીમ મોકલવા વિશે વિચારી રહ્યું છે.

બીસીસીઆઇનાં સૂત્રોનું એવું પણ કહેવું છે કે એશિયન ગેમ્સને લગતી વ્યવસ્થાથી બીસીસીઆઇ ઉપરાંત એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) પણ નારાજ છે. ઉલ્લેખનીય છે કે એશિયન ગેમ્સ જાપાનના આઇચી-નાગોયામાં આગામી ૧૯મી સપ્ટેમ્બરે શરૂ થશે. જોકે મેન્સ-વિમેન્સની ટી-૨૦ ટૂર્નામેન્ટ ૧૭મી સપ્ટેમ્બરથી ત્રીજી ઑક્ટોબર સુધી રમાશે.

પુરુષોની ટી-૨૦ ટૂર્નામેન્ટ ૨૪મી સપ્ટેમ્બરથી ત્રીજી ઑક્ટોબર સુધી અને મહિલાઓની ટૂર્નામેન્ટ ૧૭મી સપ્ટેમ્બરથી બાવીસમી સપ્ટેમ્બર સુધી રમાશે. એએનઆઇના એક અહેવાલ અનુસાર બીસીસીઆઇના એક સૂત્રનું એવું કહેવું છે કે તૈયારીઓનું અવલોકન કરવા માટે ત્યાં એક નિરીક્ષકને મોકલવામાં આવશે અને જો ત્યાં તૈયારીઓ સંતોષજનક નહીં હોય તો કદાચ ‘બી’ ટીમને મોકલવાનો નિર્ણય લેવામાં આવશે.

ક્રિકેટ ટૂર્નામેન્ટને લગતી તૈયારીઓ અપૂરતી હોવાનું જણાતાં એસીસીની એક મીટિંગમાં જાપાનના અધિકારીઓ સમક્ષ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. એવું મનાય છે કે ક્રિકેટ માટેના સ્ટેડિયમમાં ખેલાડીઓ માટેના ડ્રેસિંગ-રૂમ ટેન્ટમાં બનાવવામાં આવ્યા છે અને વૉશરૂમ એ ટેન્ટવાળા ડ્રેસિંગ-રૂમથી ૫૦૦ મીટર દૂર છે. એ ઉપરાંત, ખેલાડીઓ માટેના હૉટેલના રૂમ પણ બહુ નાના છે. ■

### ભારતની ટીમોમાં કોણ-કોણ છે?

ભારતની મેન્સ ટીમ ઘણા દિવસ પહેલાં જ જાહેર થઈ ગઈ હતી. શ્રેયસ ઐયરને ટીમનું સુકાન સોંપાયું છે અને તેના નેતૃત્વવાળી ટીમમાં જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, ઇશાન કિશન જેવા અનુભવી ખેલાડીઓ સામેલ છે. ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીનો પણ આ ટીમમાં સમાવેશ છે. હરમનપ્રીત કૌર ભારતીય મહિલા ટીમની કૅપ્ટન અને સ્મૃતિ મંધાના વાઇસ-કૅપ્ટન છે. ટીમમાં વિકેટકીપર રિચા ઘોષ, ક્રાંતિ ગૌડ, દીપ્તિ શર્મા, રેણુકા ઠાકુર અને શેફાલી વર્મા સહિતની જાણીતી ખેલાડીઓ સામેલ છે. ■

# પ્રજ્ઞાનંદે રચ્યો ઈતિહાસ, ગ્રૅન્ડ ચેસ ટૂરની ટ્રોફી જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો

સેન્ટ લુઇસ (અમેરિકા): ગ્રૅન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદ ગ્રૅન્ડ ચેસ ટૂર (જીસીટી) ટાઇટલ જીતનાર ભારતનો પ્રથમ ખેલાડી બન્યો છે. તેણે અહીં ગ્રૅન્ડ ફિનાલેમાં અમેરિકાના ફૅબિયાનો કૅરુઆનાને હરાવીને આ વિરલ સિદ્ધિ મેળવી હતી.

પ્રજ્ઞાનંદને મોટી ટૂર્નામેન્ટો માટે પાંચ વખત વિશ્વ વિજેતા બની ચૂકેલા વિશ્વનાથન આનંદનું માર્ગદર્શન મળ્યું હતું. તેણે ફૅબિયાનો સામેની મૅચ ડ્રૉ કરાવી હોત તો પણ ટાઇટલ તેના કબજામાં આવી ગયું હોત. તે આ વર્ષની શરૂઆતમાં નોર્વે ચેસ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય ચેસ ખેલાડી બન્યો હતો. ■

### ટ્રોફી સાથે ૧,૯૧,૦૦૦ રૂપિયા મળ્યા

ગુરુવારે સેન્ટ લુઇસ ચેસ ક્લબમાં રમાયેલા આ નિર્ણાયક મુકાબલામાં પ્રજ્ઞાનંદ એક તબક્કે કૅરુઆનાથી છ પૉઇન્ટ પાછળ હતો, પરંતુ પછીથી પ્રજ્ઞાનંદ રસાકસીમાં છેવટે ૧૫-૧૩થી જીતી ગયો હતો. પ્રજ્ઞાનંદને ટ્રોફી સાથે ૨,૦૦,૦૦૦ યુએસ ડૉલર (અંદાજે ૧,૯૧,૦૦૦ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળ્યું હતું.




૨૧ વર્ષનો પ્રજ્ઞાનંદ આ જીસીટી જીત્યો એ બદલ તે હવે આવતા વર્ષે ગ્રૅન્ડ ચેસ ટૂરમાં ભાગ લઈ શકશે. જોકે એમાં કૅરુઆનાને પણ ભાગ લેવા મળશે. ગુરુવારે કૅરુઆના પછીના ત્રીજા નંબરે અમેરિકાનો વેસ્લી સૉ હતો જેણે ત્રીજા સ્થાન માટેના મુકાબલામાં જર્મનીના વિન્સેન્ટ કીમરને ૧૮-૧૨થી પરાજિત કર્યો હતો. ■

# આઈટી શૅરો ઉછળતા ઈક્વિટી સેન્સેક્સમાં ૩૩૦ પૉઈન્ટનું અને નિફ્ટીમાં ૮૫ પૉઈન્ટનું બાઉન્સબૅક

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૫૦૩૯.૮૦ કરોડની ચોખ્ખી વેચવાલી, સ્થાનિક ફંડોની ૫૧૮૩.૯૩ કરોડની ખરીદી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આઈટી ક્ષેત્રની વૈશ્વિક અગ્રણી કંપની એનવીડિયાનાં પરિણામો મજબૂત આવ્યાના નિર્દેશો સાથે વૉલ સ્ટ્રીટ ખાતે તેના શૅરના ભાવમાં ૮.૭ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો અને અન્ય આઈટી શૅરોના પણ ભાવ વધી આવતા આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આઈટી શૅરોમાં રોકાણકારોની વ્યાપક લેવાલી રહેતાં બે દિવસની મંદીને બ્રેક લાગી હતી અને બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૩૩૦.૯૨ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૮૪.૮૦ પૉઈન્ટ ઉછળીને બંધ રહ્યો હતો. આજે મુખ્યત્વે આઈટી ક્ષેત્રની ટીસીએસ, ઈન્ફોસિસ, ટૅક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલૉજીસના શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૩,૨૬૩.૬૨ કરોડની ખરીદી સામે રૂ. ૧૮,૩૦૩.૪૨ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૦૩૯.૮૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૫૩૯.૩૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૩૫૫.૪૫ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૧૮૩.૯૩ કરોડની ખરીદી રહી હોવાથી બજારનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૬,૯૩૩.૫૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૭,૧૨૮.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૬,૯૮૮.૨૨ અને ઉપરમાં ૭૭,૩૫૭.૯૭ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૩૦.૯૨ પૉઈન્ટ અથવા તો ૦.૪૩ ટકા વધીને ૭૭,૨૬૪.૫૧ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૦૯૦.૮૫ના બંધ સામે ૨૪,૧૨૨.૬૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૪,૦૭૬.૮૫થી ૨૪,૧૮૮.૩૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૫ ટકા અથવા તો ૮૪.૮૦ પૉઈન્ટ વધીને ૨૪,૧૭૫.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૧ શૅર વધીને અને નવ શૅર ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૦ શૅર વધીને, ૧૯ શૅર ઘટીને અને એક શૅર ટકેલા ધોરણે બંધ રહ્યો હતો.

એકંદરે એનવીડીયાનાં પરિણામો બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી આઈટી શૅરોમાં આક્રમક લેવાલી રહેતાં બૅન્ચમાર્કમાં સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે મોડી સાંજે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શના જેક્શન હોલ ખાતેના વક્તવ્યમાં વ્યાજદર અને ભવિષ્યની નાણાનીતિ અંગે કેવા અણસારો આપે છે તેનાં પર રોકાણકારોની નજર હોવાથી માત્ર પસંદગીના શૅરોમાં રોકાણકારોની લેવાલી જોવા મળી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

આજે સત્ર દરમિયાન બજાર દબાણ હેઠળ રહી હોવા છતાં આઈટી અને ટેક્નોલૉજી શૅરોમાં મજબૂત સુધારો જોવા મળતાં બે સત્રની મંદીને બ્રેક લાગી હતી અને બજાર સુધારાના અન્ડરટોને બંધ રહી હોવાનું રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થના સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્ને જણાવતાં ઉમેર્યું હતું કે આજે રોકાણકારોની આઈટી શૅરોમાં વ્યાપક લેવાલી રહેતાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૩.૫ ટકા જેટલો ઉછાળો આવતાં બજારનાં સુધારાને ટેકો મળ્યો હતો.

આજે સેન્સેક્સ હેઠળનાં શૅરોમાં સૌથી વધુ ૪.૦૯ ટકાનો ઉછાળો ટીસીએસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ફોસિસમાં ૩.૩૪ ટકાનો, ટૅક મહિન્દ્રામાં ૩.૧૮ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૨.૬૮ ટકાનો, ટીટાનમાં ૧.૧૭ ટકાનો અને ઈટર્નલમાં ૧.૧૬ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૩૦ ટકાનો ઘટાડો આઈસીઆઈસીઆઈમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૧૮ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૧.૦૬ ટકાનો, આઈટીસીમાં ૦.૫૨ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૦.૩૨ ટકાનો અને બજાજ ફિનસર્વમાં ૦.૨૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૪૮ ટકાનો અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૦૨ ટકાનો સાધારણ સુધારો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૩.૪૨ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૩.૩૨ ટકાનો, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૨૫ ટકાનો, બૅન્કેક્સમાં ૧.૦૧ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૯૪ ટકાનો અને મેટલ ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ઈન્સ્યોરન્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એનર્જી, રિઅલ્ટી, પાવર અને ઑઈલ તથા ગૅસ ઈન્ડેક્સમાં ઘટાડો આવ્યો હતો.

એકંદરે સપ્તાહ દરમિયાન બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૩૫ ટકા અથવા તો ૨૭૬.૩૨ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૦.૩૧ ટકા અથવા તો ૭૬.૩૫ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે. આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી અને શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ નરમાઈના અન્ડરટોને બંધ રહ્યા હતા, જ્યારે જાપાનના નિક્કી ૨૨૫માં અને હૉંગકૉંગના હૅંગસૅંગમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ આજે મધ્યસત્ર દરમિયાન યુરોપનાં બજારોમાં સુધારો જોવા મળ્યો હતો. ■

## ટેમ્પ્સેન્સ ઈન્સ્ટ્રુમેન્ટસનાં શૅરનું ૧૧૧ ટકા પ્રીમિયમથી લિસ્ટિંગ

નવી દિલ્હીઃ ટેમ્પરેચર સેન્સિંગ અને હીટિંગ સોલ્યુશન્સ પૂરું પાડતી કંપની ટેમ્પ્સેન્સ ઈન્સ્ટ્રુમેન્ટસ(ઈન્ડિયા)નાં શૅરનું આજે શૅરદીઠ રૂ. ૩૦૦ના ઈશ્યૂ ભાવ સામે અંદાજે ૧૧૧ ટકા કરતાં વધુ માત્રાના પ્રીમિમયમ સાથે લિસ્ટિંગ થયું હતું.

આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે ૧૧૦.૪ ટકાના પ્રીમિયમ સાથે શૅરદીઠ રૂ. ૬૩૧.૨૦ના ભાવથી લિસ્ટિંગ થયું હતું, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે ૧૧૧.૩૩ ટકાના ઉછાળા સાથે રૂ. ૬૩૪ના મથાળે લિસ્ટિંગ થયું હતું અને કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૯૩૪.૮૧ કરોડની સપાટીએ રહ્યું હતું.

જોકે, આજે સત્રના અંતે બીએસઈ ખાતે ઈશ્યૂ ભાવ સામે શૅરના ભાવ ૦૦૦ ટકા વધીને શૅરદીઠ રૂ. ૦૦૦ના મથાળે અને બીએસઈ ખાતે ભાવ ૯૫.૬૦ ટકા વધીને રૂ. ૫૮૬.૮૦ના મથાળે અને એનએસઈ ખાતે ભાવ ૯૫.૫૫ ટકા વધીને શૅરદીઠ રૂ. ૫૮૬.૬૫ના મથાળે બંધ રહ્યા હતા.

ટેમ્પ્સેન્સ ઈન્સ્ટ્રુમેન્ટસ (ઈન્ડિયા)નાં જાહેર ભરણાનાં અંતિમ દિવસે ગત સોમવારે ભરણું ૧૮૪.૦૭ ગણું છલકાઈ ગયું હતું. રૂ. ૬૫૦ કરોડનાં આ જાહેર ભરણા માટે શૅરદીઠ રૂ. ૨૮૫થી ૩૦૦ની પ્રાઈસબૅન્ડ નિર્ધારિત કરવામાં આવી હતી. જેમાં સરેરાશ રૂ. ૯૫ કરોડ સુધીનાં નવાં ઈક્વિટી શૅરનો સમાવેશ થતો હતો અને ઑફર ફોર સેલ અંતર્ગત ૧.૮૫ કરોડ ઈક્વિટી શૅરનાં વેચાણનો સમાવેશ થતો હતો.

ઉદયપુર સ્થિત વર્ષ ૧૯૯૦માં સ્થપાયેલી આ કંપની જાહેર ભરણા પૈકીની આવકનો ઉપયોગ ઈલેક્ટ્રિક હીટિંગ અને સ્પેશિયલાઈઝ્ડ કેબલ સોલ્યુશન્સમાં, દેવાની ચુકવણીમાં અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરશે. ■

## પહેલા ત્રિમાસિકગાળામાં ટાયરની નિકાસમાં ૧૬ ટકાનો વધારો

નવી દિલ્હીઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અનિશ્ચિતતા, વિક્ષેપિત પુરવઠા ચેઈન, ઈનપૂટ ખર્ચ અને પરિવહન ખર્ચમાં વધારો થવા જેવાં પડકારો હોવા છતાં વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં ટાયરની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૧૬ ટકા વધીને રૂ. ૭૭૦૦ કરોડની સપાટીએ રહી હોવાનું ઑટોમેટિવ ટાયર મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (આટ્મા)એ એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે વાણિજ્ય મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ઉદ્યોગની ટાયર નિકાસનું મૂલ્ય રૂ. ૨૭,૩૧૨ કરોડની સપાટીએ રહ્યું હતું. જોકે, વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાની નિકાસ કામગીરી મજબૂત રહી હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

એકંદરે વેપાર કરારો મારફતે બજાર એક્સેસમાં સુધારો અને ટેકા ધરાવતી સરકારની નિકાસ નીતિને કારણે ઉદ્યોગે નિકાસ વૃદ્ધિ જાળવી રાખી છે અને વૈશ્વિક સ્તરે ટાયરના ઉત્પાદનમાં અને નિકાસ હબ તરીકે ભારતનું સ્થાન વધુ મજબૂત થયું હોવાનું યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે સમીક્ષા હેઠળના સમયગાળામાં પેસેન્જર કાર રેડિયલ (પીસીઆર) ટાયરની નિકાસમાં સૌથી વધુ ૨૧ ટકાનો આકર્ષક વૃદ્ધિદર જોવા મળ્યો છે. એસોસિયેશનનાં ચેરમેન અરૂણ મેમને જણાવ્યું હતું કે પહેલા ત્રિમાસિકગાળામાં મજબૂત નિકાસ વૃદ્ધિ સાથે નવાં નાણાકીય વર્ષનો આરંભ થયો છે. નિકાસ વૃદ્ધિ વૈશ્વિક બજારમાં ભારતમાં ઉત્પાદિત થયેલા ટાયરની વધતી સ્વીકૃતિનો તેમ જ ઉદ્યોગ દ્વારા સતત થઈ રહેલા ટેક્નોલૉજી, ક્ષમતા વિસ્તરણ, ઉત્પાદનનો વિકાસ તથા ગુણવત્તાનો નિર્દેશ આપે છે.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં થયેલી નિકાસમાં યુરોપ ખાતેની નિકાસ ૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૦૦૩ કરોડની સપાટીએ રહી હતી અને કુલ નિકાસમાં યુરોપનો હિસ્સો ૪૦ ટકા જેટલો બહોળો રહ્યો હતો. ■

## ચાંદીમાં ₹ ૪૩૯૨નો અને સોનામાં ₹ ૧૧૯૨નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શના આજના મોડી સાંજના જેક્શન હૉલ ખાતેના વક્તવ્ય પૂર્વે સાવચેતીના અભિગમ વચ્ચે લંડન ખાતે સોના અને ચાંદીમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ ૧.૫ ટકા જેટલા ઉછળી આવ્યા હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૩૯૨નો ઉછાળો આવ્યો હતો અને સોનામાં ગઈકાલના ઘટ્યા મથાળેથી ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૮૭થી ૧૧૯૨ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૩૯૨ના ઉછાળા સાથે રૂ. ૨,૪૩,૮૯૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહી હતી. વધુમાં આજે સોનામાં પણ ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સરકાર દ્વારા ટૅરિફ વૅલ્યૂમાં વધારો કરવામાં આવ્યો હોવાથી હાજરમાં સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ ગઈકાલના બંધ સામે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૮૭ વધીને રૂ. ૧,૫૮,૯૩૯ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૯૨ વધીને રૂ. ૧,૫૯,૫૭૮ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૫૯૪.૬૧ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૪ ટકા ઘટીને ૪૬૪૭.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫ ટકા વધીને ઔંસદીઠ ૭૦.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ફેડરલ રિઝર્વના અધ્યક્ષના વક્તવ્ય પૂર્વે સાવચેતીના અભિગમને કારણે કામકાજો પાંખાં રહ્યાં હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડેએ જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં તાજેતરમાં ફેડરલના વિવિધ અધિકારીઓએ ફુગાવામાં વધારાની ચિંતા વ્યક્ત કરી છે. જેમાં મુખ્યત્વે કાન્સાસ સિટી ફેડનાં પ્રમુખ જેફરી સ્કમીડ અને ક્લેવરલેન્ડ ફેડના પ્રમુખ બેથ હેમેકે ફુગાવામાં થતા વધારાને નાથવા માટે વ્યાજદરમાં વધારાની આવશ્યકતા પર પુનઃ ભાર મૂક્યો હતો.

જોકે, હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં ફેડરલ વ્યાજદરમાં વધારો કરે તેવી ૩૬ ટકા અને ડિસેમ્બર સુધી વ્યાજદરમાં વધારો કરે તેવી ૭૪ ટકા શક્યતા મૂકી રહ્યા છે. એકંદરે હજુ સોનાના ભાવ પર વ્યાજદરની વધઘટની અસર જોવા મળી રહી હોવાનું રોડ્ડેએ જણાવતાં ઉમેર્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચે તેમ જણાય છે. છતાં આજના વક્તવ્યમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષ નાણાનીતિ અંગે કેવો અણસાર આપે છે તે મહત્ત્વનું છે.

નોંધનીય બાબત એ છે કે હાલ ભારતમાં સરકાર તાજેતરમાં વધારેલી સોના પરની ડ્યૂટીનો વધારો પાછો ખેંચે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી હોવાથી માગ તળિયે બેસી ગઈ છે અને ડિસ્કાઉન્ટમાં પણ ઘટાડો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે બ્રેન્ટક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો અને સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૧૪ પૈસાનો સુધારો આવ્યો હતો, પરંતુ માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી અને ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં સત્રના અંતે રૂપિયો સાધારણ બે પૈસાના સુધારા સાથે ૯૫.૪૩ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૪૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૫૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૫૭ અને ઉપરમાં ૯૫.૩૧ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે બે પૈસા વધીને ૯૫.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં છ પૈસાનો સુધારો આવ્યો હતો. એકંદરે આજે ડૉલર સામે રૂપિયો પંચાવન પૈસા સુધી તૂટ્યો હતો, પરંતુ રિઝર્વ બૅન્કની એફસીએનઆર (બી) સ્કીમને અપેક્ષા કરતાં સારો પ્રતિસાદ મળતાં અંદાજે ૬૫ અબજ ડૉલરનો આંતરપ્રવાહ રહ્યો હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયાને ટેકો મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૧ ટકા ઘટીને બેરલદીઠ ૮૯.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૩૦.૯૨ પૉઈન્ટનો અને ૮૪.૮૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને અમુક અંશે ટેકો મળ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા વધીને ૯૯.૨૧ આસપાસ રહ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૯૮.૨૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## ખાંડની કૃત્રિમ અછત અટકાવવા સરકાર સપ્ટેમ્બરથી મુક્ત વેચાણનાં ક્વૉટાની પખવાડિક જાહેરાત કરશે

નવી દિલ્હીઃ છેલ્લા થોડા દિવસોમાં દેશની ખાંડ મિલો પર ભાવમાં અંદાજે ૨૦ ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાનું આજે સરકારે જણાવતા ઉમેર્યુ હતું કે દેશમાં ખાંડનો પુરવઠો જળવાઈ રહે અને કૃત્રિમ અછત અટકે તે માટે હવે આગામી સપ્ટેમ્બર મહિનાથી મિલો માટેનાં મુક્ત વેચાણ માટેનાં ક્વૉટાની જાહેરાત પખવાડિક ધોરણે થશે, જે અગાઉ માસિક ધોરણે થતી હતી.

અનાજ મંત્રાલયે એક અધિકૃત યાદીમાં જણાવ્યું હતું કે સરકાર ખાંડની ઉપલબ્ધિ અને ભાવ પર બારીકાઈથી નજર રાખી રહી છે જેથી દેશમાં ખાંડની અછત ન સર્જાય. વધુમાં મંત્રાલયે જણાવ્યું હતું કે ખાંડ મિલો પર પ્રત્યક્ષ ધોરણે સ્ટોકની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં અમુક મિલો માસિક ધોરણે રિટર્નમાં દર્શાવ્યા કરતાં વધુ સ્ટોક ધરાવતી હતી, જ્યારે અમુક મિલોએ ખાંડનું વેચાણ ફાળવવામાં આવેલા ક્વૉટા કરતાં ઓછું કર્યું હતું.

વધુમાં સરકારને અમુક કિસ્સાઓમાં એવું પણ જણાયું હતું કે અમુક મિલો દ્વારા મહિનાના આરંભમાં વેચાણ કરવામાં આવ્યું હતું, પરંતુ તેની રવાનગી અથવા તો ખરીદનારે તેનો ઉપાડ મહિનાના અંતે કર્યો હતો. આવી પદ્ધતિઓને કારણે બજારમાં કૃત્રિમ અછત સર્જાઈ હોવાનું યાદીમાં જણાવ્યું હતું. આ સમસ્યાના ઉકેલ માટે સરકારે આગામી સપ્ટેમ્બર મહિનાથી ખાંડ મિલો માટેનાં મુક્ત વેચાણના ક્વૉટાની જાહેરાતની યંત્રણા જે હાલમાં માસિક ધોરણે થાય છે તેને સ્થાને પખવાડિક ધોરણે કરવાનો નિર્ણય લીધો છે.

પખવાડિક ક્વૉટાની યંત્રણા હેઠળ મિલોએ ફાળવવામાં આવેલા ક્વૉટા પૈકીની ૪૦ ટકા ફાળવણીનું વેચાણ પહેલા સપ્તાહમાં અને શેષ ફાળવણીનું વેચાણ બીજા સપ્તાહમાં કરવાનું રહેશે. આ નવાં પગલાં થકી માગ અને પુરવઠા પર નજર રાખી શકાશે, બજારની સ્થિતિમાં થતા બદલાવ સામે તાત્કાલિક પગલાં લઈ શકાશે અને કૃત્રિમ અછત અટકશે તેમ જ જો આવશ્યકતા હશે તો વધારાનો જથ્થો પણ છૂટો કરી શકાશે, એમ મંત્રાલયે નવાં પગલાનાં લાભ દર્શાવ્યા હતા.

વધુમાં મંત્રાલયે જણાવ્યું હતું કે ખાંડ મિલોને વેચાણ થયાનાં સાત દિવસમાં રવાનગી કરવાની બાંયધરી આપવા જણાવવામાં આવ્યું છે. આમ પખવાડિક ધોરણે ક્વૉટાની જાહેરાત અને સાત દિવસમાં રવાનગીનાં પગલાંને કારણે સમગ્ર પુરવઠા ચેઈનમાં સુધારો આવશે, એમ મંત્રાલયે જણાવતાં ઉમેર્યું હતું કે ખાંડના મોટા વપરાશકારોને તેની કાર્યકારી આવશ્યકતા વિના વધુ સ્ટોક ન રાખવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. પ્રવર્તમાન ખાંડના ભાવ અંગે સરકારે જણાવ્યું હતું કે ખાંડના ભાવ નીચા લાવવા, સ્થાનિક બજારમાં પુરવઠાની પર્યાપ્ત ઉપલબ્ધિ અને કૃત્રિમ સ્તરે તંગ પુરવઠાસ્થિતિ અટકાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા છે. ભાવ અંકુશમાં રાખવા માટે તાજેતરમાં કેન્દ્ર સરકારે આગામી ૩૧મી ઑક્ટોબર સુધીમાં ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાત માટે મંજૂરી આપી છે, ડીલરો અને મોટા વપરાશકારો માટે સ્ટોક મર્યાદા લાદવામાં આવી છે. તેમ જ થોડા મહિના પૂર્વેજ નિકાસ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પરિણામે તાજેતરના દિવસોમાં એક્સ મિલ ધોરણે ભાવમાં ૨૦ ટકા જેટલો ઘટાડો આવ્યો છે અને રિટેલ સ્તરે પણ ભાવ ઘટાડો શરૂ થયો છે. વધુમાં હાલની પુરવઠા ચેઈનની યંત્રણામાં ફેરફાર કરવામાં આવતા એક્સ મિલ ધોરણે ભાવમાં હજુ ઘટાડો આગળ વધશે, એમ અનાજ મંત્રાલયે યાદીમાં ઉમેર્યું હતું. ■


## પશ્ચિમ રેલવેએ વિશેષ ટ્રેનોની ટ્રિપમાં કર્યો વધારો

| ટ્રેન નં. | આરંભિક અને ગંતવ્ય સ્ટેશનો | સેવાનો દિવસ | ક્યાં સુધી લંબાવાઈ |
|---|---|---|---|
| ૦૯૧૮૫ | મુંબઈ સેન્ટ્રલ - કાનપુર અનવરગંજ | રવિવાર | ૨૯.૧૧.૨૦૨૬ |
| ૦૯૧૮૬ | કાનપુર અનવરગંજ - મુંબઈ સેન્ટ્રલ | સોમવાર | ૩૦.૧૧.૨૦૨૬ |
| ૦૯૧૮૯ | મુંબઈ સેન્ટ્રલ - કટિહાર | શનિવાર | ૧૪.૧૧.૨૦૨૬ |
| ૦૯૧૯૦ | કટિહાર - મુંબઈ સેન્ટ્રલ | મંગળવાર | ૧૭.૧૧.૨૦૨૬ |

- ટ્રેન નં. ૦૯૧૮૯/૦૯૧૯૦ માણેક નગર - ઐશબાગ - મલહૌર માર્ગે દોડશે અને બંને દિશામાં લખનૌ જંક્શનને બદલે ઐશબાગમાં ઊભી રહેશે.
- ટ્રેન નં. ૦૯૧૮૯ને ૧૯.૦૯.૨૦૨૬, ૨૬.૦૯.૨૦૨૬, ૦૩.૧૦.૨૦૨૬ અને ૧૦.૧૦.૨૦૨૬ના દોડાવવામાં આવશે નહીં.
- ટ્રેન નં. ૦૯૧૯૦ તા. ૨૨.૦૯.૨૦૨૬, ૨૯.૦૯.૨૦૨૬, ૦૬.૧૦.૨૦૨૬ અને ૧૩.૧૦.૨૦૨૬ના દોડાવવામાં આવશે નહીં.

સ્ટોપેજ, ઊભા રહેવાનો સમય અને કોચની સંરચના પર વિગતવાર માહિતી માટે પ્રવાસીઓએ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવી

- ટ્રેન નં. ૦૯૧૮૫ અને ૦૯૧૮૯ની વધારાની ટ્રિપ માટેનું બુકિંગ ૩૦.૦૮.૨૦૨૬થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ઉપલબ્ધ.
- ઉપરોક્ત ટ્રેનો વિશેષ ટ્રેઈન તરીકે વિશેષ દરે દોડાવાશે.

WESTERN RAILWAY
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો


## સરકારી બફર સ્ટોકમાં રહેલા કાંદાની ગુણવત્તા સારી

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકાર દ્વારા બફર સ્ટોક માટે સંગ્રહ કરવામાં આવેલા કાંદાની ગુણવત્તા સારી છે અને કાદાની ગુણવત્તા લાંબા સમયગાળા સુધી જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે આ વર્ષે પહેલી વખત સેન્ટ્રલ વૅરહાઉસિંગ કોર્પોરેશન (સીડબ્લ્યુસી)ને જોડવામાં આવ્યું હોવાનું ગ્રાહક બાબતોનાં સચિવ નીધિ ખરેએ આજે જણાવ્યું હતું.

સરકાર દ્વારા જાળવવામાં આવેલા ૧.૨૧ લાખ ટન કાંદાના બફર સ્ટોક પૈકી ૩૦ ટકા માલ સડી ગયો હોવાના અહેવાલોને નકારી કાઢતા તેમણે પીટીઆઈને એક મુલાકાતમાં જણાવ્યું હતું કે આવું કશું નથી થયું અને માલની ગુણવત્તા સારી છે.

અગાઉના કાંદાનો બફર સ્ટોક વેપારીઓ પાસે સંગ્રહિત કરવામાં આવતો હતો, પરંતુ તેનાથી વિપરીત આ વખતે સીડબ્લ્યુસીને જવાબદારી સોંપવામાં આવી હતી, જેમાં તૃતિય પક્ષ નિયમિત સમયાંતરે સ્ટોકમાં રહેલા માલની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવે છે, એમ તેમણે કાંદાના સંગ્રહ પાછળનું ગણિત સમજાવતા કહ્યું હતું કે શાકભાજીમાં ૯૦ ટકા પાણી હોય છે અને લણણી પછી ત્રણ મહિના સુધી તેની ગુણવત્તા જાળવી રાખે છે, ત્યાર બાદ પાણીનું બાષ્પીભવન થતાં તે દર મહિને સંકોચાય છે. માલના બગાડનું પ્રમાણ સંગ્રહની સ્થિતિ અને હવાની આવનજાવનની સ્થિતિ પર અવલંબિત હોય છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે મે મહિનામાં અમુક માત્રામાં કાંદાની ખરીદી કરવામાં આવી હતી, પરંતુ બફર સ્ટોક માટેનો મોટી માત્રામાં હિસ્સો જૂન-જુલાઈ મહિનામાં ખરીદવામાં આવ્યો હતો જેને કારણે તેની ગુણવત્તા સારી રહી છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.

ઈ-ટેન્ડર નોટિસ

નં. KEMH/૨૫૮૩/AEME તા. ૨૭.૦૮.૨૦૨૬

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ-રૂ. | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડ અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | KEM હોસ્પિટલમાં વિવિધ સ્થળો ખાતે વિવિધ જરૂરી સાધનોની ઈન્સ્ટોલેશનનું કામ. (GEM/૨૦૨૬/B/૭૯૬૩૯૪૩) | રૂ. ૨૩૦૦૦/- | ૨૭.૦૮.૨૦૨૬ (૧૬.૦૦ ક.) | ૦૫.૦૯.૨૦૨૬ (૧૬.૦૦ ક.) |
| ૨ | KEM હોસ્પિટલ ખાતે ડર્મેટોલોજી વિભાગ ખાતે મેડિકલ હેડલેમ્પ અને અન્ય કામોનું સપ્લાય અને ઈન્સ્ટોલેશનનું કામ. (GEM/૨૦૨૬/B/૭૯૬૪૦૬૪) | રૂ. ૨૦૦૦૦/- | ૨૭.૦૮.૨૦૨૬ (૧૬.૦૦ ક.) | ૦૫.૦૯.૨૦૨૬ (૧૬.૦૦ ક.) |
| ૩ | KEM હોસ્પિટલમાં ડાયેટ સેક્શન, શબઘર, ફોરેન્સિક વિભાગ અને વન સ્ટોપ સેન્ટર ખાતે ફોલ્સ સિલિંગ, ઈલેક્ટ્રિકલ અને એર કન્ડીશનીંગ સિસ્ટમનું જાળવણી અને ઈન્સ્ટોલેશનને બદલવાનું કામ. (GEM/૨૦૨૬/B/૭૯૬૪૨૬૩) | રૂ. ૨૨૦૦૦/- | ૨૭.૦૮.૨૦૨૬ (૧૬.૦૦ ક.) | ૦૫.૦૯.૨૦૨૬ (૧૬.૦૦ ક.) |
| ૪ | KEM હોસ્પિટલ ખાતે NICU, (Gynac બિલ્ડીંગ) ગ્રાઉન્ડ ફલોરમાં ફિલ્ટ્રેશન સિસ્ટમ સાથે ફાયર એલાર્મ સિસ્ટમ અને સ્મોક એક્ષ્ટ્રેશનનું SITC. (GEM/૨૦૨૬/B/૭૯૬૪૨૨૪) | રૂ. ૨૦૦૦૦/- | ૨૭.૦૮.૨૦૨૬ (૧૬.૦૦ ક.) | ૦૫.૦૯.૨૦૨૬ (૧૬.૦૦ ક.) |
| ૫ | પાત્રતા માપદંડ (પેકેટ 'A') | શેડયુલ મુજબ | | |
| ૬ | ટેકનિકલ બીડ (પેકેટ 'B') | શેડયુલ મુજબ | | |
| ૭ | વાણિજિયક બીડ (પેકેટ 'C') | શેડયુલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે (http://gem.gov.in)ની મુલાકાત લેવી. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યુ કરાયેલ કોઈપણ સુધારા (http://gem.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
A.E. (M & E)
K.E.M. હોસ્પિટલ

PRO/1241/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## મરાઠા ક્વૉટા
# ૨૯ ઑગસ્ટથી ઉપવાસ પર અડગ
### જરાંગેની માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો મુંબઈની ઘેરાબંધી કરવાની ધમકી

જાલનાઃ મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગેએ શુક્રવારે અંતરવાલી સરાટી ગામમાં તેમની નિર્ધારિત ભૂખ હડતાળના એક દિવસ પહેલા મરાઠા સમુદાયના સભ્યોને એકત્ર કરવાની હાકલ કરી હતી અને જો સરકાર માગણીઓ સ્વીકારવામાં નિષ્ફળ જાય તો મુંબઈ તરફ કૂચ કરવાની ધમકી ઉચ્ચારી હતી.

તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને કેબિનેટ પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલ પર આકરા પ્રહારો કર્યા હતા, જેઓ મરાઠા અનામત સંબંધિત મુદ્દાઓ પરની પેટા સમિતિના વડા છે.

જરાંગેએ એવો આરોપ લગાવ્યો હતો કે સરકાર પાત્ર મરાઠાઓને કુણબી (ઓબીસી) પ્રમાણપત્રો આપવા માટે પૂરતા પગલાં લઈ રહી નથી, જેમના રેકોર્ડ શોધી કાઢવામાં આવ્યા છે.

તેમણે સમુદાયના સભ્યોને આંદોલનમાં જોડાવા અપીલ કરતા કહ્યું કે જેમની કુણબી પ્રમાણપત્રો માટેની અરજીઓ સ્વીકારવામાં આવી નથી, તેમજ જેમના રેકોર્ડ મળી આવ્યા છે, પરંતુ પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા નથી, તેઓએ અંતરવાલી સરાટી ગામમાં આવવું જોઈએ.

“ઘરે ન રહો. તમારા બાળકોનું ભવિષ્ય બચાવવા માટે બહાર નીકળો,” એમ તેમણે પત્રકારોને સંબોધતા કહ્યું હતું.

જરાંગેએ વિખે પાટીલની મજાક ઉડાવી હતી અને મરાઠા અનામત

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર એફડીએની સિપ્લા ફાર્મા વિરુદ્ધ કાર્યવાહી
### સીએન્ડએફ યુનિટનું દવાઓના વેચાણનું લાઇસન્સ કર્યું રદ

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ સિપ્લા ફાર્મા એન્ડ લાઇફ સાયન્સિસ લિમિટેડની પુણે સ્થિત કેરી એન્ડ ફોરવર્ડિંગ યુનિટનું દવા વેચાણ માટેનું લાયન્સ રદ કર્યું છે, જેમાં દવાઓના પેકેજિંગ, સંગ્રહ અને દવાઓ પરત મંગાવવામાં ગંભીર ગેરરીતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એફડીએ એ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પુણે જિલ્લાના વાડકી સ્થિત કંપનીના મુખ્ય વેરહાઉસના નિરીક્ષણ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી અને લાઇસન્સ રદ કરવાનો આદેશ ૨૭ ઑગસ્ટથી અમલમાં આવ્યો હતો. નિયમનકારે

(જુઓ પાનું ૪) ▸▸

# પશ્ચિમ રેલવેની ૨૩ મેલ-એક્સપ્રેસ ટ્રેનો હવે દોડશે ‘સુપરફાસ્ટ’!
### મુસાફરોનો એક કલાક જેટલો સમય બચશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા માટે સ્પેશિયલ કોરિડોર તૈયાર કરવામાં આવી રહ્યો છે, ત્યારે તેના સમાંતર હાઈ અથવા સેમી હાઈ સ્પીડ ટ્રેન દોડાવવાની પણ રેલવેએ તૈયારીઓ હાથ ધરી દીધી છે, જે લાંબા અંતરની મુસાફરી કરતા પ્રવાસીઓ માટે સૌથી મોટા રાહતના સમાચાર છે.

પશ્ચિમ રેલવેએ મુંબઈથી ઉપડતી ૨૩ આવતી જતી મેલ-એક્સપ્રેસ ટ્રેનોની મહત્તમ ઝડપ ૧૧૦ કિમી. પ્રતિ કલાકથી વધારીને ૧૩૦ કિમી. પ્રતિ કલાક કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણય બાદ આ ટ્રેનોની મુસાફરી વધુ ઝડપી બનવાની છે અને કેટલાક રૂટ પર મુસાફરોનો ૪૫થી ૬૦ મિનિટ સુધીનો સમય બચી શકે છે.

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેની મંજૂરી બાદ આ સ્પીડ અપગ્રેડ કરાઈ છે. આ નિર્ણયનો લાભ મુંબઈ સેન્ટ્રલ, દાદર અને બાંદ્રા ટર્મિનસથી દોડતી એલએચબી ટ્રેનોને મળશે. આ ટ્રેનોમાં ૨૨ એલએચબી કોચ હશે

(જુઓ પાનું ૪) ▸▸

## રાજકારણીઓની રક્ષાબંધન
# સુપ્રિયા સુળેનો લાગણીભીનો સંદેશ, ફડણવીસનો રાજકીય રંગ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં રાજકીય નેતાઓએ ખૂબ જ ધામધૂમથી રક્ષાબંધનની ઉજવણી કરી. આ ઉજવણી સાથે લાગણીના તાર પણ જોડાયા હતા. એનસીપી (એસપી)નાં સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ સ્વર્ગસ્થ પિતરાઈ ભાઈ અને તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને લાગણીભીના સંદેશ સાથે યાદ કર્યા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે લાડકી બહિણનાં પ્રેમ અને આશીર્વાદ તેમની સૌથી મોટી તાકાત છે!

ફડણવીસે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ’એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ‘મહારાષ્ટ્રની મારી પ્રિય બહેનોના હૃદયની લાગણીઓ વિધાન પરિષદની

(જુઓ પાનું ૪) ▸▸

# અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં આરોપીએ આરોપ સ્વીકારવાની તૈયારી દાખવી

મુંબઈઃ જાન્યુઆરી, ૨૦૨૫માં ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર તેના બાંદ્રાના નિવાસસ્થાને ચાકુથી હુમલો કરવા બદલ ધરપકડ કરાયેલા બાંગ્લાદેશી નાગરિક એવા આરોપીએ કોર્ટમાં અરજી કરી હતી અને આરોપ સ્વીકારવાની તૈયારી દાખવી હતી.

ઘટનાના બે દિવસ બાદ આરોપી મોહંમદ શરીફુલ ઇસ્લામની ધરપકડ કરવામાં આવી હતી અને હાલ તે જુડિશિયલ કસ્ટડીમાં છે.

આરોપીએ આરોપ સ્વીકારવાની તૈયારી દર્શાવતી અરજી કોર્ટમાં કરી હતી અને કોર્ટ પાસે દયાની માગણી કરી હતી, એમ તેના વકીલ વિપુલ દુશિંગે જણાવ્યું હતું.

કોર્ટે તપાસકર્તા પક્ષને પોતાનો જવાબ નોંધાવવાનું કહ્યું હતું અને સુનાવણી ૧૧ સપ્ટેમ્બર સુધી મોકૂફ

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રના ૨૯૦ પ્રવાસી નેપાળમાં ફસાયા, પરંતુ સુરક્ષિતઃ ૧૦૫ ટૂંક સમયમાં ભારત પાછા ફરશે
### નેપાળમાં એક જ ટ્રાવેલ એજન્સી સાથે ફરવા ગયેલા મહારાષ્ટ્રના ૬૦ પ્રવાસી હજુ સંપર્કવિહોણા

મુંબઈઃ નેપાળમાં આવેલા વિનાશક જળપ્રલય બાદ ત્યાં ફસાયેલા મહારાષ્ટ્રના પ્રવાસીઓની સુરક્ષાને લઈને તેમના પરિવારજનોની ચિંતા વધી છે. રાજ્યના કુલ ૩૯૫ લોકો નેપાળમાં ફસાયા હોવાની માહિતી સામે આવી છે. તેમાંથી ૨૯૦ લોકો સાથે રાજ્યના કંટ્રોલ રૂમે સંપર્ક સ્થાપિત કરવામાં સફળતા મેળવી છે અને તેઓ સુરક્ષિત હોવાની પુષ્ટિ થઈ છે, જ્યારે ૧૦૫ લોકો ટૂંક સમયમાં ભારત પાછા ફરશે. બીજી તરફ, મુંબઈની રિચા ટ્રાવેલ એજન્સી મારફતે નેપાળના પ્રવાસે ગયેલા મહારાષ્ટ્રના ૬૦ પ્રવાસીઓનો હજુ સુધી કોઈ સંપર્ક થઈ શક્યો નથી.તેથી તેમના પરિવારજનોના

(જુઓ પાનું ૪) ▸▸

# ફોન પર પેટ્રોલ બૉમ્બનો ટ્યુટોરિયલ વીડિયો રાખવો ગુનો નથી
### હાઈ કોર્ટે આરોપીને જામીન આપ્યા

મુંબઈઃ બૉમ્બે હાઈ કોર્ટે પ્રતિબંધિત પોપ્યુલર ફ્રન્ટ ઑફ ઈન્ડિયા (પીએફઆઈ)ના એક કથિત સભ્યની વિરુદ્ધ સાક્ષીઓનાં નિવેદનોને નુકસાન નહીં પહોંચાડનારા ગણાવી તેમને જામીન આપી ચુકાદો આપ્યો છે કે ફોન પર ફક્ત પેટ્રોલ બૉમ્બનો ટ્યુટોરિયલ વીડિયો રાખવો ગુનો નથી.

ન્યાયમૂર્તિ સારંગ કોટવાલ અને ન્યાયમૂર્તિ રણજીતસિંહ રાજા ભોસલેની ખંડપીઠે નોંધ્યું હતું કે ખટલો હજી લાંબો

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રને સથવારે ૧૦૬મી પ્રસ્તુતિ
આઠમની અધરાતે કાનો જનમિયો-એની ઉજવણીનાં લોકગીતોની રમઝટ
ગોકુળિયાનાં ગાણાં
અરવિંદ બારોટ (અમદાવાદ)
સાથે
ખ્યાતિ રાંભિયા, મંજુ પારસિયા
સંયોજન: ઉદયન ઠક્કર - નિરંજન મહેતા
આયોજન: અજિંક્ય સંપટ
કાલે(રવિ) સવારે ૧૦.૩૦ ભવન ચોપાટી
₹૩૦૦,૨૦૦,૧૦૦ (બુ.૯-૧૨,૪-૭)
ફોન 23698085, 9372052808

# મુંબઈગરાઓ માટે સપ્ટેમ્બર મહિનો મોંઘવારી લાવશે
## કાંદા, સાકર અને દૂધના ભાવ બાદ ઓટો- ટેક્સીનું ભાડું પણ વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈરાન-અમેરિકા યુદ્ધ પછી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં નિરંતર વધારો થઈ રહ્યો છે, ત્યારે આગામી મહિનાથી મુંબઈગરા પર ઓટો-ટૅક્સીના ભાડામાં વધારો થશે. એટલું જ નહીં, દૂધના ભાવ વધારાને કારણે આમજનતાના ખિસ્સા પર ડબલ ભારણ વધશે, જેનાથી મુંબઈગરાની મુશ્કેલીઓ વધશે.

સપ્ટેમ્બર મહિનો શરૂ થતાં એક તરફ દૂધના ભાવમાં વધારો થવાની ચર્ચા છે, ત્યારે હવે બીજી તરફ મુંબઈમાં દૈનિક મુસાફરી પણ મોંઘી બનવાના સંકેતો મળી રહ્યા છે. ઓટો રિક્ષા અને ટૅક્સીના ભાડામાં વધારો થવાથી રોજિંદો પ્રવાસ કરતા સામાન્ય મુંબઈગરાના બજેટ પર સીધી અસર પડશે, જ્યારે કાંદા-લસણ સહિત શાકભાજીના ભાવ પણ આસમાને પહોંચી રહ્યા છે.

ઇંધણમાં ખાસ કરીને સીએનજીના વધતા ભાવ તેમજ વાહનોની જાળવણીનો ખર્ચ વધવાને કારણે ઓટો રિક્ષા અને ટૅક્સીના ભાડામાં સુધારો કરવામાં આવી રહ્યો છે. નવા દર મુજબ શરૂઆતના લઘુતમ

(જુઓ પાનું ૪) ▸▸

# સાયબર ફ્રોડના કેસોમાં બૅન્ક ખાતાનો ઉપયોગ થયાની જાણકારી મળતાં મહિલાનો આપઘાત

થાણેઃ દેશભરમાં સાયબર ફ્રોડના અનેક કેસોમાં પોતાના બૅન્ક ખાતાનો કથિત રીતે ઉપયોગ થયો હોવાની જાણ થતાં ચિંતામાં સરી પડેલી મહિલાએ આપઘાત કર્યો હોવાની ઘટના થાણે જિલ્લાના ડોમ્બિવલી ખાતે બની હતી.

પોલીસના જણાવ્યા મૃજબ મૃતકની ઓળખ દેવિકા અર્મુગમ પંડારામ (૩૮) તરીકે થઈ હતી. ડોમ્બિવલી પૂર્વની સાંઈરામ સોસાયટીમાં રહેતી દેવિકાએ બ્લેકથી કાંડાની નસ કાપી પોતાનું ગળું ચીર્યું હતું. રાજસ્થાનના ચુરુ સાયબર સેલ પોલીસ સ્ટેશનના અધિકારી આઠમી ઑગસ્ટે દેવિકાના ઘરે

(જુઓ પાનું ૪) ▸▸















# પ્રાથમિક મતદાર યાદી ૩૧ ઑગસ્ટે જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મતદાર યાદીની ફેરચકાસણીના કામને વેગ મળ્યો હોવાથી હવે ૩૧ ઑગસ્ટે પ્રાથમિક મતદાર યાદી અને ચોથી નવેમ્બરે અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવશે, એવું મુંબઈ મહાનગરપાલિકા દ્વારા જણાવાયું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ ચૂંટણી પંચ પાસેથી મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) કામગીરી સંદર્ભેનું નવું સમયપત્રક પ્રાપ્ત થયું હતું, જે અનુસાર સોમવારે પ્રાથમિક મતદાર યાદી જાહેર કરવામાં આવશે. આ યાદી જાહેર થયા પછી ૩૦

(જુઓ પાનું ૪) ▸▸

# ઝેરોક્સની દુકાને હજારો એસઆઈઆર ફૉર્મ્સ મળ્યાંઃ સેના-ભાજપના કાર્યકરો બાખડ્યા

થાણેઃ નવી મુંબઈના ખારઘર વિસ્તારમાં આવેલી ઝેરોક્સની દુકાનેથી હજારો એસઆઈઆર ફૉર્મ્સ પ્રિન્ટ કરેલાં મળી આવ્યાં હતાં. આ મુદ્દે શિવ સેના (યુબીટી) અને ભાજપના કાર્યકરો બાખડી પડતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારે બની હતી. ઠાકરે જૂથના કાર્યકરોએ દાવો કર્યો હતો કે ભાજપની યુવા પાંખનો એક પદાધિકારી ઝેરોક્સની દુકાનમાં કથિત એસઆઈઆર ફૉર્મ્સની ફોટોકૉપી કઢાવતો હતો ત્યારે તેને પકડી પાડવામાં આવ્યો હતો.

(જુઓ પાનું ૪) ▸▸

# મતદાર યાદીમાં ‘ખામી’ને બહાને બે સિનિયર સિટીઝન પાસેથી ૧૬ લાખ રૂપિયા પડાવ્યા

થાણેઃ મતદાર યાદીમાં ‘ખામી’ હોવાનું કહીને ચૂંટણી અધિકારીના સ્વાંગમાં બે સિનિયર સિટીઝન પાસેથી આશરે ૧૬ લાખ રૂપિયા પડાવવાની સાયબર ફ્રોડની બે ઘટના થાણે પોલીસમાં નોંધાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ બન્ને એફઆઈઆર ચિતળસર પોલીસ સ્ટેશનમાં નોંધાયા હતા. પહેલા કેસમાં ૧૮ ઑગસ્ટે ૭૧ વર્ષના ફરિયાદીને કૉલ આવ્યો હતો. કૉલ કરનારા શખસે પોતાની ઓળખ ચૂંટણી અધિકારી તરીકે આપી હતી. ફરિયાદીના પિતાના નામમાં ‘ભૂલ’ હોવાનો દાવો કરીને આરોપીએ ઑનલાઈન વૉટર

(જુઓ પાનું ૪) ▸▸






"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યુ છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.